નારી
આંદોલનનો
ઇતિહાસ
ભાગ ૧

# સ્ત્રી જીવન સંઘર્ષ:
# પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ



નારી આંદોલનનો ઇતિહાસ

**ભાગ ૧**

# સ્ત્રી જીવન સંઘર્ષઃ પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ


उन्नति

sahiyar

પ્રસ્તુતિ : ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન અને સહિયર (સ્ત્રી સંગઠન), ૨૦૦૯

પ્રથમ આવૃત્તિ : ૭૫૦ નકલ, ૨૦૦૯

આ પુસ્તિકાના લખાણનો જન શિક્ષણ માટે બિન-વ્યાપારી ધોરણે ઉપયોગ કરવા સૌને આમંત્રણ છે. આવો ઉપયોગ કરતી વખતે લેખિકા તેમ જ પ્રકાશકોની નોંધ લેવી તેમ જ અમને ઉપયોગ કર્યા અંગે જાણ કરવી જરૂરી છે.

લેખિકા : ડૉ. તૃપ્તિ શાહ, સહિયર (સ્ત્રી સંગઠન) વડોદરા

પ્રકાશક : ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન અને સહિયર (સ્ત્રી સંગઠન)

પ્રાપ્તિસ્થાન :

**ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન**
જી-૧/૨૦૦, આઝાદ સોસાયટી
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોનઃ ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬
ઈ-મેલઃ sie@unnati.org

**સહિયર (સ્ત્રી સંગઠન)**
જી-૩, શિવાંજલિ ફ્લેટ્સ, જાધવ અમીશ્રદ્ધા સોસાયટી પાસે
નવજીવન, આજવા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯
ફોનઃ ૦૨૬૫-૨૫૧૩૪૮૨
ઈ-મેલઃ sahiyar@gmail.com

ડીઝાઈન અને કલા નિર્દેશન : તરૂણ દીપ ગિરધર, અમદાવાદ

ચિત્રાંકન : કવિતા અરવિંદ, ચિડિયા ઉડ, બેંગાલુરુ

લે-આઉટ : રમેશ પટેલ અને હિતેશ ગોળકિયા

મુદ્રણ : બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ ૦૭૯-૨૬૪૪૧૯૬૭

*અસ્વીકારઃ*
*આ પુસ્તિકા મુખ્યત્વે પાયાના ક્ષેત્રીય કાર્યકરોની જેન્ડર, પિતૃસત્તાક સમાજવ્યવસ્થા, સ્ત્રીઓના ઊતરતા સ્થાનનાં ઐતિહાસિક મૂળ તેમ જ સમતાપૂર્ણ વિકાસ માટે મહિલા સશક્તિકરણની જરૂરિયાતને લગતી વિભાવનાઓ અંગે સમજ વધારવાના આશયથી તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકામાં મહિલા મંડળની ચર્ચામાં ભાગ લેતાં તમામ પાત્રો કાલ્પનિક છે અને કોઈ પણ જીવંત કે ઐતિહાસિક પાત્ર સાથે તેમની સમાનતા આકસ્મિક છે. કોઈ પ્રસંગે ઐતિહાસિક કે તાજેતરમાં બનેલા બનાવો સાથે તેમના અનુભવોને સાંકળ્યા હોય તો તે માત્ર મુદ્દાઓ તેમ જ વિભાવનાઓને સ્પષ્ટ કરવાના આશયથી જ કરવામાં આવ્યો છે. આ પુસ્તિકાનો ઉપયોગ કરનાર વ્યક્તિ આ સાહિત્યનો ઉપયોગ સમુદાયમાંથી મેળવેલી પોતાની હાલની જાણકારી સાથે ઉમેરીને તેમ જ વધારે માહિતીની જરૂર પડે તો વિશેષજ્ઞો પાસેથી તેમ જ સંદર્ભ સાહિત્યમાંથી મેળવીને તેની સાથે ઉપયોગ કરી શકે છે. આ કોઈ કાયદાકીય સાહિત્ય નથી અને આનો ઉપયોગ વ્યાપારી હેતુથી કરવો નહીં.*

# પ્રવેશક - આવકાર

નારી આંદોલનના ઈતિહાસ અને વર્તમાનના પડકારો આલેખતી પુસ્તિકા શ્રેણીને આવકાર આપતાં અત્યંત હર્ષ અનુભવું છું. પુસ્તિકના પ્રકાશનમાં વિકાસ માટેના શિક્ષણ માટે જાણીતી સંસ્થા ‘ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન’ અને ‘સહિયર’નો આ સહિયારો પ્રયાસ પ્રશંસનીય છે.

તૃપ્તિ શાહ ગુજરાતમાં તેમ જ ગુજરાત બહાર પીડિત વર્ગોના આંદોલન ક્ષેત્રે સક્રિય કડખેડ કાર્યકર્તાના રૂપમાં જરા પણ અજાણ્યાં નથી, બલકે એક ઈનસાઈડરના રૂપે મહિલા આંદોલનનું આલેખન તૃપ્તિ શાહ દ્વારા થયું છે તેની સવિશેષ નોંધ લેવી મને જરૂરી લાગે છે.

ભારતમાં નારી આંદોલનના ઈતિહાસનાં આલેખનો સ્ત્રી અભ્યાસમાં મહત્ત્વના અંશ રૂપે થયાં છે. ઉપરાંત, નારી જૂથોની વિવિધ મુદ્દાઓ ઉપર લડત અને અનેકવિધ સ્વરૂપે પ્રતિક્રિયાનાં આલેખનો પણ ઉપલબ્ધ છે. અભ્યાસીઓએ પશ્ચિમના નારી આંદોલનની પ્રક્રિયાની ભારતીય નારી આંદોલન સાથે તુલના પણ કરી છે. આમ છતાં પ્રસ્તુત પુસ્તિકા શ્રેણીની સવિશેષ ઉપયુક્તતાનો ટૂંકમાં નિર્દેશ કરું છું.

સમાજ પરિવર્તન માટે તેમ જ નારી સમાનતા અને સ્વતંત્રતા માટે મથતા તમામ મૂળસોતા કાર્યકર્તાઓ તેમ જ અભ્યાસીઓ માટે સ્ત્રીઓના ઉતરતા સ્થાન, પિતૃસત્તાનું માળખું તેમ જ મૂલ્ય વ્યવસ્થા અને સ્ત્રી મુક્તિ માટેના પડકારો ઝીલતા પ્રયાસો સમજવા અત્યંત આવશ્યક છે. નારી આંદોલનમાં માત્ર શૌર્ય, ઉત્સાહ કે શહાદત પૂરતાં નથી. નારી આંદોલન માત્ર કોઈ મુદ્દા ઉપર આધારિત પડકાર નથી, બલકે સમગ્ર પિતૃસત્તાક વ્યવસ્થા તેમ જ સામાજિક - આર્થિક માળખાને પડકારે છે. ઉપરાંત, નારીનું દમન - શોષણ - ઉપેક્ષા કોઈ એક વિશિષ્ટ પ્રસંગે કે વિશિષ્ટ માળખા દ્વારા નથી થતા પરંતુ સમાજનાં મૂળમાં રહેલાં છે, અને સર્વતોમુખી છે. આથી આ પકડને સમજવી તેમ જ પડકારવી આવશ્યક બને છે.

સાંપ્રત સમાજમાં વિવિધ ક્ષેત્ર - સુસ્વાસ્થ્ય - પર્યાવરણ રક્ષણ - માનવ હક્કની રક્ષા - દલિત, પીડિત વર્ગોની સમસ્યાઓ વગેરે મુદ્દાઓનાં કાર્યોમાં સ્થાપિત વર્ગ વિરુદ્ધ અનેક બિન-સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકર્તાઓ ખૂંપેલા છે. પ્રત્યેક સ્તરે લડત અને પડકાર અનિવાર્ય હોય છે. આ સંદર્ભમાં અન્ય કાર્યકર્તાઓને પણ નારી આંદોલનનાં વિવિધ સ્વરૂપો, અનેકવિધ રણનીતિઓ તેમ જ તેમાં સંકળાયેલ વારાખેરાની જાણ આવશ્યક છે. મારું માનવું છે કે આ પુસ્તક શ્રેણી અન્ય મૂળસોતા કાર્યકરોને પણ માર્ગદર્શક બનશે.

કોઈ પણ મુદ્દાને કે પ્રસંગને અનુરૂપ પ્રતિકાર સમયે તાત્કાલિક સમજણ આવશ્યક છે, પરંતુ મૂળસોતા કાર્યકરો જ્યારે સમાજને પાયામાંથી બદલવાની કોશિશ કરતા હોય ત્યારે તેની વિવિધ આંટીઘૂંટીઓ સમજવાની અત્યંત આવશ્યકતા છે. ઉપરાંત, આવા કોઈ પણ પ્રતિકાર સાથે અનિવાર્ય રીતે સંકળાયેલ હતાશા - નિરાશા - પીછેહઠ સમજવામાં ઉપયોગી બને છે.

કોઈ પણ આંદોલનના આલેખનમાં પૂર્વભૂમિકાનું મહત્ત્વ છે. ઉપરાંત, કેટલીક મૂળભૂત વિભાવનાઓ સમજવી જરૂરી બને છે. વળી આ વિભાવનાઓનું સમાજનાં માળખાં તેમ જ મૂલ્ય વ્યવસ્થા સાથે જોડાણ અંગેની સ્પષ્ટતા આંદોલનનાં વિવિધ આવિર્ભાવો અંગે સૂચન કરી શકે. પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાનાં ભૂતકાળની સમજણ વર્તમાનને ઓળખવા માટે અત્યંત આવશ્યક છે. ભારતીય સમાજનો ઈતિહાસ સૈકાઓ પુરાણો છે. ભારતીય સમાજ સમરૂપ નથી પરંતુ ભાતીગળ છે. જ્ઞાતિ, વર્ગ, ભાષા, જાતિ, લિંગ એવા વિવિધ સ્તરે વહેંચાયેલો છે. વૈશ્વિક સ્તરના સંદર્ભમાં ભારતીય આંદોલનની સમજણ ઘટનાઓની સમાનતા અને વૈવિધ્યનો પરિચય કરાવે છે. વિશેષતઃ કાર્યકર્તાઓમાં આવશ્યક એવી વિશાળ દૃષ્ટિ આપી શકે.

ટૂંકમાં, પ્રસ્તુત પુસ્તક શ્રેણી નારી આંદોલનની ઐતિહાસિક, પાર્શ્વભૂમિ, આંતરરાષ્ટ્રીય ફલક, વર્તમાન આંદોલન ક્ષેત્રે મુદ્દાઓ તેમ જ પડકારો સમજવા માટે સક્રિય કાર્યકર્તાઓને તેમ જ અભ્યાસુઓને ઉપયોગી થશે એવી મારી ધારણા છે. ઉપરાંત, પુસ્તક શ્રેણીમાં સરળ ભાષા, લોકગીતો, વ્યક્તિચિત્રો વગેરેનો ઉપયોગ મૂળસોતા કાર્યકરોને છેવાડાની બહેનોને આંદોલનની આવશ્યકતાઓ સમજવામાં સહાયરૂપ થઈ શકશે.

સ્વાતંત્ર્યની ચળવળ દરમ્યાન તેમ જ સામ્યવાદી આંદોલનના સમય દરમ્યાન કાર્યકર્તાઓની સજ્જતારૂપે અભ્યાસ જૂથો (સ્ટડી સર્કલ)ની મહત્તા સમજાઈ હતી. આથી જ કાર્યકર્તાઓમાં માંહોમાંહે આંદોલનના વિવિધ તબક્કાઓ તેમ જ મુદ્દાઓ અંગે વ્યવસ્થિત સુપેરે વિશ્લેષણ કરતો માહોલ હતો. તેને ફરીથી સજીવ કરવાની આવશ્યકતા જણાય છે. તેના સંદર્ભમાં પ્રસ્તુત પુસ્તિકા શ્રેણી જેવા પ્રયોગો સહાયભૂત થઈ શકે.

ફરીથી ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠનને તેમ જ તૃપ્તિ શાહને અને 'સહિયર'ને આ સાહસ ખેડવા માટે અભિનંદન.

નીરા દેસાઈ
જાન્યુઆરી-૨૦૦૯

ડૉ. નીરા દેસાઈ ભારતમાં નારી અભ્યાસ અને સંશોધનનો પાયો નાંખનારાઓમાંના એક છે. જ્યારે સ્ત્રીઓના પ્રશ્નો અંગે ભાગ્યે જ કોઈ સંશોધનો થતાં હતાં ત્યારે ૧૯૫૭માં તેમણે 'ભારતીય સમાજમાં સ્ત્રી જીવન' નામે સંશોધન પુસ્તક લખ્યું. તેઓ ભારતના પ્રથમ નારી અભ્યાસ કેન્દ્ર, એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈના સ્થાપક ડાયરેક્ટર હતા. સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો અને નારી આંદોલન ઉપર અનેક મહત્ત્વનાં સંશોધનો અને લખાણો ગુજરાતી તેમ જ અંગ્રેજીમાં પ્રકાશિત કર્યાં છે.

ડૉ. નીરા દેસાઈની વિશેષતા એ છે કે તેઓ માત્ર અભ્યાસુ જ નથી પરંતુ ભારતના નારી આંદોલનની શરૂઆતથી જ તેની સાથે સંકળાયેલાં સક્રિય ટેકેદાર છે.



## અનુક્રમણિકા


ઋણ સ્વીકાર ૮

પૂર્વભૂમિકા અને પરિચય ૯

પુસ્તિકા શ્રેણીનો ઉપયોગ ૧૬

**સ્ત્રીની જાત અને પુરુષની જાત...** **૨૦**

**સામાજિક ભેદભાવોને સ્ત્રીઓનો પડકારઃ પ્રાચીન યુગ** **૩૦**

**પિતૃસત્તા અને જ્ઞાતિ પ્રથા - મનુસ્મૃતિનો સમય** **૪૦**

**બ્રાહ્મણવાદી વર્ચસ્વ સામે બૌદ્ધ ધર્મ અને ભક્તિ ચળવળ** **૪૮**

**ભક્ત સ્ત્રીઓના સંઘર્ષ અને વ્યક્તિગત સંઘર્ષની મર્યાદાઓ** **૬૦**

પરિશિષ્ટઃ

પિતૃસત્તા કે પુરુષોના આધિપત્યવાળી સમાજવ્યવસ્થા ૭૦

વધુ વાંચન માટેના પુસ્તકોની યાદી ૭૬

# ઋણ સ્વીકાર

અમે હૃદયપૂર્વક આભારી છીએ, ઉન્નતિના સ્થાપક ડાયરેક્ટર શ્રી બિનોય આચાર્ય કે જેમણે નારી આંદોલનના ઈતિહાસની પુસ્તિકાઓ પાયાના કાર્યકરો માટે તૈયાર કરવાનું સૌ પ્રથમ સૂચન કર્યું અને તે માટે સતત તમામ પ્રકારનું પ્રોત્સાહન પૂરું પાડ્યું.

પુસ્તિકાઓ તૈયાર કરવામાં ઉન્નતિ તેમ જ સહિયરના સાથીઓનો સહકાર, ઝેરોક્ષ કરવાથી માંડીને, પોસ્ટ કરવું, સંદર્ભ સાહિત્ય શોધી કાઢવું, ચા-પાણી તૈયાર કરવામાં એમ તમામ પ્રકારનાં નાના-મોટાં કામો માટે સહકાર મળ્યો છે જેમાં ઉન્નતિના કમલેશભાઈ રાઠોડ, લક્ષ્મણસિંહ બી. રાઠોડ, લક્ષ્મણસિંહ એસ. રાઠોડ, ભવાનસિંહ એસ. રાઠોડ, સરદારસિંહ રાઠોડ, કરણસિંહ રાઠોડ, રેનીસન એફ. રીબેલો અને બીનુ જ્યોર્જ તથા સહિયરમાંથી કમલ ઠક્કરનો સમાવેશ થાય છે.

એકાઉન્ટ ટીમનાં પ્રેયષ મેવાડા, ધર્મિષ્ઠા હલપતિ અને બીપીન ત્રિપાઠીએ હિસાબો તેમ જ નાણાકીય પાસાંનું ધ્યાન રાખ્યું છે.

થાક્યા વગર વારંવાર સુધારા-વધારાઓ ટાઈપ કરવા માટે ઉન્નતિના રમેશ પટેલ, હિતેશ ગોળકિયા અને સહિયરના રેશ્મા વોરાની મદદ મળી છે અને ભાષાકીય સુધારા-વધારા માટે હેમંત શાહના આભારી છીએ.

એક પછી એક કાચા ખરડાઓ વાંચીને સુધારા-વધારા અંગેનાં સૂચનો કરવાનું અને 'આ ખરેખર ઉપયોગી લખાણ છે' એમ ખાતરી આપી કામ જલદી પૂરું કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવા માટે સહિયરનાં રેશ્મા વોરા, કમલ ઠાકર, સુનંદા તાયડે, રીના જગતાપ, હેતલ પરમાર, રીટા ચોક્સી, સૂર્યકાંતા શાહ, દીપાલી ઘેલાણી, પ્રિયા સંકપાળ, પ્રિતલ ઠાકર, રાધા બાબી, સાજેદા શેખ વગેરેના આભારી છીએ.

અંતમાં પુસ્તિકા માત્ર વિચાર સ્વરૂપે હતી ત્યારથી તેનો પ્રથમ ખરડો તૈયાર થયો ત્યાર સુધી અમને સતત નૈતિક ટેકો અને ટીકાત્મક સૂચનો, માર્ગદર્શન, સાહિત્ય અને સંદર્ભ પૂરા પાડવા બદલ નારી અભ્યાસ અને આંદોલનના અગ્રણી સાથીઓ એવાં નીરાબહેન દેસાઈ, વિભૂતિબહેન પટેલ, સોનલબહેન શુક્લ, ઉષાબહેન ઠક્કર, સોફિયા ખાન, રોહિત પ્રજાપતિ, ફાધર જીમી ડાભી, હસીના ખાન તથા સંધ્યા ગોખલેના હૃદયપૂર્વક આભારી છીએ. આ સૌના યોગદાન વગર આ સ્તરની શ્રેણીનું સર્જન કરવું શક્ય જ ન હતું.

# પૂર્વભૂમિકા અને પરિચય

**આ શ્રેણી શા માટે?**
માનવતા અને સમાનતા પર આધારિત ન્યાયી સમાજના સર્જનની મથામણમાં જો અડધી માનવજાતનું દૃષ્ટિબિંદુ સામેલ ન હોય તો 'નવી દુનિયા'નું, 'બહેતર દુનિયા'નું ચિત્ર અધૂરું જ રહે. છેલ્લા દાયકામાં આ વાતને વધારે ને વધારે સ્વીકૃતિ મળતી ગઈ છે અને માટે જ જુદાં જુદાં ક્ષેત્રોમાં વિકાસ તેમ જ સમાજ પરિવર્તન માટે કામ કરતી સંસ્થાઓ, સંગઠનો અને લોક-આંદોલનોના કાર્યક્રમોમાં સ્ત્રીઓની ભાગીદારી, મહિલા વિકાસ, જેન્ડર, મહિલા સશક્તિકરણ જેવી વિભાવનાઓ પ્રચલિત બનતી ગઈ છે.

સવાલ એ છે કે આ તબક્કે જ સ્ત્રીઓના પ્રશ્નો શા માટે પ્રચલિત બન્યા? શું આ નવા જ ઊભા થયેલા પ્રશ્નો છે કે તેનો કોઈ ઈતિહાસ પણ છે? અને જો ઈતિહાસ છે તો તેને જાણવાની ને સમજવાની જરૂર ખરી?

'ઈતિહાસ' શબ્દ સાંભળીને સામાન્ય રીતે રાજા-મહારાજાઓના સામ્રાજ્યો, અધિકારીઓ, યૌદ્ધાઓ, નેતાઓના પરાક્રમોની સાલવારીનું ચિત્ર જ મનમાં આવે છે કારણ કે આપણી શાળાઓમાં આવો જ ઈતિહાસ આપણને શીખવવામાં આવે છે. તેથી ઈતિહાસ જાણવાની કોઈ જિજ્ઞાસા સામાન્ય માનવીના મનમાં રહેતી નથી. પરંતુ ઈતિહાસ લેખનનો એક મહત્ત્વનો પ્રકાર સામાજિક ઈતિહાસ છે. તેમાં રાજા-મહારાજાઓની નહીં પરંતુ સમાજના જુદા જુદા વર્ગોનાં જીવન, કામ અને સમાજ બદલવાના પ્રયત્નો વગેરેની વાતો પણ હોય છે. આપણી આજના પાયા આપણા ઈતિહાસમાં ખૂંપેલા છે. જો ઈતિહાસને સમજીશું તો જ આવતી કાલના સર્જન માટે અસરકારક કામ કરી શકીશું. જો કે, આવો સામાજિક ઈતિહાસ પણ જો માત્ર His Story (તેની - પુરુષની વાત) બનીને રહી જાય અને તેમાંથી Her Story (તેણીની - સ્ત્રીની વાત) અદૃશ્ય રહે તો ઈતિહાસ અધૂરો છે. માટે જ વિકાસ કે સમાજ પરિવર્તનના કામમાં સંકળાયેલા તમામ કાર્યકરો માટે નારી આંદોલનનો ઈતિહાસ જાણવો, સમજવો જરૂરી બને છે.

નારી આંદોલનનો ઈતિહાસ એટલે માત્ર સ્ત્રીઓનો ઈતિહાસ એવું નથી. કારણ કે નારી આંદોલન સમાજ પરિવર્તનના આંદોલન સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. જ્યારે જ્યારે પણ સમાજમાં મોટી ઘટનાઓ બને છે, ઊથલપાથલો થાય છે ત્યારે તેમાં સ્ત્રીઓની આગવી ભૂમિકા રહેલી હોય છે.

વિશ્વની તમામ મહાન ક્રાંતિઓ અને પરિવર્તનોમાં સ્ત્રીઓની શું ભૂમિકા હતી, શું યોગદાન હતું અને તેના પરિણામે સ્ત્રીઓ શું મેળવી શકી અને શું ના મેળવી શકી તેનો બોધપાઠ આપણી આગામી રણનીતિ નક્કી કરવામાં ઉપયોગી થશે.

**આજના પડકાર અને ઈતિહાસ**

૬૦ના દાયકામાં પશ્ચિમના દેશોમાં શરૂ થયેલા નારીવાદી આંદોલનની સાથે સાથે નારી અભ્યાસનો પણ વિકાસ થયો અને સ્ત્રીઓની પરિસ્થિતિને સમજવા માટેના સિદ્ધાંતોનો પણ વિકાસ થયો. પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાના તાણાવાણા ઉકેલવાની શરૂઆત થઈ. કુદરતદત્ત લિંગ (Sex)ની સામે સ્ત્રી-પુરુષની સમાજપ્રેરિત વ્યાખ્યા, જેન્ડર (Gender)ની સંકલ્પના વિકસી અને આ બધાની અસર યુનાઈટેડ નેશન્સ સહિતની તમામ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પર પડી. તેમના વિકાસ કાર્યક્રમો અને નીતિઓમાં વિશ્વભરમાં પ્રસરી રહેલા નારી આંદોલનના પડઘા ન પડે તે શક્ય જ ન હતું. મેક્સિકો, નૈરોબી અને ત્યાર બાદ બૈજિંગ ખાતે થયેલ યુનોની આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદો પછી આજે મુખ્ય પ્રવાહમાં જેન્ડરની સામેલગીરી 'જેન્ડર મેઈન્સ્ટ્રીમીંટગ'ની વાતો દુનિયાની સરકારો અને બીનસરકારી સંસ્થાઓ સ્વીકારવા માંડી છે.

તેની શરૂઆત ૧૯૭૦માં ઈસ્ટર બોસરપની ડબલ્યુ.આઈ.ડી. (વિકાસમાં સ્ત્રીઓ)ના નામે પ્રચલિત દૃષ્ટિકોણ દ્વારા થઈ. તેણે સ્ત્રીઓના આર્થિક સહભાગને મુદ્દો બનાવી વિકાસના કાર્યક્રમોમાં સ્ત્રી કઈ રીતે બહાર રહી જાય છે તેની વાત કરી અને સ્ત્રીને વિકાસની પ્રક્રિયામાં સાંકળવાની હિમાયતની શરૂઆત કરી. ત્યાર બાદ ડબલ્યુ.એ.ડી. (વિકાસ અને સ્ત્રીઓ) અને જી.એ.ડી. (જેન્ડર અને વિકાસ) તરીકે પ્રચલિત બનેલા દૃષ્ટિકોણો દ્વારા વિકાસની કહેવાતી મુખ્ય ધારા અને તેની સ્ત્રીઓના સ્થાન પર થતી અસરો તેમ જ સમાજનાં તમામ માળખાંઓનું સ્ત્રી-પુરુષ વચ્ચેના સત્તાના સંબંધોના સંદર્ભમાં સ્ત્રીઓના ઊતરતા સ્થાનનું વિષ્લેષણ કરી તેમાં મૂળભૂત પરિવર્તનની જરૂરિયાત અંગે વાત કરવાની શરૂઆત થઈ. તેના પરિણામરૂપે આજે વિકાસ તેમ જ સમાજ પરિવર્તનનાં તમામ

ક્ષેત્રોમાં સ્ત્રીઓની પરિસ્થિતિ (કન્ડિશન) અને સ્ત્રીઓનું સ્થાન (પોઝિશન) અંગેના પ્રશ્નો સામેલ થવા માંડ્યા છે.

ભારતની વાત કરીએ તો ૭૦ના દાયકામાં કેટલાક નાનાં નાનાં સ્વાયત્ત જૂથોએ બળાત્કાર, દહેજ, સ્ત્રીઓ પરની હિંસા, કૌટુમ્બિક કાયદાઓ જેવા મુદ્દાઓથી માંડીને સમાજના બહોળા સમૂહને સ્પર્શતા તમામ મુદ્દાઓમાં સામેલગીરી નોંધાવી ત્યારથી શરૂ કરી ત્યારથી આજ સુધીની વર્ષો દરમ્યાન નારી આંદોલનનો વ્યાપ અને અસર વધ્યા છે. તેમાં જુદા જુદા વર્ગ, જ્ઞાતિ, ધર્મ, યૌનિક અભિરુચિ, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને ભાષાની પૃષ્ઠભૂમિ ધરાવતા કાર્યકરો અને વિવિધ પ્રકારના માળખા ધરાવતા મહિલા સમૂહો, બચત જૂથો, લોક સંગઠનો વગેરે સહભાગી બન્યાં છે. ભારતનાં અને દુનિયાનાં નારી આંદોલનોના સતત પ્રયત્નોને પરિણામે એવું વાતાવરણ ઊભું થયું છે કે જેમાં કોઈ પણ રાજકીય પક્ષો, સરકારો, ફંડિંગ એજન્સીઓ, વિકાસના કામ કરતા બિન-સરકારી સંગઠનો કે જન-આંદોલનો માટે સ્ત્રીઓના મુદ્દાઓને બાજુ પર રાખવાનું અશક્ય બની ગયું છે. આને વિશ્વના અને ભારતનાં નારી આંદોલનોની એક સફળતા કહી શકાય.

તો બીજી બાજુ સમાજના પુરુષ પ્રધાન-પિતૃસત્તાક માળખાના સાથે વૈશ્વિકરણ, ઉદારીકરણ, ધર્માંધતા, કોમવાદ અને જ્ઞાતિવાદ જેવા પ્રશ્નોના તાણાંવાણાં એટલા બધા મજબૂત રીતે ગૂંથાતા જાય છે કે જેને કારણે સ્ત્રીઓના પ્રશ્નોની જટિલતા પણ વધી ગઈ છે.

એક બાજુ પુરુષોની જાગીર મનાતા વ્યવસાયો કે વિદ્યાશાખાઓમાં સફળતાનાં સોપાનો સર કરતી સ્ત્રીઓના સબળ વ્યક્તિત્વની તસ્વીરો જોવા મળે છે તો બીજી બાજુ દીકરીઓની ઘટતી જતી સંખ્યા, દહેજ અને સતી જેવા પ્રશ્નો નવા સ્વરૂપે માથું ઊંચકી રહ્યા છે તેથી સ્ત્રીઓના અસ્તિત્વ પર જ ખતરો મંડરાતો લાગે છે.

સમલિંગી સંબંધો કે અલગ પ્રકારની જાતીયતા ધરાવતા લોકોના, વેશ્યા વ્યવસાયમાં રોકાયેલી સ્ત્રીઓનાં સંગઠનો દ્વારા આ પ્રતિબંધિત મનાતા વિષયોની જાહેર ચર્ચા અને વિરોધ પ્રદર્શનોને સ્વીકૃતિ મળતી દેખાય છે તો સાથે સાથે યુગો જૂની કૌટુમ્બિક હિંસાનાં પ્રકાર અને પ્રમાણ વધતું લાગે છે.

વિકાસ નીતિના પરિણામે સમાજના સીમાન્ત જૂથો અને સ્ત્રીઓ વધારે ને વધારે હાંસિયામાં ધકેલાઈ રહ્યાં છે. તેની સામે આદિવાસી, દલિત, દરિયાકાંઠાના સમુદાયો, લઘુમતીઓ વગેરે એ જીવનનિર્વાહ, કુદરતી સંસાધનો પર અંકુશ, હિંસા અને માળખાના મુદ્દાઓને લઈને સતત ઝુંબેશ ચલાવી રહ્યા છે. જેમ જેમ સમાજનાં સીમાન્ત જૂથોની લડતો આગળ વધતી ગઈ છે તેમ તેમ તેમાં સ્ત્રીઓની સામેલગીરી જ નહીં નેતાગીરી પણ આગળ વધતી જોવા મળે છે. પોતાના કાર્યક્ષેત્રમાં સફળ સંઘર્ષનાં અનેક ઉદાહરણોની પ્રેરણાદાયી વાતો બહાર આવતી જાય છે. તો ક્યારેક વૈશ્વિકરણ, ધર્માંધતા, કોમવાદ, જ્ઞાતિવાદના તાણાવાણાથી રસાયેલી પિતૃસત્તા સામેના સંઘર્ષમાં બે ડગલાં આગળ ને ચાર ડગલાં પાછળ જેવી પરિસ્થિતિનો અનુભવ થાય છે. તેના પ્રતિબિંબરૂપે તાલીમ કાર્યક્રમો, સંકલનોની મીટિંગો અને પાયાના કાર્યકરો સાથેના સંવાદમાં, 'હવે પછી શું?' કે 'આગળ કઈ રીતે વધવું?' જેવા પ્રશ્નો વારંવાર ઉદ્ભવે છે.

આ તબક્કે અનેક કાર્યકરોનો અનુભવ દર્શાવે છે કે માથું ઉંચકી રહેલા કેટલાય સવાલોની જટિલતા સમજવાની એંધાણી આપણા સંઘર્ષના ઈતિહાસમાંથી મળી શકે તેમ છે. તો સાથે સાથે પ્રેરણા મળે તેવાં પાત્રો અને ઘટનાઓની પણ ખોટ નથી. સફળતા ઝાંઝવાનાં જળ જેવી લાગતી હોય ત્યારે નિરાશાથી બચવાનો રસ્તો અને પ્રશ્નો સામે ટક્કર ઝીલવાનો આત્મવિશ્વાસ ઈતિહાસના અભ્યાસથી જન્મે છે. ઉપરાંત સમાજની દશા અને સમાજ પરિવર્તનની દિશા સમજવાની સૈદ્ધાંતિક સ્પષ્ટતા કેળવાય છે. 'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન' તેમ જ 'સહિયર' (સ્ત્રી સંગઠન) સાથે મળી આ પુસ્તિકા શ્રેણીનું પ્રકાશન પાયાના કાર્યકરોને આ ભાથું સરળ ભાષામાં પૂરું પડે તે આશયથી કરી રહ્યા છીએ.

**વિચારબીજ અને પ્રક્રિયા**

આ સંયુક્ત પ્રકાશનનું વિચારબીજ ૨૦૦૪માં રોપાયું હતું. જેન્ડર સેન્સિટાઈઝેશનના આશયથી થતા ઘણા બધા તાલીમ કાર્યક્રમોમાં નારી આંદોલનના ઈતિહાસનો વિષય ભાગ્યે જ દેખાય છે. આવા માહોલમાં ૨૦૦૪માં અમદાવાદ ખાતે યોજાયેલ જેન્ડર મેઈનસ્ટ્રીમિંગ માટેની તાલીમ આપનારાઓની તાલીમ ટી.ઓ.ટી. (TOT) માટેના કાર્યક્રમમાં 'ઉન્નતિ'ના સ્થાપક ડાયરેક્ટર શ્રી બિનોય આચાર્યના આગ્રહથી એક સેશન નારી આંદોલન અંગે રાખવામાં આવ્યું હતું. 'સહિયર'નાં તૃપ્તિ શાહ દ્વારા વિષયની રજૂઆત કરવામાં આવી ત્યારે આ વિષય પરના તાલીમાર્થીઓ માટે ઉપયોગી થાય તેવા સાહિત્યની જરૂરિયાત મહેસૂસ

થઈ. ફેબ્રુઆરી ૨૦૦૭માં ગુજરાતનાં વિવિધ સંગઠનોના પાયાના કાર્યકરો વચ્ચે ગુજરાતના નારી આંદોલનના 'ક્ષેત્રીય અનુભવો, નારીવાદી વિચારધારા અને આગામી રણનીતિઓ' અંગે યોજાયેલ પરિસંવાદ દરમ્યાન પણ આવા સાહિત્યની જરૂરિયાત વર્તાઈ હતી.

નારી આંદોલનનો ઈતિહાસ દર્શાવતાં પણ અભ્યાસપૂર્ણ પુસ્તકો અંગ્રેજી ભાષામાં લખાયાં છે અને સ્થાનિક ભાષાઓમાં પણ આ પહેલાં કેટલાંક મહત્ત્વનાં પ્રકાશનો થયાં છે. પરંતુ પાયાના કાર્યકરો સમજી શકે અને બીજાને સમજાવવામાં ઉપયોગ કરી શકે તેવા સાહિત્યની ખોટ સતત વર્તાતી હતી. પરંતુ અન્ય કામોના દબાણને કારણે તે કામ હાથ પર લઈ શકાતું નહોતું.

જુન ૨૦૦૭માં ફરી એક વાર 'ઉન્નતિ' તરફથી પહેલ કરવામાં આવી અને દીપા સોનપાલ, ગીતા શર્મા તેમ જ તૃપ્તિ શાહે આ દિશામાં તાત્કાલિક નક્કર પગલાં ભરવા અંગે ચર્ચા કરી. શરૂઆતમાં ૭૦થી ૮૦ પાનાંની એક સચિત્ર પુસ્તિકા તૈયાર કરવાનો ખ્યાલ હતો પણ જેમ જેમ પુસ્તિકામાં શેનો સમાવેશ કરવો તેનો વિચાર કરતા ગયા અને અન્ય મિત્રો, મુરબ્બીઓ સાથે ચર્ચા કરતા ગયા તેમ તેમ કાળ અને સ્થળનો વ્યાપ, મુદ્દાઓ, વિગતો, વિશ્લેષણ વગેરે તમામ ઉમેરવું જરૂરી લાગ્યું. એકાદ બે મહિનામાં પૂરી કરવા ધારેલી પુસ્તિકા તૃપ્તિ શાહની નાદુરસ્ત તબિયત અને અનેક રોજિંદાં કામોની વચ્ચે એક વર્ષ કરતાં પણ વધારે સમયમાં ટુકડે ટુકડે લખાઈ. આ દરમ્યાન 'ઉન્નતિ'ના તમામ મિત્રોની ધીરજની રીતસરની કસોટી થઈ. પરંતુ સૌના ધીરજપૂર્વકના આગ્રહ અને સતત સહયોગના કારણે આખરે આ કામ પૂરું કરી શક્યા છીએ. આજે આ નાનકડી પુસ્તિકાનો વ્યાપ વધતાં વધતાં ચાર અલગ અલગ પુસ્તિકાની શ્રેણીમાં પરિણમ્યો છે.

**વિષય વસ્તુ અને રજૂઆત**

પ્રથમ ભાગ, **'સ્ત્રી જીવન સંઘર્ષ : પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ'**માં જેન્ડર, પિતૃસત્તા જેવી નારીવાદી વિભાવનાઓ ઉપરાંત પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ સુધીના સમયનો સમાવેશ કર્યો છે. તેમાં ભારતની પિતૃસત્તાનું માળખું કઈ રીતે ઘડાતું ગયું તેની વાત છે. જ્ઞાતિપ્રથા તેમ જ પિતૃસત્તાના તાણાવાણા દ્વારા ઊભી થયેલ બ્રાહ્મણીય પિતૃસત્તાની આછી રૂપરેખા આપેલી છે. હિંદુ ધર્મના બ્રાહ્મણવાદ સામેના પડકાર રૂપે શરૂ થયેલ બૌદ્ધ ધર્મ તેમ જ ભક્તિ ચળવળની વાત અને તેમાં સ્ત્રીઓની ભૂમિકાનો ઉલ્લેખ કરેલો છે. આ સમયે ભારતમાં પ્રસરી રહેલા ઈસ્લામની વાત પણ

કરી છે. ઈસ્લામની પહેલાં અરબસ્તાનમાં પ્રચલિત ધર્મની સરખામણીમાં ઈસ્લામમાં રહેલાં વધુ ઉદારમતવાદી પાસાંઓ આજે વ્યવહારમાં દેખાતાં નથી. આમ પિતૃસત્તા સામેના આ તમામ પ્રયત્નો પોતાના સ્થળ, કાળ અને જે તે સમયની આર્થિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિથી ઘડાયા હતા અને તેથી મર્યાદિત હતા તેની વાત કરે છે.

બીજા ભાગ, **'સ્ત્રી સમાનતા અને મતાધિકારઃ વિશ્વમાં નારી આંદોલન'**માં ૧૯મી સદીમાં, સ્ત્રી સમાનતા અને મતાધિકાર માટે વિશ્વમાં થયેલ સંઘર્ષની વાત છે તો ત્રીજા ભાગ, **'સામાજિક સુધારણા અને સ્વતંત્રતાની ચળવળંમાં સ્ત્રીઓ'**માં આ સમય દરમ્યાન ભારતની સામાજિક સુધારાની અને ત્યારબાદ સ્વતંત્રતાની ચળવળના સમયગાળાનો સમાવેશ કર્યો છે. ચોથા અને આખરી વિભાગ, **'નારી મુક્તિ આંદોલન પ્રશ્નો અને પડકારો'**માં સમકાલીન નારી આંદોલનની પૂર્વભૂમિકા તેની શરૂઆતનો સમય અને તાજેતરના પ્રશ્નો અને પડકારોને સમાવવાની કોશિશ કરી છે.

અત્રે એ સ્પષ્ટતા કરવી રહે કે આ શ્રેણીમાં પ્રાચીન કાળથી આજ સુધીના સમગ્ર ઈતિહાસને તપાસવાનો કોઈ આશય નથી અને જે હેતુથી આ શ્રેણી તૈયાર કરવામાં આવી છે તે માટે તેમ કરવું જરૂરી પણ નથી. આ શ્રેણીનો હેતુ ઉપર જણાવેલ વિસ્તૃત સમય દરમ્યાન ભારત અને વિશ્વમાં પિતૃસત્તાક વ્યવસ્થાના બદલાતા જતા સ્વરૂપ સામે વિવિધ તબક્કે સ્ત્રીઓએ કરેલા વિરોધ અને સંઘર્ષનો ખ્યાલ પાયાના કાર્યકરો સુધી પહોંચાડવાનો છે.

આ આશયથી શ્રેણીના જુદા જુદા ભાગમાં રજૂઆતની પદ્ધતિ અને વિગતોના ઊંડાણમાં થોડી વિવિધતા પણ છે. જેમ કે શ્રેણીની પ્રથમ પુસ્તિકામાં ભાષા અને રજૂઆત શક્ય તેટલી વધારે સરળ રાખવાની કોશિષ કરી છે. બીજા ભાગમાં વિશ્વના નારી આંદોલનની વાત કરતી વખતે તે સમયના યુરોપની આર્થિક અને રાજકીય વ્યવસ્થા વીશેની વિગતો પ્રમાણમાં વધારે ઊંડાણથી આપી છે. કારણ કે આજે આપણે જે લોકશાહી અને સાર્વત્રિક મતાધિકારને સહજ રીતે મૂડીવાદી સમાજની દેણ માનીએ છીએ તે મેળવવા માટે કઈ રીતે સીમાંત સમૂહો અને ખાસ કરીને સ્ત્રીઓને મૂડીવાદના શરૂઆતના તબક્કામાં ઝઝૂમવું પડ્યુ અને બલિદાનો આપવાં પડ્યાં તે સમજવા માટે તે સમયની પરિસ્થિતિ જાણવી જરૂરી છે. ભારતના વાચકો તેનાથી અપરિચિત હશે તેવું લાગતાં તે

વિગતો વધારે વિસ્તારપૂર્વક આપેલી છે. જ્યારે તે જ સમયના ભારતના ઈતિહાસની પ્રાથમિક વિગતોથી વાચકો પરિચિત હશે તેમ માની તેમાં વધારે ભાર સ્ત્રીઓની ભૂમિકા પર આપ્યો છે.

ઉપરના ત્રણે ભાગમાં જે તે સમયના સંઘર્ષ અને પ્રશ્નો કેટલીક સ્ત્રીઓના પ્રેરણાદાયક જીવનકાર્યના ચિત્રો દ્વારા આપવાની પદ્ધતિ અપનાવી છે. જ્યારે ચોથા ભાગમાં ૧૯૭૦ના દાયકા પછીના આંદોલનની વાત કરતી વખતે જે તે મુદ્દાની આસપાસ રજૂઆતને ગૂંથી છે. પ્રત્યેક મુદ્દામાં તે અંગેની નારીવાદી સમજ, તેની સામે થયેલ વિરોધના મહત્ત્વના બનાવો અને તેનું વિશ્લેષણ આપવાની કોશિષ કરી છે કે જેથી વાચક પોતાના સંગઠન કે કાર્યક્ષેત્રમાં બનતા બનાવોને આ મુદ્દાઓ સાથે સાંકળીને પગલાં લઈ શકે.

**મર્યાદા અને અપેક્ષા**

આ શ્રેણીમાં નારી આંદોલનના તમામ મહત્ત્વના મુદ્દાઓ અને બનાવોને સમાવવાની કોશિષ કરી છે તેમ છતાં કેટલાક મુદ્દાઓ રહી ગયા હોય અથવા સ્થળ સંકોચને કારણે ન લઈ શકાયા હોય કે તેમને પૂરતો ન્યાય ન આપી શકાયો હોય તે શક્ય છે. પ્રત્યેક પુસ્તિકામાં સ્ત્રી-પુરુષ સમાનતા ઉપરાંત પ્રભુત્વ ધરાવનાર વર્ગ, જ્ઞાતિ અને ધર્મથી ઉપર ઉઠીને તમામ સીમાન્ત ઓળખ ધરાવતાં જૂથોના દૃષ્ટિકોણ અને તેમના અનુભવોનાં ઉદાહરણો રજૂ કરવાની કોશિષ કરી છે. તે અંગેનાં લખાણો વિશે અન્ય જાણકારોની મદદ તેમ જ અભિપ્રાય લીધો છે પરંતુ તેમ છતાં તમામ સીમાન્ત સમૂહોના અનુભવો અંગે અમારી સમજ અને માહિતીની મર્યાદાને કારણે ત્રુટિ રહી ગઈ હોય તો તે તરફ ધ્યાન દોરવા વિનંતી. પુસ્તિકામાં સમાવેલાં મુદ્દાઓ, ભાષા, રજૂઆત અને નહીં સમાવેલા મુદ્દાઓ વિશે પણ આપનાં સૂચનો, પ્રતિભાવો આવકાર્ય છે.

દીપા સોનપાલ
ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન

તૃપ્તિ શાહ
સહિયર (સ્ત્રી સંગઠન)

## પુસ્તિકા શ્રેણીનો ઉપયોગ

આ પુસ્તિકા શ્રેણી સ્ત્રીઓના તેમ જ વિકાસના પ્રશ્નો અંગે કામ કરતા પાયાના કાર્યકરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. પાયાના કાર્યકરો માટે નારી આંદોલન અંગે પોતાની સમજ વિકસાવવા ઉપરાંત આ સમજને બહોળા સમુદાય સુધી લઈ જવા માટે મદદરૂપ થાય તેવા સાહિત્યની જરૂર પડે છે.

આ બંને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને શક્ય તેટલી સરળ ભાષામાં આ પુસ્તિકાઓ તૈયાર કરવામાં આવી છે. પુસ્તિકાઓના લખાણ ઉપરાંત કેટલાક મુદ્દાઓ અંગે વધારાના વાચનનો તેમ જ સમાવેલા મુદ્દાઓ અંગે વધારે જાણકારી મળી શકે તેવાં પુસ્તકોની યાદી પણ સમાવેશ કર્યો છે.

પુસ્તિકાઓનો અભ્યાસ કર્યા બાદ કાર્યકરો પોતાના કાર્યવિસ્તારના લોક સમૂહોમાં પણ આ વિષયની રજૂઆત કરી શકે તે પ્રમાણે પુસ્તિકાનું આયોજન કર્યું છે. તેની રજૂઆત મહિલા સમૂહની મીટિંગમાં થતી ચર્ચા સ્વરૂપે કરવામાં આવેલી છે. સમૂહોની મીટિંગમાં ૧ દિવસમાં એકથી દોઢ કલાક દરમ્યાન કાર્યકરોની મદદથી સમૂહવાચન થઈ શકે તે રીતે તેના વિભાગ પાડવામાં આવ્યા છે. મુદ્દાને અનુરૂપ ગીત, કાવ્ય વગેરેને સામેલ કરવાની કોશિષ કરી છે જેથી સમૂહ વાંચનના સેશનને રસપ્રદ બનાવી શકાય.

કાર્યકરોની સર્વગ્રાહી સમજ માટે તેઓ શ્રેણીની ચારેચાર પુસ્તિકાઓનું સંપૂર્ણ વાચન કરે તે જરૂરી છે પરંતુ સ્થાનિક સમૂહોમાં રજૂઆત કરતી વખતે જે તે સમૂહના સંજોગોને અનુરૂપ ન લાગે તેવા કેટલાક મુદ્દાઓ સમૂહ વાચનમાંથી બાકાત રાખી શકાય. જો કે, શ્રેણીની પ્રથમ પુસ્તિકામાં પાયાના ખ્યાલો રજૂ કર્યા હોવાથી પ્રત્યેક સમૂહ માટે તેનું સંપૂર્ણ વાચન આવશ્યક છે પરંતુ તે પછીની પુસ્તિકાઓમાંથી કાર્યકર સ્થાનિક સમૂહની જરૂરિયાત મુજબ નિર્ણય લઈ શકે છે. પુસ્તિકામાં જણાવેલાં ઉદાહરણો ઉપરાંત સ્થાનિક કક્ષાએ વધુ પ્રચલિત હોય તેવાં ઉદાહરણો, ગીતોનો સમાવેશ કરી શકાય. દરેક દિવસ બાદ તે મુદ્દા પર સમૂહના સભ્યો સાથે ચર્ચા કરવી આવશ્યક છે. શક્ય છે કે સમૂહમાંથી સ્થાનિક કક્ષાએ વધારે પ્રચલિત હોય અને વધારે અસરકારક હોય તેવાં ઉદાહરણો, અનુભવ કે ગીતો બહાર આવે. ચર્ચામાંથી ઉઠેલા મહત્ત્વના મુદ્દા અને ઉદાહરણો, ગીતો વગેરે પ્રકાશન મોકલવા વિનંતી કે જેથી ભવિષ્યમાં તેનો સમાવેશ કરી શકાય.



**સમૂહમાં વાંચતી વખતે અસરકારક રજૂઆત માટે મોટેથી વાંચનાર કાર્યકરો માટેનાં સૂચનોઃ**
પુસ્તિકામાં સાત મુખ્ય પાત્રો છે. દરેક પાત્રની લાક્ષણિકતાને સમજીને તેને અનુરૂપ લઢણથી સંવાદો બોલી શકાય તે માટે ટૂંકો પાત્ર પરિચય નીચે મુજબ છેઃ

***એકતાઃ*** મહિલા જૂથની અગ્રણી કાર્યકર છે. શિક્ષણ, વાંચન તથા સંઘર્ષના અનુભવો દ્વારા સ્ત્રીઓના પ્રશ્નો અંગે ઊંડી સમજ ધરાવે છે. મહિલા જૂથની સમજ વધારનાર તરીકેની ભૂમિકા ભજવે છે.

***શકરીઃ*** ૪૦-૪૫ વર્ષની સક્ષમ સ્ત્રી છે. હિંસાને કારણે પતિથી છૂટાછેડા લઈ બે સંતાનોને મહેનત કરી ઉછેરે છે. ખાસ ભણેલી નથી પરંતુ પિતૃસત્તા અને જ્ઞાતિપ્રથાનો સામનો કરવાના અનુભવોમાંથી સમાજ વ્યવસ્થા અંગે સમજ કેળવી છે. હિમ્મત અને કોઠાસૂઝથી પ્રશ્નો કરી શકે છે.

***કમલાઃ*** ૨૦-૨૨ વર્ષની કોલેજમાં અભ્યાસ કરતી યુવતી છે. પોતાના માતા-પિતા-દાદી સાથે રહે છે. ભેદભાવ, અન્યાયને સહન કરી શકતી નથી. નવી વાતો જાણવા, સ્વીકારવા ઉત્સુક છે.

***રેશ્માઃ*** કમલાની બહેનપણી અને સમવયસ્ક છે. તેની સાથે અભ્યાસ કરે છે. સરળ અને ઉત્સાહી છે.

***આશાઃ*** ૩૦-૩૫ વર્ષની નોકરી કરતી શિક્ષિત સ્ત્રી છે. લગ્ન જીવનમાં પતિની શંકા અને માનસિક ત્રાસ સામે ઝઝૂમી રહી છે.



***નીરુઃ*** ૪૦થી ૫૦ વર્ષની વયની પ્રૌઢ સ્ત્રી છે. ગૃહિણી છે. પરંપરાગત વાતાવરણમાં ઉછરી છે અને સમાજના પ્રચલિત ધારા-ધોરણો, રીત-રિવાજમાં માને છે પરંતુ તેના કરતાં જુદી વાત સાંભળવાની તૈયારી છે.

***ફરઝાનાઃ*** ૩૦-૩૫ વર્ષની વયની સ્ત્રી છે. ગૃહિણી છે અને તે પણ પરંપરાગત વાતાવરણમાં ઉછરી છે પરંતુ નવી વાતો સમજવાની તૈયારી છે.

- જો દરેક પાત્રના સંવાદો અલગ અલગ કાર્યકરો રજૂ કરે તો ખૂબ સારું. પરંતુ તે શક્ય ન હોય તો એક અથવા વધારે કાર્યકરો રજૂઆત કરી શકે.
- જો સમૂહમાં અસરકારક રીતે વાંચી શકે તેવા સભ્યો હોય તો કેટલાક પાત્રોના સંવાદો સમૂહના સભ્યોને વાંચવાનું કહી શકાય.
- જે ભાગનું વાંચન કરવાનું હોય તે કાર્યકરોએ અગાઉથી વાંચીને સમજી લેવો.
- મોટે ભાગે સરળ ભાષા અને શબ્દોનો પ્રયોગ કરેલ છે પરંતુ તેમ છતાં કોઈ અજાણ્યા શબ્દ હોય તો તે શબ્દોના અર્થ અને સ્પષ્ટ ઉચ્ચાર જાણી લેવા.
- જ્યાં જરૂરી લાગે ત્યાં પુસ્તિકામાં આપેલાં ઉદાહરણો ગીતોને બદલે સ્થાનિક કક્ષાએ વધુ અસરકારક ઉદાહરણો કે ગીતો ઉપલબ્ધ હોય તો તે શોધી મીટિંગ પહેલાં તૈયાર રાખવાં.

# સ્ત્રીની જાત અને પુરુષની જાત...

(કમલા જલદી જલદી તૈયાર થઈને બહાર નીકળતી હતી ત્યાં જ પાછળથી ઈચ્છાબાએ બૂમ પાડી)

*ઈચ્છાબા:* ક્યાં ચાલી... અત્યારના પહોરમાં? આજે તારે રજા છે તો બે ઘડી ઘરનું કામ કરાવ.

*કમલા:* અરે બા... કામ તો હું આવીને કરાવીશ. અત્યારે તો મહિલા મંડળની મીટિંગમાં જાઉં છું.

*ઈચ્છાબા:* બળી તારી મીટિંગ... આજકાલની છોકરીઓ બે ચોપડી વાંચતાં શીખી નથી કે તેમના ઉધામા ચાલુ. **સ્ત્રીની જાત**ને આ ના શોભે. પહેલાના જમાનામાં તો આવું કાંઈ ન હતું.

*કમલા:* પણ બા આ તો નવો જમાનો છે. જૂના જમાનાની વીતી રાત... નવા જમાનાની નવી વાત... (અને એ ગીત ગાતાં ગાતાં, ઈચ્છાબાને વધારે કાંઈ કહેવાની તક આપ્યા વગર જ તે ઘરની બહાર તો નીકળી પણ આખા રસ્તે તેના મનમાં "**સ્ત્રીની જાત**" શબ્દો હથોડાની જેમ વાગતા રહ્યા. વિચારમાં ને વિચારમાં તે મંડળની ઓફિસમાં પહોંચી. તેનું સમસમી ગયેલું મોં જોઈને તેની બહેનપણી રેશ્મા બોલી.)

*રેશ્મા:* અલી, શું વાત છે? કોની સાથે ઝઘડી આવી છે?

*કમલા:* કોઈની ય સાથે નહિ. મારી "જાત" સાથે ઝઘડું છું. શા માટે હું સ્ત્રી તરીકે જન્મી છું? પુરુષ તરીકે જન્મી હોત તો કેટલા વટથી ફરત ને મારા મનનું ધાર્યું કરત.

*રેશ્મા:* હા, હોં, મનેય ક્યારેક એવું થાય છે.

*નીરુ:* બળ્યો આ સ્ત્રીનો અવતાર!

*એકતા:* મને તો નથી લાગતું કે સ્ત્રીનો અવતાર નક્કામો છે. ને કમલા તારે "જાત" સાથે ઝઘડવાની કોઈ જરૂર નથી. કારણ કે સ્ત્રીની જાત પણ પુરુષની જાત જે કાંઈ કરી શકે તેમાંનું બધું જ કરી શકે છે.



*ફરઝાના:* ના હોં બહેન, સ્ત્રી તે સ્ત્રી ને પુરુષ તે પુરુષ. ઓરત કોઈ દિવસ મરદની બરોબરી ન કરી શકે.

*આશા:* હા, વળી, જો એમ ન હોત તો ભગવાને સ્ત્રી અને પુરુષની જાત જુદી જુદી શું કામ કરી?

*એકતા:* તે એટલા માટે કે જેથી માનવજાતનો વેલો આગળ ચાલી શકે. માનવજાતમાં જ નહીં પશુ, પંખી, વનસ્પતિ એમ તમામ સજીવોમાં કુદરતે નર અને માદા એમ બે જાત બનાવી છે. પણ માણસોએ તો નર અને માદામાંથી સ્ત્રી અને પુરુષ બનાવી તેમનામાં ઊંચનીચના ભેદભાવ પણ ઊભા કરી નાંખ્યા છે.

*કમલા:* તો શું આ સ્ત્રી-પુરુષના ભેદભાવ કુદરતે નથી બનાવ્યા?

*એકતા:* ના, બિલકુલ નહીં. જરા વિચાર કરશો તો ખબર પડશે કે સ્ત્રીને પુરુષમાં જેટલું જુદાપણું છે એના કરતાં સરખાપણું વધારે છે.

*ફરઝાના:* એ કઈ રીતે?

*એક્તા:* જુઓ, પુરુષને બે પગ ને બે હાથ છે. તે જ રીતે સ્ત્રીને પણ છે.

*રેશ્મા:* બરોબર... પુરુષને બે ને બદલે ચાર હાથ નથી આપ્યા કુદરતે.

*એક્તા:* પુરુષને જેવું હૃદય, મગજ, ફેફસાં હોય છે તેવું જ સ્ત્રીને પણ છે.

*કમલા:* હા, અમે ભણ્યા છીએ કે શ્વસનતંત્ર, પાચનતંત્ર, રુધિરાભિસરણતંત્ર, ચેતાતંત્ર એમ શરીરનાં બધાં જ તંત્રો સ્ત્રી અને પુરુષમાં સરખાં જ હોય છે.

*એક્તા:* હા, કારણ કે સ્ત્રી અને પુરુષ બંને મનુષ્ય છે તેથી બંનેનાં લગભગ બધાં જ અંગો અને શરીરનાં બધાં જ તંત્રો સરખાં છે. ફરક માત્ર પ્રજનનતંત્ર અને પ્રજનન અંગોમાં જ છે અને સ્ત્રી ને પુરુષનાં પ્રજનનતંત્ર અલગ છે તેથી જ તો માનવજાતનો વેલો આગળ વધે છે.

*ફરઝાના:* પણ તે જ મુખ્ય વાત છે. સ્ત્રીના પેટે બાળક થાય છે માટે જ સ્ત્રીની જાતને આ બધું વેઠવું પડે છે ને.

*આશા:* હા, જો મારા પેટે રોશની ન હોત તો હું મારા વરનો માર ને મહેણાં-ટોણાં સહન કરવાને બદલે ક્યારનીય તેનું ઘર છોડીને ચાલી નીકળત.

*નીરુ:* તે બહેન, તું ભણેલી છે ને નોકરી કરે છે એટલે આવું વિચારી શકે છે. બાકી સ્ત્રીના માથે ધણીનું છત્તર ન હોય તો તેના ધણી થવા સો વરુઓ તૈયાર જ હોય છે.

*એકતા:* પણ તમે કોઈ દિવસ વિચાર કર્યો છે કે દરેક દેશમાં, દરેક સમાજમાં, દરેક સમયે, સ્ત્રી જ બાળકને જન્મ આપે છે. તેમ છતાં દરેક દેશમાં, દરેક સંસ્કૃતિમાં અને દરેક સમયે સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવ એકસરખા નથી.

*રેશ્મા:* હા, વાત તો સાચી છે. મારી દાદી કે બા જેટલો અન્યાય વેઠતી હતી તેના કરતાં મારી અમ્મીને ઘણી વધારે છૂટ મળી છે અને મને તો વળી તેના કરતાંય થોડી વધારે તકો મળી રહી છે.

*કમલા:* હા, મારી દાદીએ તો નિશાળનું પગથિયું પણ જોયું ન હતું, મારી માને નિશાળમાં મોકલી પણ કોલેજ ના કરવા દીધી. ને અમે તો ગ્રેજ્યુએટ થઈને આગળ ભણવાનાં સપનાં જોઈએ છીએ.

*રેશ્મા:* હા, મારાં દાદીમાને તો લાગે છે કે હું તો સાવ “આઝાદ” થઈ ગઈ છું.

*એકતા:* આખીય વાતનો ભેદ આમાં જ રહેલો છે કે કુદરતે સ્ત્રી અને પુરુષને જુદાં બનાવ્યાં પણ તેમની વચ્ચે ઊંચનીચના ભેદભાવ તો માણસે જ ઊભા કર્યા છે અને માટે જ તે દેશ, સ્થળ, જમાના પ્રમાણે બદલાય છે.

*નીરુ:* મને તો તમારી વાતમાં કંઈ સમજાતું નથી.

*એકતા:* જુઓ, હું ઉદાહરણ આપું. નાનો છોકરો રડતો હોય તો તેને બધા શું કહે છે?

*કમલા:* છાનો રે ને, આમ બાયલાની જેમ શું રોવે છે? તું છોકરી છે તે રોવે છે?

*એકતા:* તો વિચાર કરો કે બધાય છોકરા નાના હોય ત્યારે રડતા હોય છે જ પણ આપણે તેમને ધમકાવી ધમકાવીને શીખવીએ છીએ કે રડવાનો ગુણ તો છોકરીનો જ કહેવાય માટે છોકરાથી રડાય નહીં. ને કોઈ છોકરી ખૂબ તોફાની હોય, ધમાચકડી કરતી હોય, અવનવાં સાહસનાં કામો કરતી હોય તો?

*રેશ્મા:* તો તેને તરત જ ટોકવામાં આવે છે કે, ‘બસ કર હવે, છોકરીની જાતને આ બધું ન શોભે.’

*આશાઃ* ને પાછા ઉમેરે કે 'તારે તો સાસરે જવાનું છે.'

*એકતાઃ* આમ નાનપણથી જ છોકરીને નબળી રહેવાનું, સૌથી ડરતા રહેવાનું, સૌના કહ્યામાં રહેવાનું શીખવાડાય ને છોકરાને તેનાથી ઊંધું જ શિક્ષણ મળે. પછી આપણે કહીએ કે પુરુષ બહાદુર હોય, મજબૂત હોય, તે બહારની દુનિયામાં માથાફોડ કરવા સક્ષમ હોય અને સ્ત્રી તો બાપડી, બિચારી ઘરના ખૂણામાં ભરાઈ રહે તો જ તેની સલામતી રહે.

આમ, આપણે નક્કી કરી દીધું કે સ્ત્રી-પુરુષના ગુણ જુદા, તેમનાં કામ જુદાં અને તેથી તેમના અધિકાર પણ જુદા. અને માત્ર જુદા જ નહીં, સ્ત્રીના ગુણ અને કામ પુરુષ કરતાં ઊતરતાં અને તેથી તેમના અધિકારો પણ ઓછા.

*નીરુઃ* બહેન, જરા વિગતે સમજાવોને.

*એકતાઃ* બાળકને જન્મ સ્ત્રી જ આપી શકે કારણ કે ગર્ભાશય માત્ર સ્ત્રી પાસે જ છે. પણ બાળક રડે તો તેને છાનું રાખવાનું, તે ભીનું કરે તો તેને બાળોતિયું બદલાવવાનું કામ પણ સ્ત્રી જ કરી શકે ને પુરુષ નહીં તે વાત સાચી નથી.

*નીરુઃ* ના ના બહેન, તમે તો વધારે પડતી વાત કરો છો. સ્ત્રીનું કામ તે સ્ત્રીનું ને પુરુષનું કામ તે પુરુષનું. આ ગયા મહિને મને ખૂબ તાવ આવતો હતો ને રસોઈ પણ થઈ શકતી ન હતી તો તેમણે કાચું-પાકું કરીને ખાધું પણ આપણા જેવું તો ન જ કરી શકે ને?

*એકતાઃ* નીરુમાસી, આપણા ગામમાં જમણવાર હોય તો રસોઈ કોણ કરે છે? તે રસોઈયા શું સ્ત્રી હોય છે?

*કમલાઃ* હા, ને શહેરોમાં મોટી મોટી હોટલોમાં પણ ભણેલાગણેલા રસોઈયાઓ રસોઈ કરે છે ને આપણે આંગળા ચાટીને ખાઈ જઈએ, માટે પુરુષને રસોઈ કરતાં ના આવડે તે વાત ખોટી.

*આશાઃ* હા, જે પુરુષોને રસોઈ કરતા શીખવાડ્યું ના હોય તે જ સારી રસોઈ નથી કરી શકતા.

*એકતાઃ* તમે બાળકની વાત કરી ને. દુનિયાના કેટલાક દેશોમાં જેમ કે નોર્વે, સ્વિડન વગેરેમાં સ્ત્રી-પુરુષ બધાં જ કામ કરે, ને આપણી જેમ સંયુક્ત કુટુંબોમાં ન રહે તેથી ઘરમાં બાળકોને જોનાર કોઈ વડીલો ન હોય ત્યાં જ્યારે સ્ત્રીને પ્રસૂતિ આવે ત્યારે માતાને જે રીતે પ્રસૂતિની રજા મળે તે રીતે પિતાને

પિતૃત્વની રજા મળે. શરૂઆતમાં થોડા મહિના માતા બાળકને રાખે ને પછી તે કામ પર જાય એટલે પિતા પોતાની રજાનો ઉપયોગ કરીને એકલે હાથે બાળકને સંભાળે. તેથી ધીમે ધીમે આ દેશોમાં પિતામાં પણ માની જેમ જ સ્નેહ, મમતા જેવા ગુણોનો વિકાસ થયો છે ને પરિણામે બાળકોનો ઉછેર વધારે સારી રીતે થઈ શકે છે કારણ કે તેમને એકલી માને બદલે મા તેમ જ બાપ બંનેનાં મમતા અને સ્નેહ મળે છે અને તેમના સારા ભવિષ્ય માટે બહારની દુનિયામાં જીવવા માટેની તાલીમ પણ બંને પાસેથી મળે છે. વળી, પુરુષો સ્નેહાળ થવાથી સમાજમાં હિંસા, તનાવ ને એકબીજાને પછાડવાની હરીફાઈનાં તત્ત્વો ઓછાં થયાં છે. આમ, આખા સમાજને ફાયદો થયો છે.

*રેશ્મા:* ટૂંકમાં, તમે એમ કહેવા માંગો છો કે સ્ત્રી-પુરુષ વચ્ચે કુદરતે આપેલું શારીરિક જુદાપણું છે તો ખૂબ જ થોડું છે અને ઊંચનીચના ભેદભાવ તો સમાજે જ ઊભા કર્યા છે?

*એકતા:* હા, અને આ ભેદ સમાજે ઊભા કર્યા છે તેથી સમાજ તેને બદલી શકે છે પરંતુ સમાજ ત્યારે જ બદલાય છે કે જ્યારે આપણે તેની સામે પ્રશ્નો કરીએ.

*આશા:* સમાજને પ્રશ્નો કરતું એક સરસ ગીત યાદ આવે છે. આપણે તે ગીત ગાઈશું? (સૌ ગાય છે)

## દીકરો વ્હાલો, દીકરી નહીં, હું પૂછું છું કેમ?

(રાગઃ 'મેંદી લેશું, મેંદી લેશું…')



દીકરો વ્હાલો, દીકરી નહીં, હું પૂછું છું કેમ?
સદીઓ જૂનો ભેદ રાખીશું, આપણે એમનો એમ?
કેમ, હું પૂછું છું કેમ?
એક જમાનો એવો, દીકરી દૂધ પીતી થઈ જાતી,
આજે માના પેટમાં જનમ પહેલાં એ ગૂંગળાતી,
કેમ? હું પૂછું છું કેમ?
દીકરો જન્મે પેંડા વહેંચો, દીકરી હોય જલેબી,
માને ભોંઠપ, બાપને માથે દીકરી બોજા જેવી,
કેમ? હું પૂછું છું કેમ?
દીકરો રમે ગીલ્લી દંડા, દીકરીને ઘરકામ,
દીકરો રળી ઘર ઉજાળે, દીકરી પારકે ઠામ,
કેમ? હું પૂછું છું કેમ?
'પારકી થાપણ', 'સાપનો ભારો', દીકરી ગરીબ
ગાય, એનાં ઝાઝાં જતન શાનાં, દોરો ત્યાં એ જાય,
કેમ? હું પૂછું છું કેમ?
જેટલાં માનાં, એટલાં બાપનાં, છૈયાં સરખાં બેઉનાં,
એમ છતાંયે માને માથે, આટલાં વૈતરાં શેનાં,
કેમ? હું પૂછું છું કેમ?
સરખી કરે મહેનત બંને, સંગમાં કરે કામ,
એકને મળે ઝાઝું વેતન, એકને છે કમ દામ,
કેમ? હું પૂછું છું કેમ?
ઔરત-મરદ એક ગાડીનાં પૈડાં બે કહેવાય,
એક ઊંચું ને એક છે નીચું, કેમ કરી ચલાય,
કેમ? હું પૂછું છું કેમ?
જીવતર સૌને માથે સરખું, સુખ દુઃખ સૌનાં સરખાં,
મરદ માએ જીવન, અસ્ત્રી વેઠે દુઃખડાં સઘળાં,
કેમ? હું પૂછું છું કેમ?

- ડૉ. સરૂપ ધ્રુવ

*નીરુ:* ગીત તો ખૂબ મજાનું હતું પણ તેમાં પૂછેલા પ્રશ્નોના જવાબ હજુ સુધી તો મળ્યા નથી અને સમાજ ખાસ બદલાયો નથી. તો શું આખી દુનિયામાં બધે જ દીકરાનું આટલું મહત્ત્વ છે?

*એકતા:* પુત્ર ઘેલછા અને પુત્રીને જન્મવા પણ નહીં દેવી તેવા ભેદભાવ ભારત, પાકિસ્તાન, ચીન જેવા દક્ષિણ એશિયાના કેટલાક દેશોમાં જોવા મળે છે જ્યારે આફ્રિકા અને પશ્ચિમના દેશોમાં સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવ જુદી જુદી રીતે વ્યક્ત થાય છે.

*ફરઝાના:* મને તો આ સાવ નવી જ વાત લાગે છે. પહેલાના જમાનામાં તો સ્ત્રીઓ આવું બધું વિચારતી જ નહોતી. આ બધું હવે પશ્ચિમના દેશોનું શિક્ષણ લઈ તેમના વિચારોનો વાયરો વાયો છે તેને લીધે જ આ વાતો ઉપડી છે.

(એટલી વારમાં શકરી આવી પહોંચી.)

*શકરી:* મને જરા મોડું થઈ ગયું, આજે કામ વધારે હતું તેથી પૂરું કરતાં વાર લાગી. ને સરોજની કાલે પરીક્ષા છે એટલે મેં તેનેય કીધું કે તું તારે વાંચ હું ધીમે ધીમે કામ પતાવી દઈશ. પણ તમે શિક્ષણની શું વાત કરતા હતા?

*રેશ્મા:* આ નીરુબહેન અને ફરઝાનાબહેન કહે છે કે ભણતરને કારણે સ્ત્રીઓ બહુ સ્વતંત્ર થઈ ગઈ છે ને આશા ભણેલી છે એટલે જ ઘર છોડવાનો વિચાર કરે છે.

*શકરી:* ના રે, મને તો ઊલટાનું જુદું જ લાગે છે. તમે ભણેલા લોકો વિચાર બહુ જ કર્યા કરો છો પણ તડ ને ફડ કરતાં ડરો છો. મેં તો નાનપણથી જ મજૂરી કરી છે અને લગન પછીય મજૂરી કરતી હતી. પણ ધણીના મારથી ને મહેણાથી ત્રાસી ગઈ હતી. તેથી મનમાં થયું કે હું મજૂરી કરીને ઘર ચલાવું છું, છોકરા પાલવું છું અને તેનેય ખવડાવું છું છતાંય મારી પર વહેમાય ને રોજ સાંજ પડે મારો જ બરડો હલકો કરે તેના કરતાં હું મારી રીતે ન જીવું? તે વાતને પણ આજકાલ કરતાં દસ વરસ થઈ ગયાં ને હવે તો મારી છોકરી ય મોટી થઈ ગઈ. ૧૦મીમાં ભણે છે ને સમય મળે તો મને મદદ પણ કરે છે. વરસ બે વરસમાં છોકરોય મોટો થઈ જશે ને બંને મને ટેકો કરશે.

| | |
|---|---|
| *આશાઃ* | ખરેખર, શકરીબહેન તમે ભલે ભણ્યા નથી પણ ભણેલાને ટક્કર મારો એટલું સમજો છો. પણ એકતાબહેન, તમે અલગ અલગ દેશોની શું વાત કરતા હતા. |
| *એકતાઃ* | હું કહેતી હતી કે દુનિયાના અલગ અલગ દેશોમાં સ્ત્રી-પુરુષની શરીર રચના તો સરખી જ હોય છે પરંતુ સમાજના રીત-રિવાજો દ્વારા, ધર્મ અને સંસ્કૃતિના નામે અલગ અલગ પ્રકારના ભેદભાવ ઊભા કરવામાં આવે છે. |
| *કમલાઃ* | જેમ કે ચીનમાં છોકરી નાની હોય ત્યારથી જ તેના પગે ફીટોફીટ બૂટ પહેરાવવામાં આવે છે કે જેથી તેના પગ નાના જ રહે! |
| *એકતાઃ* | અને આફ્રિકામાં સ્ત્રીના યોનિલિંગને છેદી નાખવામાં આવે છે કે જેથી તેને જાતીય આનંદ ન મળે. |
| *રેશ્માઃ* | મેં સાંભળ્યું છે કે પશ્ચિમના દેશોમાં ખ્રિસ્તી ધર્મના નામે સ્ત્રીના ગર્ભપાત કરાવવાના અધિકારનો વિરોધ કરવામાં આવે છે. |



*ફરઝાના:* મારી માસી કહેતી હતી કે અમુક અરબ દેશોમાં જો કોઈ સ્ત્રી પર બળાત્કાર થાય તો ઈસ્લામના નામે તે સ્ત્રીને ઝીના કર્યા બદલ પથ્થર મારીને મારી નાંખે છે.

*નીરુ:* ઝીના?

*એકતા:* એટલે કે વ્યભિચાર અને હિન્દુ ધર્મના નામે વિધવા સ્ત્રીને સતી બનાવવાનું સમર્થન કરવામાં આવે છે. આમ, સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા અને ભેદભાવ ચાલુ રાખવા, ક્યારેક ધર્મ તો ક્યારેક સંસ્કૃતિ અને ક્યારેક કાયદાનો ઉપયોગ કરવામાં આવે છે.

*શકરી:* પણ સ્ત્રીનો જીવ લઈ લે તેવા ધરમ ને સંસ્કૃતિ શું કામનાં?

*એકતા:* શકરીની વાત સાચી છે, સ્ત્રી ભણેલી હોય કે અભણ, કોઈ પણ દેશ, વર્ગ, ધર્મ કે જ્ઞાતિની હોય પણ પોતાને થતા ભેદભાવ અને અન્યાય સામે તેમણે કોઈ ને કોઈ રીતે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો છે. ભારત દેશની વાત કરીએ તો આપણા ઈતિહાસમાં પણ તમને દરેક યુગમાં ને પ્રત્યેક ધર્મની સ્ત્રીઓએ પોતાને થતા અન્યાયનો વિરોધ કર્યો હોય તેવાં ઉદાહરણો જોવા મળે છે.

*નીરુ:* અમને તેના વિશે વિગતો કહો ને...

*એકતા:* જરૂર. આપણે હવે પછીની મીટિંગમાં તેની વિગતે વાતો કરીશું.

# સામાજિક ભેદભાવોને સ્ત્રીઓનો પડકારઃ પ્રાચીન યુગ

(આજે બધા સમયસર ભેગા થઈ ગયા)

*રેશ્મા:* એકતાબહેન આજે તમે પહેલાંના જમાનાની સ્ત્રીઓએ કરેલા અન્યાયના વિરોધ વિશે વાત કરવાના છો ને? અમે બધા તે સાંભળવા આતુર છીએ.

*એકતા:* જરૂર. પણ તે પહેલાં આપણે ગયા વખતે કરેલી વાતો થોડી યાદ કરી લઈએ. સ્ત્રીની જાત અને પુરુષની જાતમાં જીવ વિજ્ઞાનની દૃષ્ટિએ શું શારીરિક તફાવત છે અને સમાજે કેવા ભેદભાવ ઊભા કર્યા છે તેને ફરી એક વાર ટૂંકમાં જોઈ લઈએ.

*શકરી:* હા, હા, બરોબર છે. હું ગયા વખતે મોડી પડી હતી તેથી ટૂંકમાં કહી દો તો સારું.

| **કુદરતી લિંગ (સેક્સ)** | **સામાજિક લિંગ (જેન્ડર)** |
|---|---|
| સ્ત્રી અને પુરુષ વચ્ચેના કુદરતી શારીરિક તફાવતને લિંગ કહે છે. | છોકરા-છોકરી, સ્ત્રી-પુરુષ વચ્ચેના સમાજ દ્વારા ઊભા કરવામાં આવેલા ભેદભાવોને સામાજિક લિંગ એટલે કે જેન્ડર કહે છે. |
| લિંગનો તફાવત જન્મથી જ હોય છે. | જેન્ડરનો તફાવત છોકરા અને છોકરીને અલગ અલગ રીતે ઉછેરવાને કારણે, (સમાજીકરણની પ્રક્રિયા દ્વારા) જે રીતે તેમનું ઘડતર થાય છે તેમાંથી ઊભો થાય છે. |
| લિંગનો તફાવત કુદરતી હોવાથી દરેક સ્થળ, સમય, દેશ કે સંસ્કૃતિમાં એકસરખો જ હોય છે. | સામાજિક ભેદભાવ સ્થળ, સમય, દેશ, ધર્મ, સંસ્કૃતિ પ્રમાણે અલગ અલગ હોય છે. બદલાયા કરે છે. |
| તે કુદરતી હોવાથી બદલી શકાતો નથી. (જાતિ પરિવર્તનનું ઓપરેશન કરીને થતો ફેરફાર એક અપવાદ છે.) | તે સમાજે બનાવ્યો હોવાથી બદલાયો છે અને હજુ પણ એ બદલાવાની પ્રક્રિયા ચાલુ જ છે. |

*આશા:* બરોબર, તો હવે આપણે પહેલાના જમાનામાં જઈએ?

*કમલા:* અને એ જોઈએ કે સમાજના રીતરિવાજો ને કાયદાઓ કેવી રીતે બદલાય છે.

*એકતા:* હા, વેદના સમયમાં, રામાયણ-મહાભારત જેવાં મહાકાવ્યોના યુગમાં, મધ્ય યુગમાં કે ત્યાર પછી આવેલા સુધારાના યુગ અને આઝાદીના આંદોલનમાં એમ તમામ સમયે સ્ત્રીઓએ સમાજમાં ચાલતી પરંપરાગત માન્યતાઓ સામે કે પછી પોતાને થતા અન્યાય સામે અવાજ ઉઠાવ્યો છે. આપણે એક પછી એક તે બધા વિશે જાણીશું. પહેલાં આપણે વેદોના સમયની વાત કરીશું. તમે વેદોના સમયની કોઈ સ્ત્રી વિશે જાણો છો?

*કમલા:* હા, અમે ભણ્યા છીએ કે વેદ કાળમાં ગાર્ગી, મૈત્રેયી, અપાલા, લોપામુદ્રા જેવી ઋષિ સ્ત્રીઓ પણ હતી, જે પુરુષોની જેમ જ વેદની ઋચાઓની રચના કરતી હતી. અને ગાર્ગીએ તો ભરી સભામાં યાજ્ઞવલ્ક્ય જેવા વિદ્વાન બ્રાહ્મણને પડકાર્યા હતા.

*રેશ્મા:* હા, મેં પણ સાંભળ્યું છે કે ઋષિમુનિઓના જમાનામાં સ્ત્રીઓ ખૂબ આગળ હતી. અમને ગાર્ગીની વાત વિગતે કહોને.

સમાજ પરિવર્તનશીલ છે. જેમ જેમ સમય, સંજોગો, અર્થતંત્ર, રાજકારણ, સમાજવ્યવસ્થા વગેરે બદલાય છે તેમ તેમ સ્ત્રી-પુરુષનાં જવાબદારી, ભૂમિકા અને અધિકારમાં ફેરફારો થતા રહ્યા છે. જો તમને લાગતું હોય કે સ્ત્રી-પુરુષ વચ્ચે કામ, ગુણો અને અધિકારોની હાલની વહેંચણી અન્યાયી છે તો તેને સ્વીકારી લેવાની જરૂર નથી. **સમાજનાં મૂલ્યો, માન્યતાઓ, રીતરિવાજો અને કાયદાઓ બદલાયાં છે, હજુ પણ બદલી શકાય છે અને તેને બદલવામાં આપણી ભૂમિકા મહત્ત્વની છે.**

*એકતા:* કમલા તું જ કહે. તું ગાર્ગી વિશે શું ભણી છે?
(આ સાંભળીને કમલા ખુશ થઈ ગઈ. શિક્ષિકા બનવાનું તેનું સપનું છે તેથી આજે તક મળતાં તે પોતાના માનીતાં શિક્ષિકા સરોજબહેનને યાદ કરી તેમના જેવી જ છટાથી સૌને સમજાવવા માંડી.)

*કમલા:* આ વૈદિક કાળની વાત છે. એટલે કે આજથી આશરે ચાર-પાંચ હજાર વર્ષ કરતાં પણ વધારે સમય પહેલાંની. તે સમયે ગાર્ગી નામે એક વિદુષી સ્ત્રી થઈ ગઈ. તે બ્રહ્મવાદિની તરીકે ઓળખાતી.

*શકરી:* આ વિદુષી અને બ્રહ્મવાદિની એટલે શું?

*કમલા:* વિદુષી એટલે કે વિદ્વાન સ્ત્રી અને બ્રહ્મવાદિની એટલે કે પરમ ઈશ્વર એવા બ્રહ્મ વિશે અભ્યાસ કરનારી અને ઉપદેશ કરનારી સ્ત્રી.

**બ્રહ્મવાદિની ગાર્ગીની વાત**

એક વખત રાજા જનકે જ્ઞાનયજ્ઞનું આયોજન કર્યું હતું. તેમાં વાદ-વિવાદ અને ચર્ચા-વિચારણા કરવા દૂર દૂરથી વિદ્વાન બ્રાહ્મણો આવ્યા હતા. જનક રાજાએ જાહેર કર્યું કે જે બ્રાહ્મણ સૌથી વધુ વિદ્વાન હોય તેને સોનાનાં શિંગડાં મઢેલી એક હજાર ગાયો દાનમાં આપવાની છે. રાજાની વાત સાંભળી બધા બ્રાહ્મણોને ગાયો લેવાનું મન થયું પણ પોતે સૌથી વિદ્વાન છે એમ કહેતાં સંકોચ થયો. ત્યાં યાજ્ઞવલ્ક્ય નામનો વિદ્વાન ઊભો થયો અને પોતાના શિષ્યને ગાયો પોતાના આશ્રમમાં લઈ જવા કહ્યું. આથી યજ્ઞના મુખ્ય હોતા અશ્વસે કહ્યું કે પહેલાં તમે વાદ-વિવાદમાં તમામ વિદ્વાનોને હરાવો અને પછી આ ગાયોને લઈ જાવ.

યાજ્ઞવલક્યના જ્ઞાન સામે બાકીના તમામ વિદ્વાનો વાદ-વિવાદમાં હારી ગયા. છેવટે બ્રહ્મવાદિ ગાર્ગી અને યાજ્ઞવલ્ક્ય એમ બે જ બાકી રહ્યા. ગાર્ગીએ એક પછી એક પ્રશ્નો પૂછવા માંડ્યા અને યાજ્ઞવલ્ક્ય તેનો જવાબ આપતો રહ્યો. ધીમે ધીમે ગાર્ગીના પ્રશ્નો વધારે ને વધારે જટિલ થતા ગયા. છેવટે તેણે એક એવો પ્રશ્ન પૂછ્યો કે તેનો જવાબ આપવાને બદલે યાજ્ઞવલ્ક્યે કહ્યું કે, “બસ કર ગાર્ગી, હવે જો એક પણ પ્રશ્ન પૂછીશ તો તારા મસ્તકના ટુકડેટુકડા થઈ જશે.” અને ગાર્ગી ચૂપ થઈ ગઈ. યાજ્ઞવલ્ક્ય જીતી ગયો અને તેને સોનાનાં શીંગડાં મઢેલી એક હજાર ગાયો દાનમાં મળી.

આમ, વેદના સમયમાં સ્ત્રીઓને પણ પુરુષો જેટલી જ ભણવાની તકો મળતી હતી.
(કમલાની છટા અને વાતથી સૌ ખુશ થઈ ગયા.)

*એકતા:* કમલા બહુ સરસ. જો તું આમ જ પ્રગતિ કરતી રહીશ તો શિક્ષિકા બનવાનું તારું સપનું જરૂર એક દિવસ પૂરું થશે. પણ મને કહેવા દે કે તમે જે ભણ્યા છો તેમાંની અડધી જ વાત સાચી છે. વેદના સમયમાં કેટલીક સ્ત્રીઓ એવી હતી કે જે પુરુષ ઋષિઓની બરોબરી કરી શકે પરંતુ તે સમયે તમામ સ્ત્રીઓને પુરુષો જેટલાં તક કે હક્ક મળતાં હતાં તે વાત સાચી નથી.

*આશા:* એમ તમે કઈ રીતે કહી શકો?

*એકતા:* કારણ કે વેદોમાં તે સમયમાં સેંકડો પુરુષ ઋષિઓનાં નામ જોવા મળે છે અને તેની સામે સ્ત્રી ઋષિઓની સંખ્યા ૮-૧૦ છે. ઋગ્વેદ એ સૌથી જૂનો વેદ ગણાય છે. તેમાં ઋષિઓએ બનાવેલી ૧૦૦૦ જેટલી ઋચાઓ (મંત્રો) છે. તેમાં સ્ત્રીઓએ બનાવેલી માંડ ૧૨-૧૫ ઋચાઓ જ જોવા મળે છે. જો સ્ત્રી-પુરુષમાં સમાનતા હોત તો સ્ત્રી ઋષિઓની સંખ્યા વધારે હોત. આથી બધી સ્ત્રીઓને સમાન તક મળતી હતી તે વાત સાચી નથી. પરંતુ કેટલીક સ્ત્રીઓ આ કામ કરી શકી તે સાબિત કરે છે કે સ્ત્રી કુદરતી રીતે પુરુષો કરતાં કોઈ રીતે ઊતરતી નથી.

ગાર્ગીનું જ ઉદાહરણ જોઈએ તો વાદ-વિવાદના અંતમાં તેણે પૂછેલા પ્રશ્નો નિરુત્તર રહ્યા. તેનો એક અર્થ એવો પણ કરવામાં આવે છે કે ખરેખર તો એક સ્ત્રી તરીકે તેણે આટલા બધા પ્રશ્નો પૂછ્યા તેથી તેને ચૂપ કરવા એક પ્રકારની ધમકી જ આપવામાં આવી હતી.

*શકરી:* સાચી વાત. એમ જ હશે. જ્યારે મારા છૂટાછેડા થયા ત્યારે આખી નાત ભેગી થઈ હતી. બધા તેના તરફી જ બોલે. પણ મેં તો જરાય ડર્યા વગર મારી વાત કરી. છેવટે મારા કોઈ પ્રશ્નનો જવાબ પંચની પાસે ન હતો તેથી તેમણે કહ્યું કે હવે ચૂપ થઈ જા, બૈરાની જાતને આટલી લાંબી જીભ સારી નહીં.

*રેશ્મા:* હા, મેં પણ જોયું છે કે જ્યારે આપણી વાતનો કોઈ જવાબ ન હોય ત્યારે સમાજ આપણને આમ જ ચૂપ કરી દે છે.

*એકતા:* વેદ પછીનાં મહાકાવ્યોના યુગમાં, એટલે કે રામાયણ-મહાભારતના સમયમાં, તો સ્ત્રીની સ્થિતિ વધારે ઊતરતી થઈ એમ કહી શકાય.

*નીરુ:* તે શું રામાયણ અને મહાભારત પણ વેદના સમયમાં નહોતા થયા?

*શકરી:* ને રામાયણ પહેલાં થયું કે મહાભારત?

*એકતા:* વેદ, રામાયણ અને મહાભારતના ચોક્કસ સમય અંગે વિદ્વાનો અને ઈતિહાસકારોમાં અનેક વિવાદો છે પણ આપણે તે વિવાદોમાં પડવાની જરૂર નથી.

*કમલા:* બરોબર છે આપણે કંઈ ઈતિહાસ ભણવા નથી બેઠા. આપણે તો એ જ જાણવું છે કે અલગ અલગ સમયે સ્ત્રીઓની સ્થિતિ શું હતી.

*રેશ્મા:* અને તેને બદલવા સ્ત્રીઓએ કેવા પ્રયત્નો કર્યા.

*એકતા:* સાચી વાત રામાયણ અને મહાભારતના યુગમાં પણ ચૂપચાપ અન્યાય સહન કરવાને બદલે કેટલીક સ્ત્રીઓએ કોઈ ને કોઈ રીતે પોતાનો વિરોધ તો વ્યક્ત કર્યો જ હતો.

*નીરુ:* બરોબર, જેમ કે, સીતાએ રામે કરેલા અન્યાયનો વિરોધ કર્યો હતો.

*કમલા:* સીતા પરપુરુષને ઘેર રહી તેથી રામે તેની અગ્નિપરીક્ષા લીધી અને ત્યાર પછી પણ લોકોનાં મહેણાંથી તેને સગર્ભાવસ્થામાં કાઢી મૂકી. લવ-કુશના જન્મ પછી જ્યારે તેને પાછી બોલાવી ત્યારે સીતાએ રામ પાસે પાછા આવવાને બદલે ધરતીમાં સમાઈ જવાનું પસંદ કર્યું.

*આશા:* અને છતાં રામને પુરુષોત્તમ ગણવામાં આવે છે. સૌથી ઉત્તમ કહેવાતા પુરુષે જ આવો અન્યાય કર્યો તેથી જ તો બાકીના પુરુષો માટે મન ફાવે તેમ વર્તવાનો રસ્તો ખુલ્લો થઈ ગયો છે ને. મારી સ્થિતિ પણ કંઈક આવી જ છે ને!

*ફરઝાના:* તે બહેન હજુ પણ તારો પતિ તારા પર વહેમાયા કરે છે?

*આશા:* હા. તેને લાગે છે કે રોશની તેની દીકરી નથી. ઓફિસના કામે એક વાર મારા સાથી કાર્યકર સાથે બહાર ગઈ એટલી જ વાતમાં તેને મારા પરથી વિશ્વાસ ઊઠી ગયો!

*નીરુ:* પણ રામને કંઈ સીતા પર અવિશ્વાસ ન હતો, પરંતુ તેમની પ્રજામાંથી એક ધોબીએ પ્રશ્ન કર્યો તેથી જ તેમણે સીતાનો ત્યાગ કર્યો. તેઓ એક પ્રજા વત્સલ રાજા હતા અને એક સામાન્ય ધોબીની વાતને પણ મહત્ત્વ આપતા હતા માટે જ તેમણે આ પગલું ભર્યું.

*રેશ્મા:* પરંતુ એથી સાબિત તો એ જ થયું ને કે રામ, એટલે કે પુરુષ, ભલે જંગલમાં એકલો રખડે, તેના ચારિત્ર્યને કાંઈ ન થાય અને સીતા એટલે કે સ્ત્રીના ચારિત્ર્ય પર કોઈ શંકા પણ કરે તો તે કલંકિત થઈ જાય.

*કમલા:* જો રામ ખરેખર પ્રજામતને મહત્ત્વ આપીને રાજા તરીકેની ફરજ બજાવવા માંગતા હોય તો સીતા તેમની પત્ની જ નહીં, પ્રજા પણ હતી.

*શકરી:* અને જે રીતે સીતાએ રામના વચનને ખાતર તેમની સાથે ૧૪ વર્ષનો વનવાસ વેઠ્યો તેમ રામે પણ સીતાની સાથે વનવાસ વેઠ્યો હોત તો તેણે પતિ તરીકેની ફરજ બજાવી તેનું પ્રમાણ લેખાત.

*આશા:* શકરીબહેન, તમારી વાત સો ટકા સાચી છે. અયોધ્યાના રાજા તરીકેની ફરજ તો રામને બદલે બીજી કોઈ વ્યક્તિ પણ પૂરી કરી શકત પણ સીતાના પતિ અને તેના ગર્ભમાં રહેલા લવ-કુશના પિતા તરીકેની ફરજ તો માત્ર રામ જ બજાવી શકે તેમ હતા. જો રાજ બીજાને સોંપીને રામે સીતા સાથે વનવાસ સ્વીકાર્યો હોત તો એક આદર્શ રાજા ઉપરાંત આદર્શ પતિ, પિતા અને રાજ્યની તમામ સ્ત્રીઓના અધિકારના રક્ષણનો આદર્શ રજૂ કરી શક્યા હોત.

*એકતા:* આ અન્યાય એટલો સ્પષ્ટ છે કે રામની ભગવાન તરીકે પૂજા કરનારા આપણા સમાજમાં પણ આજે રામના આવા વર્તનનો આડકતરો વિરોધ કરતાં અસરકારક ભજનો ગવાય છે.

*નીરુ:* હા, પેલા ભજનમાં નથી કહ્યું?

*બધા:* કયું ભજન, અમને સંભળાવોને...

**રામ રામ રામ...**

દયાના સાગર થઈ ને, કૃપા રે નિધાન થઈ ને
છો ને ભગવાન કેવરાવો
પણ રામ, તમે સીતાજીની તોલે ન આવો
મારા રામ, તમે સીતાજીની તોલે ન આવો

સોળે શણગાર સજી મંદિરને દ્વાર તમે
ફૂલ ને ચંદનથી છો પૂજાઓ
પણ રામ, તમે સીતાજીની તોલે ન આવો
મારા રામ, તમે સીતાજીની તોલે ન આવો

કાચા રે કાન તમે ક્યાં ના ભગવાન તમે
અગ્નિપરીક્ષા કોની કીધી,
તારો પડછાયો થઈ જઈ ને
વગડો રે વેઠ્યો એને લોકોની વાતે ત્યાગી દીધી
પતિ થઈને પત્નીને પારખતાં ન આવડી
છો ને ઘટઘટના જ ગાતા થઈ ફૂલાઓ
પણ રામ, તમે સીતાજીની તોલે ન આવો
મારા રામ, તમે સીતાજીની તોલે ન આવો

તમથીએ પહેલાં અશોક વનમાં
સીતાજી એ રાવણને હરાવ્યો
દૈત્યોના બીચમાં નિરાધાર નારી તો'યે
દસ માથાવાળો ત્યાં ના ફાવ્યો
મરેલાને માર્યો તેમાં કર્યું શું પરાક્રમ
અમથો વિજયનો લૂંટ્યો લ્હાવો

મારા રામ, તમે સીતાજીની તોલે ન આવો

***- અવિનાશ વ્યાસ***



*એકતાઃ* રામાયણમાં સીતા, તો મહાભારતમાં દ્રૌપદીનું પાત્ર પુરુષપ્રધાન વ્યવસ્થા સામે પ્રશ્નો ઊભા કરે છે. તેની વાતમાં થોડા ઊંડા ઊતરીએ તો તે સમયની સ્ત્રીઓની પરિસ્થિતિનો ખ્યાલ આવશે અને આજના સમયમાં પણ તેની કેટલી ઊંડી અસર થઈ છે તે ખબર પડશે. જરા વિચાર કરો, દ્રૌપદીનું ભરી સભામાં વસ્ત્રાહરણ થયું. શા માટે?

*નીરુઃ* કારણ કે તેના પતિ તેને જુગારમાં હારી ગયા હતા.

*કમલાઃ* પણ તેણે તો હિંમતપૂર્વક ભરી સભામાં પોતાને થતા અન્યાય સામે વડીલોને પ્રશ્નો પૂછ્યા હતા. કે તેના પતિ જુગારમાં પહેલાં પોતાની જાતને હાર્યા ત્યાર પછી પત્નીને દાવ પર મૂકવાનો તેમને શો હક્ક છે?

*એકતાઃ* તમારી વાત સાચી છે. દ્રૌપદીની હિમ્મત માટે જરૂર માન થાય પણ યુધિષ્ઠિરે માત્ર પોતાની પત્ની જ નહીં પોતાના ભાઈઓને પણ દાવ પર મૂક્યા હતા. આજના સમયમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિની સ્વતંત્રતાનો સોદો કરી શકે ખરી? પરંતુ તે સમયમાં યુધિષ્ઠિરના એક પણ ભાઈ કે કૌરવોની સભાના કોઈ પણ વિદ્વાનના મનમાં આવો પ્રશ્ન પણ ન ઉઠ્યો! કારણ કે તે જમાનામાં પિતૃસત્તાક પરિવારનું સ્વરૂપ જ એવું હતું કે પરિવારનો મુખ્ય પુરુષ પોતાનાં તમામ કુટુંબીજનોનો માલિક ગણાતો. તેની આજ્ઞાનું પાલન કરવાનું તેમનું કર્તવ્ય હતું.

બીજો પ્રશ્ન એ છે કે શા માટે દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરવામાં આવ્યું? અને શા માટે દ્રૌપદીના પ્રશ્નો અંગે સમગ્ર સભા મૌન રહી? તો તેનો જવાબ એ છે કે હવે દ્રૌપદી એક કુળવધૂ મટીને દાસી બની છે. અને તે જમાનામાં કુળવધૂના શીલ કે સ્વમાનની મર્યાદા જાળવવા યુદ્ધો થતાં પણ દાસી સાથે આવો વ્યવહાર તો રોજેરોજ થતો. દાસ કે દાસીઓને વ્યક્તિ તરીકે કોઈ અધિકારો ન હતા. તેમને માન-સ્વમાન કે હક્ક-અધિકાર ન હતાં.

*કમલાઃ* દ્રૌપદી સાથે જે બન્યું તે આજે પણ આપણા સમાજમાં બને છે. આજના સમયમાં જો આપણા ગામમાં આવું બને તો શું થાય?

*રેશ્માઃ* અરે, તરત જ આપણું મંડળ ભેગું થાય અને મોરચો લઈને જાય સભામાં, સ્ત્રીનું વસ્ત્રાહરણ કરનારને બરોબર પાઠ ભણાવે.

*ફરઝાનાઃ* ઉપરાંત, પોલિસમાં જઈને તેમની પર કાયદેસરનો કેસ પણ કરીએ.

*એકતાઃ* હા, આજે સ્ત્રી પર થતી હિંસા સામે અલગ અલગ રીતે પગલાંઓ લેવાની શક્યતાઓ ઊભી થઈ છે. પરંતુ તે જમાનામાં શું થયું? આ અપમાનમાંથી દ્રૌપદી બચી કઈ રીતે?

*નીરુઃ* તે જમાનામાં સ્ત્રીઓનાં મંડળ ન હતાં તેથી કૃષ્ણ ભગવાને ચીર પૂરીને તેની લાજ બચાવી.

*શકરીઃ* પણ મને તો મનમાં એવું થાય છે કે કૃષ્ણ ભગવાને અદૃશ્ય રહીને ચીર જ શા માટે પૂર્યાં? કેમ દુર્યોધન, દુઃશાસનનો હાથ પકડી તેમને રોક્યા નહીં? એક સ્ત્રીનું અપમાન કરવા બદલ તેમને સજા કેમ ના કરી?

*એકતાઃ* તમારો પ્રશ્ન ખૂબ જ સાચો છે. કૃષ્ણે માત્ર એટલું જ કર્યું કે જેથી દ્રૌપદી સભા સમક્ષ નગ્ન ન થાય અને કુરુકુળની કુળવધૂની લાજ બચી જાય. પણ જો તેને બદલે કોઈ દાસી તરીકે જન્મેલી સ્ત્રી હોત તો તેને કોઈ બચાવત ખરું? કૃષ્ણ તેનો પોકાર સાંભળત? ના. કારણ કે તે જમાનામાં દાસ-દાસી સાથે આવો જ વ્યવહાર કરવામાં આવતો. જે રીતે ગાય, ઘોડા, હાથી જેવા પશુઓ રાજાની સંપત્તિ ગણાતાં તે જ રીતે દાસ-દાસી પણ તેમની સંપત્તિ ગણાતાં અને રાજાઓ તેને દાનમાં કે ભેટમાં પણ આપી શકતા. અને આ તો હજુ વર્ણપ્રથાની શરૂઆત હતી.

*કમલાઃ* વાત તો સાચી. મહાભારતમાં શૂદ્ર કે નીચા વર્ણના ગણાતા એકલવ્ય સાથે ગુરુ દ્રોણે જે અન્યાય કર્યો અને કર્ણને સુતપુત્ર હોવાને કારણે વિદ્યા મેળવવા જે સહન કરવું પડ્યું તેની વાત વાંચીને તો મને ગુસ્સો જ આવી ગયો હતો.

*એકતાઃ* તે જમાનામાં, ખૂબ જ પ્રતિભાશાળી હોવા છતાં શૂદ્રોને બ્રાહ્મણ અને ક્ષત્રિયની જેમ શિક્ષણ લેવાનો અધિકાર ન હતો. તો તેમની સ્ત્રીઓના અધિકારોનો તો વિચાર પણ ક્યાંથી કરાય? અને ઉચ્ચ વર્ણની સ્ત્રીઓને પણ પુરુષો જેવું નહીં પણ ખાસ જુદા પ્રકારનું મર્યાદિત શિક્ષણ જ મળી શકતું.

આમ, મહાભારત કાળમાં ઊંચનીચના ભેદભાવવાળી વર્ણવ્યવસ્થાની શરૂઆત થઈ ચૂકી હતી અને ત્યાર બાદ મનુસ્મૃતિના સમયમાં આ પ્રથા વધુ મજબૂત બની ગઈ.

*આશાઃ* આ મનુસ્મૃતિનું નામ તો મેં બહુ વાર સાંભળ્યું છે. તે પુસ્તકમાં શું હતું તે વિગતે કહોને.

*એકતાઃ* તેની વાત હવે આવતી મીટિંગમાં કરીશું.

# પિતૃસત્તા અને જ્ઞાતિ પ્રથાઃ મનુસ્મૃતિનો સમય

*એકતાઃ* મનુસ્મૃતિનો સમય એટલે કે આશરે ત્રણ હજાર વર્ષ પહેલાંની વાત. તે પુસ્તકમાં તે સમયના કાયદા-કાનૂનો લખેલા છે. આજે પણ હિંદુઓના કૌટુમ્બિક કાયદાઓનું અર્થઘટન કરતી વખતે મનુસ્મૃતિને ટાંકવામાં આવે છે. તમે તેના વિશે શું સાંભળ્યું છે?

*આશાઃ* હું જ્યારે પણ છૂટા થવાની વાત કરું તો મારાં ફોઈબા મને મનુ મહારાજની વાત કહે છે કે, "સ્ત્રીને સ્વતંત્ર હોવાનો અધિકાર જ નથી. સ્ત્રીએ બાળપણમાં પિતાના, યુવાનીમાં પતિના અને વૃદ્ધા થાય ત્યારે પુત્રને આશરે રહેવું." શું આ તે જ મનુસ્મૃતિની વાત છે?

*કમલાઃ* મેં તો સાંભળ્યું છે કે મનુસ્મૃતિમાં એવું પણ લખ્યું છે કે "જ્યાં સ્ત્રીઓની પૂજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ છે."

*એકતાઃ* હા, પણ તે જ સ્ત્રીની પૂજા કે જે ઉચ્ચ વર્ણની હોય અને આશાએ જણાવ્યું તેવા પતિવ્રતા ધર્મનું પાલન કરે. મનુસ્મૃતિમાં બ્રાહ્મણોના વંશની શુદ્ધતા જાળવવા તેમની સ્ત્રીઓ માટે પવિત્રતા અને પતિવ્રતાના અનેક નિયમો છે. જે સ્પષ્ટ દર્શાવે છે કે તે સમયે સમાજમાં મહેનત કરનાર શૂદ્રો અને તમામ વર્ણની સ્ત્રીઓનું સ્થાન કેવું હતું. દા.ત. તેમાં સ્ત્રી પર બળાત્કાર કરનારની સજા પણ તે સ્ત્રી અને પુરુષના વર્ણને આધારે નક્કી થતી. જેમ કે, જો કોઈ 'અબ્રાહ્મણ' પુરુષ (કહેવાતી નીચલી જ્ઞાતિનો પુરુષ) કોઈ બ્રાહ્મણ સ્ત્રી પર બળાત્કાર કરે તો તેને સૂકા ઘાસમાં અગ્નિ પ્રગટાવી સળગાવી દેવાની સજા થતી અને કોઈ બ્રાહ્મણ પુરુષ 'અબ્રાહ્મણ' વર્ણની સ્ત્રી પર બળાત્કાર કરે તો તેને માત્ર દંડની સજા કરવામાં આવતી.

*ફરઝાના:* અરે, આ તો કેવો કાયદો! બળાત્કાર તો દરેક સ્ત્રી માટે દોઝખ જેવો અનુભવ છે. પછી તે બ્રાહ્મણ હોય કે શૂદ્ર.

*એકતા:* કારણ કે સ્ત્રીને વ્યક્તિ નહીં પરંતુ તેના કુટુંબની કે વર્ણની મિલકત ગણવામાં આવતી અને બળાત્કારને સ્ત્રી પરની હિંસા તરીકે નહીં પરંતુ સ્ત્રી જે પુરુષ કે વર્ણની છે તેની પવિત્રતા અને અધિકારો પરના હુમલા તરીકે જોવાતો. પવિત્રતા અને પતિવ્રતાના નિયમો માત્ર ઉપલા વર્ણની સ્ત્રીઓ માટે હતા. તેઓ પતિના મૃત્યુ પછી કડક નીતિ-નિયમો સાથે વૈધવ્ય પાળવાની ફરજ પાડતી જ્યારે નીચલા ગણાતા વર્ણની સ્ત્રીઓ પતિના મૃત્યુ પછી બીજા લગ્ન કે ફૂલહાર કરી શકતી.

*કમલા:* પણ આવું શા માટે હતું? અલગ અલગ વર્ણની સ્ત્રીઓ માટે અલગ અલગ કાયદા કેમ હતા?

*એકતા:* કારણ કે ઉપલા વર્ણના લોકો એટલે કે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય દ્વિજ ગણાતા એટલે કે તેમને જનોઈ પહેરવાનો અધિકાર અને યજ્ઞોપવિત થાય એટલે તેમનો બીજો જન્મ થયો એવું મનાતું. તેમને કેટલાક ખાસ ધાર્મિક, સામાજિક, આર્થિક અધિકારો હતા અને તેથી તેમની પાસે સંપત્તિ હતી. પોતાની સંપત્તિ પોતાના જ વંશના વારસદારને મળે તે માટે તેમની પત્નીઓની 'પવિત્રતા' મહત્ત્વની હતી. તે માટે તેમની જાતીયતા પર અંકુશ રાખવા આ વર્ણની સ્ત્રીઓને જનાનામાં રહેવાની ફરજ પાડવામાં આવતી અને તેમને ઉત્પાદનનું કોઈ કામ કરવાની છૂટ હતી નહીં કે જેથી અન્ય કોઈ પરપુરુષ સાથે તેઓ સંપર્કમાં પણ ન આવે.

તો બીજી બાજુ શૂદ્ર એટલે કે મહેનત-મજૂરી કરનાર વર્ગ પાસે સંપત્તિ હતી નહીં. આ જ વર્ગ સમાજને ટકાવવા માટે જરૂરી અનાજ, કાપડ અને મોજશોખની તમામ ચીજ-વસ્તુઓ પેદા કરતો. જો તેમની સ્ત્રીઓ ઉત્પાદનના કામમાં મહેનત ન કરે તો સમાજ ચાલે જ નહીં. આ સ્ત્રીઓની મહેનત અને તેમના શરીર પર પણ તેમના પતિ ઉપરાંત તેમના માલિકોનો હક્ક રહેતો. તેમના માટે પવિત્રતા અને પતિવ્રતાપણાનું એટલું મહત્ત્વ ન હતું. આમ, વર્ગ, જ્ઞાતિ અને સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા એકબીજા સાથે સંકળાઈ ગયાં.

*શકરી:* હા, આજે પણ અમારા 'નાતરિયા નાત'માં વિધવા થાય તો ફરી ફૂલહાર થઈ શકે છે. બામણ, વાણિયા ને રજપૂતો જેવું અમારામાં નથી.

*રેશ્મા:* એનો અર્થ એમ કહી શકાય કે ઉપલા વર્ગ અને જ્ઞાતિની સ્ત્રીઓ પર કુટુંબમાં વધારે બંધનો હતાં અને તેમનું શોષણ થતું.

*કમલા:* અને નીચલા વર્ગ અને જ્ઞાતિની સ્ત્રીઓ પર કુટુંબનાં બંધનો ઓછાં હતાં પરંતુ ઉપલા જ્ઞાતિના પુરુષો દ્વારા પણ તેમનું શોષણ થતું?

*એકતા:* તમે એકદમ સાચું સમજ્યા. જ્ઞાતિ અને પિતૃસત્તાના તાણાવાણા વણેલી આ પ્રકારની વ્યવસ્થાને નારીવાદી લેખિકાઓ બ્રાહ્મણવાદી પિતૃસત્તા કહે છે.

*આશા:* તમે આને બ્રાહ્મણવાદી પિતૃસત્તા કહો છો તો શું જ્ઞાતિપ્રથા અને પિતૃસત્તા માત્ર હિંદુ ધર્મમાં જ જોવા મળે છે?

*એકતા:* જ્ઞાતિ વ્યવસ્થાનો જન્મ હિંદુ ધર્મ સાથે સંકળાયેલો છે. અનેક સામાજિક અને આર્થિક બદલાવોની સાથે તેમાં ફેરફારો પણ થયા છે, પરંતુ ઊંચનીચના ભેદભાવ વાળી આ જ્ઞાતિ વ્યવસ્થા એટલી તો જક્કી છે કે અલગ અલગ સમાજ વ્યવસ્થામાં તે ફેરફારો સાથે પણ ટકી રહી છે. અને ભારતમાં જે કોઈ ધર્મના લોકો આવીને સ્થાયી થયા તેમના ધર્મમાં જ્ઞાતિપ્રથા ન હોવા છતાં તેમના રોજબરોજના વ્યવહારમાં તે ઘૂસી ગઈ છે. જેમ કે, મૂળ ઈસ્લામમાં જ્ઞાતિ પ્રથા નથી પરંતુ ભારતીય મુસલમાનોમાં આવા ભેદભાવો જોવા મળે છે. અને રહી વાત પિતૃસત્તાની, તો પિતૃસત્તાનું સ્વરૂપ અલગ અલગ દેશ, ધર્મ અને સંસ્કૃતિ પ્રમાણે બદલાય છે પણ સ્ત્રી પરના મૂળભૂત અંકુશો તો કાયમ જ રહે છે.

*રેશ્મા:* તે આ પિતૃસત્તાના મૂળભૂત અંકુશો એટલે શું?

*નીરુ:* પિતૃસત્તા એટલે પિતાની સત્તા?

*એકતા:* પિતૃસત્તાને પુરુષપ્રધાન સમાજવ્યવસ્થા પણ કહેવાય છે તેનો અર્થ માત્રા પિતાની સત્તા જ નથી. પિતૃસત્તા કે પુરુષોના વર્ચસ્વવાળી સમાજવ્યવસ્થા એટલે એવી વ્યવસ્થા કે જેમાં સ્ત્રીની શ્રમશક્તિ, પ્રજનનશક્તિ અને જાતીયતા પર કુટુંબ, સમાજ અને રાજ્યનો અંકુશ હોય. (પિતૃસત્તાની વ્યાખ્યા અંગે વધુ વિગતો માટે પરિશિષ્ટ વાંચો.)

શ્રમશક્તિ એટલે કે સ્ત્રીનું કામ કરવાની શક્તિ. સ્ત્રી સવારથી સાંજ ઘરનું કામ કરે પણ તેની કોઈ કિંમત નહીં.

*નીરુ:* હા, એમ જ કહેવાય કે મફતના રોટલા તોડે છે.

*ફરઝાના:* પણ બહાર કામ કરવું કે નહીં તે સ્ત્રી જાતે નક્કી ન કરી શકે.

*આશા:* અને પાછું કહેવાય એવું કે 'તમારે કામ કરવું હોય તો કરો, પણ ઘર ને છોકરાં સંભાળીને કરો.'

*શકરી:* ના હોં બહેન, અમારામાં તો મજૂરી કરવી જ પડે. મજૂરી કરતાં ના આવડે તે સ્ત્રીનાં લગન પણ ન થાય.

*એકતા:* હા, કારણ કે મેં કહ્યું તેમ પિતૃસત્તા બ્રાહ્મણવાદી એટલે કે ઊંચનીચના ભેદભાવવાળી જ્ઞાતિ પ્રથા પર આધારિત છે, તેથી અલગ અલગ જ્ઞાતિની સ્ત્રીઓ પર અંકુશના પ્રકાર પણ જુદા જુદા છે. ઉપરાંત, સમાજ પણ સ્ત્રીને અમુક જ પ્રકારના કામમાં તક આપે અને એકસરખા કામ માટે પણ સ્ત્રીને ઓછો પગાર મળે. સ્ત્રી ઘરનું કામ ન કરે તો કોઈ સમાજ ન ચાલી શકે, છતાં દેશની રાષ્ટ્રીય આવકમાં સ્ત્રીના કામની ગણતરી ના થાય.

*રેશ્મા:* જો સ્ત્રીઓ ઘરનું કામ કરવાની હડતાળ પાડે તો?

*નીરુ:* તો જ કદાચ સમાજને સ્ત્રીના કામની કિંમત સમજાય.

*એકતા:* સ્ત્રીની પ્રજનન શક્તિ પર પણ વિવિધ રીતે અંકુશ રાખવામાં આવે છે. જેમ કે, માતૃત્વના, માના પ્રેમના, ખૂબ ગુણગાન ગવાય પણ કોઈ સ્ત્રી કુંવારી માતા બને અથવા વારંવાર પુત્રીઓની માતા બને ત્યારે તેને હડધૂત કરવામાં આવે. ને બાળકને જન્મ આપવાની, ઉછેરવાની જવાબદારી માતાની, પણ બાળક પાછળ માતાનું નહીં પિતાનું નામ લખાય.

*આશા:* અને બાળક પર પણ તેનો જ અધિકાર રહે.

*એકતા:* જે દેશમાં ઓછી વસ્તી હોય ત્યાં સ્ત્રીને વધારે બાળકો પેદા કરવા દબાણ અને ભારત જેવા દેશમાં ઓછાં બાળકો પેદા કરવા દબાણ કરવામાં આવે.

*ફરઝાના:* ને છોકરાં ન થાય તેની જવાબદારી તો પાછી ઓરતની જ. આંકડી કે ગોળી વાપરો કે પછી ઓપરેશન કરાવો. તે બધું જ ઓરતોને, મરદ તો છૂટા ને છૂટા.

*કમલા:* તમે સરકાર ને પુરુષોની વાત કરો છો. પણ આજકાલ તો

ધર્મ બચાવવાના નામે ચાલતી સંસ્થાઓ પણ સ્ત્રીને બાળકો પેદા કરવાની સલાહ આપતા થઈ ગયા છે. થોડા વખત પહેલાં અમારા મહોલ્લામાં એક ધાર્મિક સંસ્થાના કાર્યક્રમમાં વક્તાઓ જોર જોરથી સ્ત્રીઓને કહેતા હતા કે જો આપણી સ્ત્રીઓ વધારે બાળકોને જન્મ નહીં આપે તો થોડા વખતમાં ભારતમાં હિંદુઓ લઘુમતીમાં મૂકાઈ જશે.

*શકરી:* આ લોકો સ્ત્રીઓને તો જાણે બાળક જણવાનું મશિન સમજે છે?

*એકતા:* આવો ખોટો પ્રચાર કરનારાઓ એક બાજુ હિન્દુ-મુસલમાન વચ્ચે ભાગલા ઊભા કરે છે ને બીજી બાજુ હિન્દુ સ્ત્રીઓની પ્રજનન શક્તિ પર પોતાનો અંકુશ સ્થાપવા માંગે છે.

*રેશ્મા:* ને જાતીયતા પર અંકુશ કઈ રીતે રાખવામાં આવે છે?

*એકતા:* જાતીયતા પર અંકુશ એટલે પોતાના શરીર પર સ્ત્રીનો કોઈ અધિકાર નહીં. પુરુષ ધારે તે કરે, સ્ત્રીએ મર્યાદામાં જ રહેવાનું.

## પિતૃસત્તાક વ્યવસ્થામાં સ્ત્રીઓ પરના અંકુશના પ્રકાર

### ઉત્પાદકતા અને શ્રમશક્તિ પર અંકુશ

- ઘરના કામનું કોઈ મૂલ્ય નહીં
- વેતન માટે કામ કરવું કે નહીં, તેના નિર્ણય પર પુરુષોનો અંકુશ
- વેતન માટે કામની પસંદગી, ક્યાં કામ કરવું, કયા સમયે કરવું, ક્યારે છોડી દેવું, વગેરે પર અંકુશ
- સ્ત્રીના કામનું કેટલું વેતન આપવું તેની પર અંકુશ
- સ્ત્રીઓના પગારનો ઉપયોગ કઈ રીતે કરવો

### પ્રજનન શક્તિ પર અંકુશ

- બાળકને જન્મ આપવો કે નહિ
- ગર્ભ નિરોધક વાપરવાં કે નહિ
- ક્યારે સગર્ભા થવું
- કેટલાં બાળકોને જન્મ આપવો
- કઈ જાતિના બાળકને જન્મ આપવો
- બાળકો પર કોનો અધિકાર, બાળકો કોના નામે ઓળખાય

*નીરુ:* સાદા શબ્દોમાં કહીએ તો, 'સ્ત્રી એટલે માટીની કુલડી ને પુરુષ એટલે પિત્તળનો લોટો'.

*કમલા:* બરોબર, રસ્તે ચાલતા પુરુષો પણ ફાવે તેમ બોલે ને છેડતી કરે. પણ આપણે ફરિયાદ કરીએ તો કહે તારો જ કાંઈક વાંક હશે.

*રેશ્મા:* ને પાછા કહે કે, "તમે આજકાલની છોકરીઓ બહુ ફેશન કરો છો ને એટલે જ આવું થાય છે".

*આશા:* રસ્તે ચાલતાની ક્યાં વાત કરો છો. આપણો પોતાનો માણસ પણ આપણી મરજી-નામરજી જોયા વગર જ... સાજા-માંદા હોઈએ કે થાકેલા હોઈએ તોય... જાણે લગ્ન કર્યા એટલે આપણે એમના ગુલામ.

*શકરી:* ને સ્ત્રી એકલી હોય તો એકની નહીં, આખા સમાજના પુરુષોની ગુલામી વેઠવાની. મજૂરી કરીએ એટલે શેઠિયો ને મુકાદમ જ નહીં બીજા પુરુષ મજૂરો પણ નજર બગાડે ને

**જાતીયતા પર અંકુશ**

- સ્ત્રી અને પુરુષ માટે જાતીયતાનાં બેવડાં ધોરણો
- શીલ-પવિત્રતા માત્ર સ્ત્રી માટે જ
- સ્ત્રીનું શરીર શરમજનક વસ્તુ છે તેવાં મૂલ્યો
- સ્ત્રીએ કોની સાથે કેટલું હસવું, બોલવું કે કેવો સંબંધ રાખવો તેની પર અંકુશ
- લગ્ન કરવાં કે નહિ, ક્યારે કરવાં, કોની સાથે કરવાં તેની પર અંકુશ
- લગ્ન પછી જાતીય સંબંધોમાં પુરુષની ઈચ્છાનું પ્રભુત્વ



મુકાદમને ફરિયાદ કરીએ તો કહે 'ઈજ્જત'ની એટલી બધી પડી હોય તો ઘરમાં જ બેસી રહો ને!

*એકતા:* આ પણ બ્રાહ્મણવાદી પિતૃસત્તાની માનસિકતા છે કે કહેવાતા 'સારા ઘર'ની સ્ત્રી પોતાની પવિત્રતા સાચવવા ઘરમાં જ રહે ને મજૂર વર્ગની સ્ત્રી પર કંઈ થાય તો એ કંઈ મોટો ગુનો નથી.

*રેશ્મા:* હા પેલા ગીતમાં છે ને... ઘર ખૂણે કેદ કર્યા, ઘરકૂકડી નામ દીધા, નીકળ્યાં જો બહાર ત્યારે પળ પળ બદનામ કીધાં...



## સરખી સહિયર અમે સાથ સાથ ઘૂમશું

સરખી સહિયર અમે સાથ સાથ ઘૂમશું
શેરીમાં સાદ કરી કહીશું રે લોલ....
કેટલા જમાનાથી વેઠી છે વેદના,
આવડો જુલમ નહીં સહીશું રે લોલ....

ઘરખૂણે કેદ કર્યાં, ઘર કૂકડી નામ દીધાં,
નીકળ્યાં જો બહાર, ત્યારે પળ પળ બદનામ કીધાં,
એવાં અપમાન નહીં સહીશું રે રોલ....

કુળની મર્યાદા અને ધર્મોની જાળમાં,
રૂઢિ-રિવાજ અને ઘરની જંજાળમાં,
કેટલા દિવસ હવે રહીશું રે લોલ....

આપણાં દુ:ખોને હવે આપણે જ ફેડવાં
ટક્કર ઝીલવી છે હવે આંસુ ના રેડવાં,
વજ્જર હૈયાનાં અમે થઈશું રે લોલ....

સાથે મળીને અમે શમણાં ઉછેરશું,
સદીઓ પુરાણા આ બંધનને તોડશું,
ખળખળતી નદીઓ થઈ વહીશું રે લોલ....



**- ડૉ. સરૂપ ધ્રુવ**

*એકતાઃ* મનુસ્મૃતિમાં હતી એવી જ ત્રણ હજાર વર્ષ પહેલાંની માનસિકતા આજે પણ ઘણી વાર જોવા મળે છે.

*આશાઃ* પણ આવી અન્યાયી બ્રાહ્મણવાદી વ્યવસ્થા સામે સમાજમાંથી કોઈ વિરોધ ના થયો?

*એકતાઃ* થયો હતો. બૌદ્ધ અને જૈન ધર્મ બ્રાહ્મણવાદી વર્ચસ્વના વિરોધ રૂપે જ શરૂ થયા હતા. તેમની વાત હવે પછીની મીટિંગમાં કરીશું.

# બ્રાહ્મણવાદી વર્ચસ્વ સામે બૌદ્ધ ધર્મ અને ભક્તિ ચળવળ

*એકતા:* ધીમે ધીમે બ્રાહ્મણ વર્ગનું વર્ચસ્વ સમાજમાં વધતું ગયું તેમ તેમ તેમણે ધર્મના નામે કર્મકાંડ, રીત-રિવાજનો ઉપયોગ કરી અન્ય વર્ણોનું વધારે ને વધારે શોષણ કરવા માંડ્યું. શાસ્ત્રો સંસ્કૃતમાં લખાયેલાં હતાં અને શાસ્ત્રો ભણવાનો હક્ક માત્ર બ્રાહ્મણોને જ હતો. તેથી બ્રાહ્મણો ઈશ્વર અને સામાન્ય લોકોની વચ્ચે આડતિયા જેવા બની ગયા હતા. બ્રાહ્મણની મરજી વગર કોઈ પણ ધાર્મિક વિધિ થઈ શકતી નહીં. સામાન્ય લોકોને ધર્મ અને શાસ્ત્રો મારફતે પૂર્વજન્મ અને પુનર્જન્મનો ડર બતાવી બ્રાહ્મણો પોતાની મનમાની કરતા. આ શોષણ અને દમન સામે પડકાર રૂપે બૌદ્ધ અને જૈન ધર્મોનો ઉદય થયો. આ નવા ધર્મોએ બ્રાહ્મણોના વર્ચસ્વ, તેમના કર્મકાંડનો વિરોધ કર્યો અને સંસ્કૃતને બદલે લોકોની રોજબરોજની ભાષામાં ધર્મનો ઉપદેશ આપવા માંડ્યો. ઘણા ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રોએ આ નવા ધર્મને અપનાવ્યો.

*રેશ્મા:* તો શું આ નવા ધર્મમાં સ્ત્રીઓને કોઈ વધારે અધિકાર મળ્યા?

*એકતા:* સમાજમાં જ્યારે જ્યારે પણ કોઈ મોટી ઉથલપાથલ થાય છે ત્યારે સમાજની અડધી વસ્તી એવી સ્ત્રીઓ તેમાં સંકળાયેલી જ હોય છે. અને સમાજના પરિવર્તનની સાથે સાથે સ્ત્રીઓ પોતાની વાત પણ કરે તે સ્વાભાવિક જ છે. તે જ રીતે, બ્રાહ્મણવાદ સામેના બળવામાં પણ સ્ત્રીઓ સામેલ થઈ હતી. જો કે, બૌદ્ધ ધર્મમાં ભિક્ષુણી તરીકે પ્રવેશવા માટે પણ સ્ત્રીઓને સંઘર્ષ કરવો પડ્યો હતો. પણ આખરે ગૌતમ બુદ્ધની પાલક માતા ગૌતમી અને ત્યાર બાદ વૈશાલીની વિખ્યાત નૃત્યકાર આમ્રપાલી બુદ્ધની પ્રથમ શિષ્યા બન્યા. જો કે, તેમને એવી શરતો સાથે પ્રવેશ મળ્યો હતો કે જેથી ભિખ્ખુણીનું



સ્થાન હંમેશાં ભિખ્ખુથી નીચું જ રહે. આમ, પુરુષ ભિક્ષુ અને સ્ત્રી ભિક્ષુણીના અધિકારો સરખા ન હતા પરંતુ પ્રથમ વાર સ્ત્રીઓને પણ સંસાર ત્યજી 'મોક્ષ' માટે સંઘમાં જોડાવાની છૂટ મળી. ઘણી સ્ત્રીઓ માટે આથી પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા સામેનો બળવો કરવાનો એક રસ્તો પણ ખુલ્લો થયો.

*કમલા:* પણ અમને શાળામાં ઈતિહાસમાં બૌદ્ધ ધર્મનાં વિશે જે ભણાવાય છે તેમાં તો જ્ઞાતિપ્રથાનો વિરોધ કે પુરુષપ્રધાન સમાજ સામેના બળવા વિશે કાંઈ જ જણાવવામાં આવતું નથી?

*એકતા:* બૌદ્ધ સમયમાં બૌદ્ધ ભિખ્ખુણીઓએ લખેલાં પદો 'થેરી ગાથા' નામના ગ્રંથમાં સંકલિત કરવામાં આવ્યાં છે. તેમાં પુરુષપ્રધાન સમાજ સામેના બળવાનાં ઉદાહરણો પણ જોવા મળે છે.

*આશા:* થેરી ગાથા?

*એક્તા:* થેરી ગાથા એટલે વડીલ ભિખ્ખુણીઓએ લખેલ ગ્રંથ.

**સુમંગલમાતા નામની બૌદ્ધ ભિખ્ખુણીએ**
**પાલી ભાષામાં લખેલું પદ**

'એક સ્ત્રી મુક્ત થઈ. કેટલી મુક્ત છું હું,
કેટલી આશ્ચર્યજનક રીતે મુક્ત, રસોડાની પળોજણથી
ભૂખની સખત પકડથી મુક્ત,
ને રાંધવાનાં ખાલી વાસણોથી મુક્ત,
તે કપટી પુરુષથી પણ મુક્ત
કે જે સૂર્યપ્રકાશથી બચવાનું કાપડ વણે છે.
હવે શાંત અને ધૈર્યવાન છું હું,
બધાં કામ અને દ્વેષથી પર,
ફેલાયેલા વૃક્ષની છાયામાં હું જાઉં છું.

**એ જ રીતે, મટ્ટા નામની ભિક્ષુણીએ લખ્યું:**

કેટલી મુક્ત છું હું, કેવી રીતે સુખદ રીતે મુક્ત,
ત્રણ તુચ્છ વસ્તુઓથી મુક્ત
ખાંડણિયાથી મુક્ત, સાંબેલાથી મુક્ત અને મારા વાંકા/વિકૃત
સ્વામીથી મુક્ત, હું પુનર્જન્મ અને મૃત્યુથી મુક્ત, અને એ બધું
જ કે જેણે મને દબાવી રાખી હતી તે હવે દૂર ફેંકાઈ ગયું છે.

*નીરુ:* અરે, આ ભિખ્ખુણીઓનાં પદોમાં તો મોક્ષ અને ધ્યાનની સાથે સાથે ચૂલા, ચોકા ને સંસારની જંજાળમાંથી મુક્ત થવાની વાત છે!

*ફરઝાના:* આજથી હજારો વર્ષ પહેલાં પણ સ્ત્રીઓ આવું વિચારી શકે તેની તો મને કલ્પના જ ન હતી.

*કમલા:* મને વિચાર આવે છે કે આજે શ્રીલંકા, થાઈલેન્ડ, બર્મા જેવા દેશોમાં બૌદ્ધ ધર્મમાં માનતા લોકો ઘણા છે પણ ભારતમાં ઓછા છે. આ જોતાં લાગે છે કે બૌદ્ધ ધર્મ ભારતમાં જન્મ્યો પણ તેનો પ્રસાર ભારતમાં પ્રમાણમાં ઓછો થયો હશે.

*એકતા:* બૌદ્ધ ધર્મ જ્યારે શરૂ થયો ત્યારે ભારતમાં તેનો ઘણો પ્રસાર થયો હતો. સમ્રાટ અશોક જેવા પ્રભાવશાળી રાજાએ પણ આખરે તેનો સ્વીકાર કર્યો હતો. પણ તે સમયે બૌદ્ધ ધર્મ અને સ્થાપિત હિંદુ ધર્મના, બ્રાહ્મણવાદી ઠેકેદારો વચ્ચે જબરજસ્ત યુદ્ધો થયાં હતાં. વળી, જેમ જેમ સામાન્ય લોકોમાંથી તે રાજા-મહારાજાઓનો ધર્મ બનતો ગયો તેમ તેમ તેનાં લક્ષણો બદલાવા માંડ્યાં. કોઈ રાજા એક ધર્મ સમર્થન કરે તો બીજો રાજા બીજા કોઈ ધર્મનું. એકબીજાનાં મંદિરો, મઠો પર કબજો જમાવવાના, મઠ તોડીને મંદિર બનાવવાનાં ને મંદિર લૂંટીને મઠ સ્થાપવાનાં ઉદાહરણો પણ ઈતિહાસમાં જોવા મળે છે. અને આખરે બૌદ્ધ ધર્મનું મૂળ બળવાખોર સ્વરૂપ બૂઠું થઈ જતાં તે જાણે હિંદું ધર્મનો જ એક સંપ્રદાય હોય તેમ તેને હિંદુ ધર્મમાં સમાવી લેવામાં આવ્યો.

*નીરુ:* ખરેખર, આજે ઘણુંબધું જાણવા મળ્યું.

*રેશ્મા:* હા, અમને ઈતિહાસ ભણાવે છે તેમાં આ બધી વાતો તો આવી જ નહોતી. પણ આ તો તમે હિંદુ ધર્મની વાત કરી પણ બીજા ધર્મોમાં પિતૃસત્તા સામે બળવો થયો ન હતો?

*આશા:* નહીં જ થયો હોય. જુઓને આ મુસલમાન ધર્મમાં તો આજે પણ સ્ત્રીઓ પર કેટલાં બધાં બંધનો છે.

*ફરઝાના:* એવું નથી. મુસલમાન ધર્મમાં સ્ત્રીઓને ઘણા બધા હક્કો આપવામાં આવ્યા છે પણ સમાજ તેમને છીનવી લે છે.

*નીરુ:* પણ ચાર સ્ત્રીઓ કરવાનો રિવાજ તો મુસલમાન ધર્મમાં છે જ ને?

*એકતા:* ઈસ્લામમાં જે લખ્યું છે તેને આપણે તે સમયના ઐતિહાસિક

સંદર્ભમાં જોવું જોઈએ. જ્યારે અમર્યાદિત સંખ્યામાં પુરુષો લગ્ન કરી લેતા હતા તે જમાનામાં આ એક સુધારો હતો. એક રીતે જોઈએ તો હિંદુ ધર્મમાં તો કેટલી પત્ની થઈ શકે તેની કોઈ મર્યાદા જ નથી. આપણી આગલી પેઢીમાં જુઓ તો એક કરતાં વધારે પત્નીનાં ઉદાહરણ જોવા મળશે. એક લગ્ન ચાલુ હોય ત્યારે બીજા લગ્ન કાયદેસર રીતે ન કરી શકાય તેવો કાયદો હિંદુઓ માટે આઝાદી પછી પસાર કરવામાં આવ્યો. જો કે, તેમ છતાં આજે પણ આવા કિસ્સા જોવા મળે છે.

*આશાઃ* પણ તો પછી તે વખતે મુસલમાનો માટે એવો કાયદો કેમ ન કર્યો?

*એકતાઃ* ભારતમાં અલગ અલગ ધર્મના લોકોને અલગ અલગ કૌટુંબિક કાયદાઓ લાગુ પડે છે. તેની વિગતવાર વાત આપણે ક્યારેક કરવાની જ છે. પણ આજે આપણે ઈસ્લામનો જન્મ કેવા સંજોગોમાં થયો અને તેના પહેલાના સમયમાં સ્ત્રીઓની કેવી પરિસ્થિતિ હતી અને ઈસ્લામના ઉદયમાં સ્ત્રીઓની કેવી ભૂમિકા હતી તેની વાત કરીશું. તમને ખબર છે ઈસ્લામનો જન્મ કેવી રીતે થયો?

*રેશ્માઃ* હા. ઈસ્લામની શરૂઆત હજરત મહમ્મદ પયગંબરે કરી હતી. તેમનો જન્મ ૫૭૦ની સાલમાં અરબસ્તાનના શહેર મક્કામાં થયો હતો. તે વખતે અરબસ્તાનમાં અનેક કબીલાઓ રહેતા અને તેમની વચ્ચે સતત વિખવદ ચાલ્યા કરતો હતો. મક્કામાં તેમના અનેક દેવદેવતાઓની મૂર્તિઓ હતી. તેની તેઓ પૂજા કરતા. તેમને અંધશ્રદ્ધા અને અંધકારમાંથી ઉગારવા અલ્લાહે હજરત મહમ્મદને પયગંબર તરીકો મોકલ્યા અને મક્કા પાસેની એક ગુફામાં પોતાનો સંદેશો આપ્યો.

*ફરઝાનાઃ* અલ્લાહે તેમને વખતોવખત આપેલા સંદેશા કુરાનમાં લખેલા છે. તે ઈસ્લામનું પવિત્ર પુસ્તક છે.

*એકતાઃ* તમને ખબર છે હજરત મહમ્મદનો પયંગબર તરીકે સ્વીકાર કરીને સૌથી પહેલું મુસલમાન કોણ બન્યું?

*કમલાઃ* ના, તમે જ કહો ને?

*એકતાઃ* હજરત મહમ્મદ પયગંબરનાં પત્ની બીબી ખદીજા. આ ખદીજાનું જીવન તેમ જ તેમના પયગંબર સાથેના સંબંધોની વાત ખૂબ જ પ્રેરણાદાયી છે.

*શકરી:* અમને તેમના વિશે કહો ને?

*એકતા:* ખદીજા એક ખૂબ બાહોશ વેપારી હતાં. મધ્યપૂર્વના દેશોમાં તેમની વણઝાર વેપાર માટે ફરતી હતી. તેમનું ખૂબ માન હતું. તેઓ વિધવા હતાં અને અનેક જાણીતા માણસો તેમની સાથે લગ્ન કરવા તૈયાર હતાં પરંતુ ખદીજાએ કોઈને હા પાડી ન હતી. હજરત મહમ્મદ કે જે ઉંમરમાં ખદીજાથી ૧૫ વર્ષ નાના હતા તેમની પર વિશ્વાસ મૂકી પોતાની વણઝાર તેમને સોંપી. ધીમે ધીમે તેઓ હજરત મહમ્મદના ગુણોથી પરિચિત થયા અને તેમની સાથે લગ્ન માટેનો પ્રસ્તાવ મૂક્યો.

*નીરુ:* તો શું સ્ત્રી થઈને સામેથી પ્રસ્તાવ મૂક્યો? અને પોતાના કરતાં ઉંમરમાં મોટી અને વધારે પૈસાદાર અને તેય વિધવા સ્ત્રી સાથે લગ્ન કરવા હજરત મહમ્મદ સહમત થયા?

*એકતા:* હા. તેમનું લગ્ન ખૂબ સાદાઈથી થયું હતું અને જીવનના દરેક તબક્કે તેમણે પયગંબરને સાથ આપ્યો. જ્યારે પયગંબર મહમ્મદને મક્કા પાસેની ગુફામાં અલ્લાહનો સંદશો પ્રથમ વાર મળ્યો ત્યારે તેઓને પયગંબર તરીકે અલ્લાહે પસંદ કર્યા છે તેવી ખાતરી ખદીજાએ જ આપી હતી. પયગંબર જ્યારે ઈસ્લામનો પ્રચાર કરવા માંડ્યા ત્યારે મક્કાના સ્થાપિત સત્તાધારીઓએ તેમને સતાવવામાં કાંઈ બાકી ન રાખ્યું. તે સમયે બીબી ખદીજા તેમના પડખે ઊભા રહ્યા અને ઈસ્લામના પ્રચાર માટે પોતાની સંપત્તિ પણ આપી. આ સંપત્તિનો ઉપયોગ પયગંબરે ગુલામોને મુક્ત કરાવવા માટે, તથા ગરીબો અને જરૂરતમંદોને મદદ કરવા માટે વાપરી. તેમના મૃત્યુ પછી પણ પયગંબરનો તેમના માટેનો પ્રેમ એવો જ રહ્યો હતો. એ જ રીતે, તેમના મૃત્યુ બાદ હજરતે જેની સાથે નિકાહ કર્યા તે આયશાની ભૂમિકા પણ એટલી જ સશક્ત હતી. આયશા તેમના ખૂબ નજીકના સાથી અબુ બકરની દીકરી હતા અને તેઓ પયગંબર કરતાં ઘણા નાનાં હતા અને ખૂબ સરસ યાદશક્તિ ધરાવતાં હતાં. પયગંબરનાં વિધાનો, ઈસ્લામની પરંપરા અને ઈતિહાસના સૌથી મહત્ત્વના વિદ્વાનોમાં તેમની ગણતરી થાય છે. કુરાન અને હદિસની આયતો લખવામાં તેમની ભૂમિકા મહત્ત્વની હતી. આમ, ઈસ્લામિક કાયદા બનાવવામાં અને તેનું જ્ઞાન ફેલાવવામાં પણ તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો. પયગંબરના સાથીદારો જ્યારે તેમનાં વિધાનો

સમજવામાં કોઈ મુશ્કેલી અનુભવે ત્યારે આયશાને પૂછતા. તેઓ ખૂબ સારા વક્તા પણ હતાં. અને યોદ્ધા તરીકે પણ તેમણે ભૂમિકા ભજવી હતી.

*કમલાઃ* અમને તો આ વાતોની ખબર જ ન હતી કે ઈસ્લામની શરૂઆતના સમયમાં સ્ત્રીઓનું આટલું મહત્ત્વ હતું. હવે અમને એ કહો કે ઈસ્લામના પહેલાંના સમય કરતાં તે કઈ રીતે વધારે સારું હતું.

*એકતાઃ* ઈસ્લામના આગમન અગાઉના સમયમાં અરબસ્તાનમાં અલગ અલગ કબીલાના લોકો વચ્ચે ઝઘડાઓ ચાલ્યા જ કરતા હતા અને સ્ત્રીનું સ્થાન પુરુષની મિલકત જેવું જ હતું. ભારતમાં જે રીતે કેટલીક જ્ઞાતિઓમાં નવજાત પુત્રીઓની હત્યા કરવામાં આવતી તે જ રીતે ત્યાં પણ દીકરીને જીવતી દફનાવી દેવાની પ્રથા હતી. પરંતુ પયગંબરે કહ્યું કે જે દીકરીને જીવતી દફનાવી નહીં દે, તેનો તિરસ્કાર નહીં કરે અને દીકરી કરતાં દીકરાને વધારે મહત્વ નહીં આપે તેને ખુદા સ્વર્ગમાં મોકલશે.

તે જ રીતે, બીજો એક રિવાજ હતો કે પુરુષનું મૃત્યુ થાય ત્યારે તેની તમામ સંપત્તિની જેમ તેની સ્ત્રી પણ તેના વારસદારની ગણાતી. ઈસ્લામમાં આની મનાઈ ફરમાવવામાં આવી. અને નિકાહ એટલે એવા લગ્નની હિમાયત કરવામાં આવી કે જેમાં સ્ત્રીને પસંદગી પૂછવામાં આવે, તે જેટલું મેહર જણાવે તેટલું તેના પતિએ તેને આપવું પડે.

*આશાઃ* હા, અમે જોયું છે કે નિકાહ વખતે છોકરીને પૂછે છે કે કબૂલ હૈ... અને છોકરી હા પાડે ત્યારે જ નિકાહ મંજૂર થાય.

*નીરુઃ* આ મહેર એટલે શું?

*ફરઝાનાઃ* મહેર એ છોકરીનો હક્ક ગણાય, તે જે માંગે તે તેના પતિને આપવું પડે. તેમાં સ્ત્રી શોહરની હેસિયત મુજબ જીવનભરના ભરણપોષણ જેટલી રકમ પણ માંગી શકે. જો કે, આજકાલ તો મહેર એટલું ઓછું થઈ ગયું છે કે ચાર દિવસ પણ ગુજારો ના થાય.

*એકતાઃ* ઈસ્લામના શરૂઆતના સમયમાં સ્ત્રીઓને બુરખામાં રહેવાની ફરજ પાડવામાં આવતી નહીં અને તેઓને મસ્જિદમાં જવાની પણ મનાઈ ન હતી. બીબી ખદીજા અને આયશાના જીવન પરથી કહી શકાય કે સ્ત્રીઓને સંપત્તિમાં, રાજકારણમાં,

ધાર્મિક બાબતોમાં અને કાયદા બનાવવામાં પણ મહત્ત્વનું સ્થાન હતું.

*કમલા:* ખરેખર આ જાણ્યા પછી લાગે છે કે ઈસ્લામ તેના સમયનો એક ક્રાંતિકારી ધર્મ હતો. પરંતુ આજે કેમ મુસલમાન સ્ત્રીઓની જુદી જ પરિસ્થિતિ જોવા મળે છે?

*એકતા:* હા. બૌદ્ધ ધર્મની જેમ ઈસ્લામમાં રહેલી સામાજિક સુધારાની ધાર પણ ધીરે ધીરે બૂઠ્ઠી થઈ ગઈ. શરૂઆતનાં વર્ષોમાં પયગંબરે પોતે, તેમજ તેમના પછી આવેલા વારસદારો જેઓ ખલીફા તરીકે ઓળખાતા હતા. તેઓ ખૂબ સાદું જીવન જીવતાં, પણ જેમ જેમ ઈસ્લામનો ફેલાવો થતો ગયો તેમ તેમ તેના ખલીફાઓ સુખ-સપંત્તિની ચુંગાલમાં ફસાતા ગયા અને એક તબક્કો એવો આવ્યો કે ગુલામી પ્રથા અને સ્ત્રીઓની ગુલામીને પણ ધર્મના નામે વાજબી ગણવાની દલીલો કરવા માંડ્યા. આજે દુનિયાના અલગ અલગ દેશોમાં મુસલમાનો રહે છે અને તે દરેક દેશના રીત-રિવાજો તેમજ કાયદા પણ અલગ અલગ છે. ઘણા ઈસ્લામિક દેશોના કાયદામાં સ્ત્રીઓ તરફી અનેક સુધારા થયા છે. ભારતમાં આવી સ્થિતિ કેમ છે તેની વાત આપણે જ્યારે કૌટુમ્બિક કાયદાઓની વાત કરીશું ત્યારે ફરીથી વિગતે ચર્ચીશું.

*કમલા:* બૌદ્ધ ધર્મ પછી હિંદુ ધર્મના બ્રાહ્મણવાદ સામે ફરી કોઈ બળવો ના થયો?

*એકતા:* વળી, પાછો એક જુદા પ્રકારનો બળવો મધ્ય યુગમાં ભક્તિ ચળવળ તરીકે જોવા મળે છે. જેવી રીતે બૌદ્ધ ભિક્ષુણીઓ સમાજના સ્થાપિત ધર્મની વિરુદ્ધ વિદ્રોહને કારણે બંધનોમાંથી બહાર નીકળી શકી હતી તેવી રીતે ભક્તિ ચળવળમાં પણ ભારતના જુદા જુદા ભાગોમાં અનેક ભક્ત સ્ત્રીઓ બહાર આવી.

*આશા:* હા, ભક્ત કવિ મીરાંબાઈ વિશે અમે જાણીએ છીએ. મીરાંએ પતિનું ઘર છોડ્યું, મહેલ છોડ્યો અને ગલીઓમાં સાધુસંતો અને ગરીબ ભક્તો સાથે ફરવામાં સુખ જોયું.

*ફરઝાના:* અમને ભક્તિ ચળવળ વિશે વિગતે કહો ને.

**ભક્તિ ચળવળ**

*એકતા:* ભક્તિ ચળવળની શરૂઆત ૮મી સદીમાં દક્ષિણ ભારતમાં થઈ અને ત્યાર બાદ કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન,

પંજાબ, કાશ્મીર, બંગાળ, આસામ એમ ભારતના અલગ અલગ ભાગોમાં એકબીજાથી સ્વતંત્ર રીતે ભક્તો, સંતો, સૂફી સંતો અને તેમને માનનારા અનુયાયીઓનો ફેલાવો થતો જોવા મળે છે. સ્થાપિત હિંદુ ધર્મમાં વ્યાપેલા ઉચ્ચ જ્ઞાતિના બ્રાહ્મણવાદી વર્ચસ્વ સામે ભક્તિ ચળવળમાં સંતો અને અનુયાયીઓ તરીકે ધોબી, ચમાર, વણકર, ઘાંચી, કુંભાર, લુહાર, સોની, ખેડૂત જેવી જ્ઞાતિનાં સ્ત્રી-પુરુષો મોટા પ્રમાણમાં જોડાયાં.

*કમલા:* શા માટે આ જ સમય દરમ્યાન ભક્તિ ચળવળ વિકસી?

*એકતા:* કેટલાક લોકો કહે છે કે ભારતમાં પ્રસરી રહેલા મુસ્લિમ ધર્મની સામેની આ પ્રતિક્રિયા હતી.

*નીરુ:* અમે સાંભળ્યું છે કે મુસલમાનોએ હિંદુઓનાં કેટલાંય મંદિરો તોડ્યાં અને જબરજસ્તી લોકોને વટલાવીને મુસલમાન બનાવ્યા હતા.

*એકતા:* તમે જે વાત સાંભળી છે તે અધૂરી છે. કેટલાક મુસલમાન રાજાઓએ મંદિરો લૂંટ્યાં હતાં તો હિંદુ રાજાઓએ પણ લૂંટ્યાં હતાં.

*શકરી:* હિંદુ રાજાઓ શા માટે મંદિર લૂંટે?

*એકતા:* કારણ કે તે રાજા હતા. આજે આ વાતને 'હિંદુ-મુસલમાન' ઝઘડા તરીકે જોવામાં આવે છે પણ હકીકતમાં મધ્ય યુગનો ઈતિહાસ જોઈએ તો ખબર પડે કે તે સમયના દરેક રાજાનું મુખ્ય ધ્યેય પોતાનું રાજ્ય વધારવાનું હતું અને તે માટે બીજા રાજાની હદમાં તેઓ આક્રમણ, લૂંટફાટ કરતા અને મંદિરો પણ લૂંટતા કારણ કે મધ્ય યુગમાં મંદિરોમાં અઢળક ધન-સંપત્તિ રહેતાં.

*આશા:* માન્યામાં નથી આવતું.... કોઈ એવા રાજાનું ઉદાહરણ તો આપો.

*એકતા:* દા.ત. ટીપુ સુલતાનના રાજ્યમાં આવેલા શ્રીરંગપટ્ટમ મંદિરને મરાઠાઓએ તોડ્યું અને ટીપુ સુલતાને તે ફરીથી બનાવ્યું. અગિયારમી સદીના કાશ્મીરના રાજા હર્ષના રાજ્યમાં મંદિરો તોડવા ખાસ અધિકારી હતા તેવું 'રાજતરંગિણી' નામના પુસ્તકમાંથી જાણવા મળે છે. એ જ રીતે મુસલમાન રાજાઓએ મસ્જિદો પણ તોડી છે. મહમ્મદ ગઝનીએ સોમનાથ પર

હુમલો કર્યો ત્યારે રસ્તામાં તેને મહમ્મદ ફતહ દાઉદ નામના રાજા સાથે યુદ્ધ કરવું પડ્યું અને તેની હદમાં આવેલી એક મસ્જિદો પણ તેણે તોડી.

*કમલા:* હા, અકબર જેવા ઘણા મુસલમાન રાજાઓએ બંને ધર્મના લોકોને પોતાના દરબારમાં ઊંચાં સ્થાન આપ્યાં અને તેમની રાણી જોધાબાઈને લગ્ન પછી હિંદુ ધર્મ પાળવાની સગવડ કરી આપી હતી. પણ ઓરંગઝેબ જેવા કેટલાક રાજાઓને કારણે બધા મુસલમાન રાજાઓ બદનામ થાય છે.

*એકતા:* જો કે, ઓરંગઝેબ વ્યક્તિગત રીતે ચુસ્ત મુસલમાન હતો પરંતુ રાજા તરીકે તેણે હિંદુ મંદિરોને નિભાવ ખર્ચ આપ્યો હોવાના દસ્તાવેજો પણ મળે છે. તેના સૈન્યમાં અનેક હિંદુ સરદારો હતા તો સામે શિવાજીના સૈન્યમાં અનેક મુસલમાન સરદારો હતા. શિવાજીના તોપખાનાના પ્રમુખ ઈબ્રાહિમ ગારદી હતા અને તેમના એક મંત્રી મૌલાના હૈદરઅલી હતા.

*આશા:* પણ મુસલમાનોના આક્રમણને કારણે આ સમયમાં સ્ત્રીઓને પરદામાં રાખવાની પ્રથા અને જોહરની પ્રથા ચાલુ થઈ તે વાત તો સાચી જ ને? અલ્લાઉદ્દીન ખિલજીના જુલમથી બચવા રાણી પદ્મિનીએ જોહર કરી જીવતા ચિતા પર ચડવુ પડ્યું હતું તેવું મેં વાંચ્યું છે.

*એકતા:* મધ્ય યુગમાં રાજાઓને સામંતોના સતત યુદ્ધોને કારણે સ્ત્રીઓ પરના અંકુશ વધ્યા તે વાત સાચી પણ તેને હિંદુ-મુસલમાન તરીકે જોવાની રીત ખોટી છે. જે રીતે પદ્મિનીની વાત તમે વાંચી તે રીતે રાણી કર્ણાવતી અને હુમાયુંની વાત પણ એટલી જ જાણીતી છે.

*રેશ્મા:* બરોબર, ચિતોડની રાણી કર્ણાવતીના રાજ્ય પર જ્યારે ગુજરાતના સુલતાને હુમલો કર્યો, ત્યારે તેનાથી બચવા કર્ણાવતીએ દિલ્હીના સુલતાન હુમાયુંને રાખડી મોકલી પોતાના રાજ્યનું રક્ષણ કરવા વિનંતી કરી હતી. એ વખતે હુમાયું બીજા મોરચે યુદ્ધ લડતો હતો, છતાં તેણે કર્ણાવતીને બહેન માની તેના રક્ષણ માટે લશ્કર મોકલ્યું હતું.

*એકતા:* આમ, મધ્ય યુગમાં તમને દરેક ધર્મના રાજાઓનાં સારાં તેમ જ ખરાબ એમ બંને પ્રકારનાં ઉદાહરણો જોવા મળશે અને ભારતમાં ઈસ્લામનો ફેલાવો હંમેશાં તલવારના જોરે લોકોને

વટલાવીને જ નથી થયો. કેટલાક ઉચ્ચ અધિકારીઓ, મંત્રીઓએ મુસલમાન રાજાઓને ખુશ કરવા સ્વેચ્છાએ તેમનો ધર્મ અપનાવ્યો હતો, તો વળી, ઈસ્લામમાં જ્ઞાતિ પ્રથાના ઊંચનીંચનો ભેદભાવ ન હતો તેથી તેમાં રહેલી સમાનતા કહેવાતી નીચલી જ્ઞાતિના લોકોને સ્પર્શી ગઈ હતી, માટે પણ ધર્મપરિવર્તનો થયાં હતાં.

*નીરુ:* આપણે ભક્તિ યુગની વાતો કરતા કરતા ક્યાંના ક્યાં પહોંચી ગયા?

*એકતા:* હા, પણ આ વાતો જરૂરી હતી કારણ કે સ્ત્રીઓની અને સામાન્ય લોકોની એકતા તોડવા માટે ઈતિહાસના નામે આજે અનેક વાતો ચલાવવામાં આવે છે જેને સમજવી જરૂરી છે. તો હું કહેતી હતી કે ભક્તિ યુગની આ ચળવળને કારણે નીચલી જ્ઞાતિના લોકોને પણ પોતાનું સામાજિક સ્થાન મળ્યું અને તેમનું ધર્માંતરણ રોકાયું. તો બીજું વધારે મહત્ત્વનું કારણ એ છે કે આ સમય દરમ્યાન ભારતમાં વેપાર ઉદ્યોગ વધ્યા, અનેક નવા હુન્નરોનો વિકાસ થયો, આને કારણે શૂદ્ર ગણાતી કારીગર જ્ઞાતિનું જીવનધોરણ ઊંચું આવ્યું. આર્થિક સ્તર સુધરવાની સાથે તેમને સામાજિક સ્થાન સુધારવાની ઝંખના જાગી. સ્થાપિત બ્રાહ્મણવાદી પરંપરામાં તે શક્ય ન હતું. પણ ભક્તો-સંતોએ સ્થાપેલ પંથો, સંપ્રદાયો દ્વારા નીચલી ગણાતી જ્ઞાતિઓની આ સામાજિક અસ્મિતા માટેની જરૂરિયાત પૂરી થઈ.

*ફરઝાના:* બરોબર છે. કબીર આ સમયના જ એક સંત હતા. તે ન હિંદુ હતા, ન મુસલમાન. બંને ધર્મના લોકો તેમના ભક્તો બન્યા હતા. તેમનો એક જાણીતો દોહો છેઃ

જાતિ ના પૂછો સાધુ કી પૂછો સાધુ કા જ્ઞાન,
મોલ કરો તલવારકા પડી રહન દો મ્યાન.

*કમલા:* અને બીજો એક દોહો જે મને પસંદ છેઃ

કહે કબીર ચેતહુ બંધુ
બોલન હારા તુર્ક ન હિંદુ.

*એકતા:* બરોબર. આ સંત સ્ત્રી-પુરુષો, અલગ અલગ સ્થળોએ ફરી ભજનો, ગીતો, કથાઓ દ્વારા સામાન્ય લોકોની વચ્ચે ઈશ્વરને લઈ ગયા. તેમનો ઈશ્વર પણ બ્રાહ્મણોના ઇશ્વર જેવો ખૂબ

ઊંચો, અડકી પણ ન શકાય તેવો ન હતો. તેમણે પ્રિયતમ તરીકે ઈશ્વરની ભક્તિ કરી. તેમનાં ભજનોમાં માનવતા, એકતાની વાતો અને દંભી બ્રાહ્મણવાદ તેમ જ જડબેસલાક જ્ઞાતિપ્રથા સામેનો વિરોધ જોવા મળે છે. ભક્તોનાં ભજનો, ગીતો, જે તે ગામ કે પ્રદેશની લોક બોલીમાં હતા અને તેણે ધર્મ પર સંસ્કૃત ભાષાની ઈજારાશાહીને તોડી. આમ, આ ભજનો દ્વારા સ્થાપિત ધર્મ કે જે રાજદરબાર કે મોટા મંદિરોની દિવાલોમાં મુઠ્ઠીભર બ્રાહ્મણો કે વિધાનોના તાબામાં કેદ હતો ત્યાંથી નીકળીને ખુલ્લા મુક્ત આકાશ નીચે, શેરીઓમાં, ખેતરોમાં ગામના પાદર અને સામાન્ય સ્ત્રીઓના આંગણામાં ફરતો જોવા મળે છે.

*નીરુ:* તમે સ્ત્રી ભક્તોની વાત કરવાના હતા તે કહો ને.

*આશા:* ના, એકતા બહેન તે વાત હવે પછીની મીટિંગમાં કરજો. આજે ઘણું મોડું થઈ ગયું છે.



# ભક્ત સ્ત્રીઓના સંઘર્ષ અને વ્યક્તિગત સંઘર્ષની મર્યાદાઓ

*એકતા:* ભક્તિ ચળવળમાં અનેક સ્ત્રી ભક્તો ભારતના દરેક ભાગમાં જોવા મળે છે. આ સ્ત્રી સંતોનાં ભજનોમાં પુરુષપ્રધાન સમાજમાં એક સ્ત્રી તરીકેના તેમના અનુભવોની વાતો પણ જોવા મળે છે. જેમ કે, કાશ્મીરના સંત લાલ દેદનાં ભજનોમાં ઘરનાં રોજબરોજનાં કામોની જંજાળ અને સાસુનાં મહેણાંની વાત છે, તો મહારાષ્ટ્રના બહીના બાઈ લગ્નની બેડીની વાત કરે છે. ગુજરાતનાં ગંગાસતિએ કઈ રીતે મેરુ પર્વત હાલી જાય તો પણ ભક્તો પોતાની ભક્તિમાં મગ્ન રહે છે તેની વાત કરી છે, તો રત્નાબાઈએ પોતાના ચરખા પ્રત્યેના લગાવની વાત કરતાં જ્યારે પતિ છોડીને પરદેશ ગયા, માતા-પિતા, સાસુ-સસરાએ છોડી દીધા ત્યારે પણ પોતે ચરખાના સાથથી રૂ કાંતીને કઈ રીતે જીવનનિર્વાહ ચલાવે છે તેની વાત લખી છે.

*રેશ્મા:* મને તો એમ કે ચરખાની વાત તો ગાંધીજીના સમયમાં જ શરૂ થઈ હતી.

*કમલા:* ના, ગાંધીજીને પણ ચરખાની પ્રેરણા ગામડાંની શ્રમજીવી સ્ત્રીઓ કઈ રીતે પોતાનું જીવનનિર્વાહ ચલાવે છે તેમાંથી જ મળી હતી. પણ તમે આગળ કહો ને.

*એકતા:* કર્ણાટકના આક્કામહાદેવી અને રાજસ્થાનના મીરાંબાઈ કઈ રીતે પોતાનું ઘર, કુટુંબ, પતિને છોડીને ભક્તિમય જીવન જીવ્યાં તેની વાત તો અનોખી જ છે.

**અક્કામહાદેવી**

અક્કામહાદેવી કર્ણાટકના શિમોગા પાસેના ઉદુતાડી ગામનાં હતાં. ત્યાંનો રાજા તેમની સાથે લગ્ન કરવા માંગતો હતો પરંતુ અક્કાની મરજી નહોતી. તેમનાં પદોમાં તેમણે લખ્યું છે કે પોતાનો પ્રેમી કોઈ માણસ હશે તો તે તેમના શરીરને પોતાની ઈચ્છા સંતોષવાનું સાધન બનાવી દેશે. તેથી પોતે ચેન્નામલ્લિકાર્જુનને મનથી પરણી ચૂકી છે કારણ કે ચેન્નામલ્લિકાર્જુન સાથેના સંબંધથી તે તેના શરીરને નહીં પણ શરીરની અંદર રહેલા વ્યક્તિત્વને સાકાર કરશે.

*આશા:* ચેન્નામલ્લિકાર્જુન એટલે?

*એકતા:* જે રીતે મીરા કૃષ્ણને ગિરિધર નાગરના નામથી બોલાવતી હતી તે રીતે અક્કા પોતાના પ્રિયતમ ઈશ્વરને ચેન્નામલ્લિકાર્જુન નામથી બોલાવતી હતી.

લોકવાયકા છે કે તે શરીરને સ્હેજ પણ મહત્ત્વ આપતી ન હતી તેથી પોતાના ઈશ્વરીય પ્રિયતમ ચેન્નામલ્લિકાર્જુનની શોધમાં કર્ણાટકના એક છેડેથી બીજે છેડે નિર્વસ્ત્ર દશામાં ફરતી હતી. તેનાં પદોમાં તેની આ ભાવનાને સમજી ન શકતા પુરુષોની કુદૃષ્ટિ અને છેડતીના અનુભવોની વાતો પણ આવે છે. તેની ખૂબ પરીક્ષા પછી અંતે કર્ણાટકમાં તે સમયે પ્રચલિત વીરશૈવ પંથના જાણીતા સંતો અલ્લામાં અને બસાવાએ તેનો સંત તરીકે સ્વીકાર કર્યો હતો.



**મીરાંબાઈ**

મીરાં ૧૫મી સદીમાં મેડતાના રાજપૂત રાઠોડ પરિવારમાં જન્મી હતી અને તેનું કુટુંબ વૈષ્ણવ હોવાથી નાનપણથી જ તેને કૃષ્ણભક્તિનો રંગ લાગ્યો હતો. તેનાં લગ્ન મેવાડના સિસોદિયા રાજપૂત રાજાના કુટુંબમાં થયાં. રાજપૂત કુળની મર્યાદાઓ અને રાજમહેલની સાહ્યબી કરતાં તેને પોતાની કૃષ્ણભક્તિમાં વધારે શ્રદ્ધા હતી. તેણે પોતાના પતિને જણાવી દીધું કે તે મનથી કૃષ્ણને વરી ચૂકી છે અને તેથી તેની સાથે પત્ની તરીકેનો સંબંધ ન રાખી શકે. આમ, રાજવી પતિને ના પાડવી તે તેનો પ્રથમ વિરોધ હતો. થોડા જ સમયમાં તેના પતિનું મૃત્યુ થયું. હવે વિધવા બનેલ મીરાબાઈને તેના પતિના ભાઈ સાથે સંઘર્ષમાં ઊતરવું પડ્યું. એક રાજપૂત રાજાની વિધવા તરીકે મલાજો જાળવવાને બદલે મીરાં તો અન્ય ભક્તો સાથે ભક્તિમાં મગ્ન હતી. કુળ અને કુટુંબની મર્યાદા તોડે તેવા વર્તનને કારણે તેનાં સાસરિયાંઓએ તેનો જીવ લેવા સુધીના અનેક પ્રયત્નો કર્યા હોવાની લોકવાયકા અને ભજનો જોવા મળે છે.

મીરાંનાં જીવન અને મૃત્યુ અંગે પણ અનેક ચમત્કારોથી ભરપૂર કથાઓ છે. તેમાંથી કેટલી સાચી અને કેટલી વાર્તા તે કહેવું મુશ્કેલ છે પણ આપણા માટે મહત્ત્વની હકીકત એ છે કે મીરાં રાણાનો મહેલ છોડી સાધુસંતો સાથે શેરીઓમાં, રસ્તાઓ પર, જંગલોમાં થઈને કૃષ્ણનાં ભજનો ગાતી ગાતી વૃંદાવન જવા નીકળી. ત્યાંથી પાછી રાજસ્થાન અને ગુજરાતના અલગ અલગ ભાગોમાં થઈ દ્વારકા ગઈ અને ત્યાં જ તેના જીવનનો અંત આવ્યો. તેણે વ્રજ ભાષામાં, હિંદીમાં અને ગુજરાતીમાં પદો લખ્યાં છે. ચમાર જ્ઞાતિના સંત રોહીદાસને તેણે પોતાના ગુરુ માન્યા હતા અને આમ લગ્ન, કહેવાતી ઉચ્ચ જ્ઞાતિ, રાજપૂત કુળ, રાજવી વર્ગ એમ જાત -જાતનાં બંધનો તેણે તોડ્યાં હતાં.

ભારતના બીજા ભાગોમાં તે સંત તરીકે સ્થાન પામી પરંતુ તેના આ પ્રતિકારને કારણે રાજસ્થાનમાં ઉચ્ચ જ્ઞાતિમાં કોઈ પોતાની પુત્રીનું નામ પણ મીરાં નથી રાખતું. તેનું નામ પણ ઈતિહાસમાંથી ભૂંસાઈ જાય તેવા પ્રયત્નોની સામે નીચલી મનાતી શૂદ્ર જ્ઞાતિઓના કારીગર અને ખેડૂતોએ મીરાંનાં ભજનો દ્વારા તેની વાતને અને તેના પ્રતિકારને જીવતાં રાખ્યાં છે.

**તેરો કોઈ ન રોકણ હાર**

તેરો કોઈ ન રોકણ હાર,
મગન હોય મીરા ચલી,
લાજ શરમ કુલ કી મર્યાદા,
સિર સોં દૂર કરીં,
માન અપમાન હોઉ ઘર પટકે,
નિકસી હૂં ગ્યાન ગલી,
મગન હોય મીરા ચલી.

તેરો....
ઊંચી અટરિયા લાજ કિવડિયા,
નિરગુન સેજ બિછી
પચરંગી ઝાલર શુભ સોહે,
ફૂલન ફૂલ કલી,
મગન હોય મીરાં ચલી.

તેરો...
સેજ સુખ મણા મીરા સોવે,
શુભ હૈ આજ ધરી,
તુમ જાઓ રાણા ઘર અપણે,
મેરી તેરી ન સરી,
મગન હોય મીરાં ચલી.



**અબ ન રહૂંગી તોરે હઠ કી**

રાણા જી....હૈ રાણા જી,
રાણા જી અબ ન રહૂંગી તોરે હઠ કી
સાધુ સંગ મોહે પ્યારા લાગે,
લાજ ગઈ ઘૂંઘટ કી,
હાર સિંગાર સભી લ્યો અપના
ચૂડી કર કી પટકી
રાણા જી...
મહલ કિલા રાણા મોહે ન ભાયે,
સારી રેસમ પટ કી,
રાણા જી...
હુઈ દીવાની મીરાં ડોલે
કેસ લટા સબ છિટકી
રાણા જી...

*કમલાઃ* ૫૦૦૦ વર્ષથી આટલી બધી સ્ત્રીઓએ અન્યાયનો વિરોધ કર્યો છે તેમની વાતો જ કેટલી પ્રેરણા આપે તેવી છે.

*નીરુઃ* પણ આ બધી સ્ત્રીઓ તો કેવી મહાન હતી. કોઈ દેવી હતી તો કોઈ રાણી હતી. શું આપણા જેવી સામાન્ય સ્ત્રીઓ તેમના જેવું કામ કરી શકે?

*એકતાઃ* આપણે જાણીતી સ્ત્રીઓ વિશે જ થોડી વાતો કરી છે પરંતુ પ્રાચીન કાળથી આજ સુધી દરેક યુગમાં કેટલી બધી સામાન્ય સ્ત્રીઓએ સમાજના સર્વમાન્ય નિયમોને પડકાર્યા હશે. તેમાંના ઘણા વિશે તો આપણે જાણતા પણ નથી કારણ કે ઈતિહાસમાં તેમના વિશે કંઈ જ લખવામાં આવ્યું નથી.

*રેશ્માઃ* અરે, આ જાણીતી સ્ત્રીઓ વિશે પણ આપણને ક્યાં સાચી માહિતી શીખવાડે છે. ઈતિહાસમાં તો તેમને માત્ર દેવી કે મહાન સ્ત્રી જ બનાવી દેવામાં આવ્યાં છે. અન્યાય સામે તેમણે જે અવાજ ઉઠાવ્યો તેની વાત જ ઈતિહાસમાં નથી શીખવાડાતી.

*આશાઃ* પણ આટલાં વર્ષોથી સ્ત્રીઓએ વિરોધ કર્યો છે છતાં સીતાના જમાનામાં જે અન્યાય થતો હતો તે આજે પણ થાય છે એવું કેમ?

*એકતાઃ* આ ખૂબ મહત્ત્વનો પ્રશ્ન છે. ગાર્ગી, દ્રૌપદી, બૌદ્ધ ભિખ્ખુણીઓ, મીરાં કે અન્ય ભક્ત સ્ત્રીઓના વિરોધ આપણા સંઘર્ષના ઈતિહાસમાં મહત્ત્વના વારસા જેવા છે. આ બધી સ્ત્રીઓએ પોતાની વ્યક્તિગત જિંદગીમાં પિતૃસત્તા અને જ્ઞાતિ પ્રથાનાં અનેક બંધનો, પરંપરાઓ તોડ્યાં. તે માટે જાનનું જોખમ વહોર્યું. તેમણે પોતાની રીતે બંધનમુક્ત જીવન જીવવામાં અમુક અંશે સફળતા મળી. જે તે સમયે ત્યારના સમાજમાં તેમણે ખળભળાટ મચાવ્યો પણ વખત જતાં તેમના પિતૃસત્તા અને જ્ઞાતિ પ્રથા સામેના પડકારને ભુલાવી તેમના માત્ર ભક્ત તરીકેના સ્થાનને ઈતિહાસમાં સામેલ કરી દેવામાં આવ્યો. અને ધર્મના મુખ્ય પ્રવાહના જ એક ભાગ તરીકે તેમને સમાવી લેવામાં આવ્યાં અને જે તે સમયનાં તેમનાં ક્રાંતિકારી પગલાંઓની અસર ભૂંસાઈ ગઈ. તેમના જીવનમાંથી લોકોને પ્રેરણા પણ મળી પરંતુ તેમના પ્રયત્નો સમગ્ર સમાજના પરિવર્તન માટેના ન હતા. તેમનો બળવો સામૂહિક નહીં પરંતુ

વ્યક્તિગત જ રહ્યો. તેનાથી સમાજના પિતૃસત્તાક-પુરુષપ્રધાન માળખાને કાયમી અસર થઈ ન હતી.

*ફરઝાના:* પણ આ સ્ત્રીઓએ શા માટે સામૂહિક સંઘર્ષ ના કર્યો?

*શકરી:* તેમણે પણ આપણી જેમ મંડળ બનાવીને લડત કરી હોત તો સમાજ કેટલો બદલાઈ ગયો હોત!

*એકતા:* આ સ્ત્રીઓ સામૂહિક સંઘર્ષ કરી શકી નહિ. કારણ કે તે સમયે સામાન્ય લોકો અને સ્ત્રીઓના સામૂહિક રાજકારણની કલ્પના કરવી પણ મુશ્કેલ હતી.

*આશા:* એટલે?

*એકતા:* તે સમયે રાજકારણ માત્ર રાજા, મહારાજા, ઉમરાવો, સામંતો, ધર્મગુરુઓ અને બ્રાહ્મણો પૂરતું મર્યાદિત હતું. સમાજના તમામ નિર્ણયો લેવાની સત્તા આ ઉપલા વર્ગો પાસે જ હતી. કાયદો પણ તે બનાવે અને ન્યાય પણ તે જ કરે. લોકોનો, સામાન્ય જનતાનો, મહેનત-મજૂરી કરીને ઉત્પાદન કરનાર વર્ગોનો સમાજના નિર્ણયો લેવામાં કોઈ અવાજ ન હતો. રાજા કહે તે કાયદો અને ધર્મગુરુ કે બ્રાહ્મણ કહે તે ધર્મ તેવી પરિસ્થિતિ હતી.

*રેશ્મા:* તેમ તો આજે પણ મોટા માણસો કહે તેમ જ થાય છે. સરકાર, કાયદો અને પોલિસ પણ તેમની પાસે જ છે. તેમ છતાં આપણે સામાન્ય નાગરિકો, તેમની સામે અવાજ તો ઉઠાવીએ જ છે ને.

*એકતા:* પણ તે વખતે સામાન્ય લોકો નાગરિક ન હતા પરંતુ રાજા, ઠાકોર કે સામંતની પ્રજા હતા. નાગરિકને સમાજ કે સરકારના નિર્ણયોમાં સહભાગી થવાનો હક્ક છે પણ પ્રજાની રાજા કહે તે કરવાની ફરજ હતી. રાજાની આજ્ઞા પ્રજાજન ન માને તો રાજા તેનો વધ પણ કરી શકતો. તે માટે તેને કેસ ચલાવવો પડતો ન હતો.

*કમલા:* પણ મારાં દાદી તો વાત કરતાં હતાં કે તેમના જમાનાના રાજા ખૂબ સારા હતા અને પોતાની પ્રજાનું ખૂબ ધ્યાન રાખતા હતા.

*એકતા:* તમારાં દાદીની વાત સાચી છે. કેટલાક સારા રાજા ખૂબ પરોપકારી હતા. સામાન્ય લોકોની જરૂરિયાતોનો ખ્યાલ

રાખતા, તેમની સુખાકારી વધે તેવાં કામ કરતાં પણ તેમ કરવાની રાજાની કોઈ ફરજ ન હતી. જો રાજા પ્રજાનું ધ્યાન ન રાખે કે તેમની પર જુલમ કરે તો પણ પ્રજા તેને બદલી શકતી ન હતી.

*નીરુ:* તો પછી સ્ત્રીઓના સામૂહિક સંઘર્ષની શરૂઆત ક્યારથી અને કઈ રીતે થઈ?

*એકતા:* સ્ત્રીઓના સામૂહિક સંઘર્ષની શરૂઆત સામંતશાહી અને રાજાશાહી સામે મૂડીવાદના ઉદય અને મતાધિકારની લડત સાથે થઈ.

**રાજાશાહી અને લોકશાહી વચ્ચેનો તફાવત ટૂંકમાં નીચે મુજબ છેઃ**

| **રાજાશાહી-સામંતશાહી** | **લોકશાહી** |
|---|---|
| સામાન્ય લોકો રાજાની પ્રજા કહેવાય. | તમામ લોકો નાગરિક કહેવાય. |
| રાજાના મૃત્યુ પછી તેનો દીકરો ગાદીએ બેસે. | પુખ્ત વયના તમામ નાગરિકો ચૂંટણીમાં મતદાન દ્વારા દેશની સરકાર નક્કી કરે. |
| રાજા કહે તે કાયદો. તે ધારે ત્યારે કાયદો બદલે. રાજા કહે તે કરવાની પ્રજાની ફરજ. | બંધારણ કહે તે કાયદો. તેમાં સુધારો-વધારો કરવાની સત્તા નાગરિકો દ્વારા ચૂંટાયેલી દેશની સંસદને. |
| રાજા સારો હોય તો સામાન્ય લોકોની જરૂરિયાતોનો ખ્યાલ રાખે. તેમની સુખાકારી વધે તેવાં કામ કરે પણ તેમ કરવાની રાજાની ફરજ નથી. જો રાજા તેમ ન કરે તો પ્રજા તેને બદલી શકતી નથી. | નાગરિકોના હિતમાં બંધારણ મુજબ વહીવટ ચલાવવાની સરકારની ફરજ છે. જો કોઈ સરકાર લોકોના હિતથી વિરોધી નીતિ અપનાવે તો નાગરિકો તેનો વિરોધ કરી શકે છે. તે માટે લોકશાહી ઢબે વ્યક્તિગત અને સામૂહિક રીતે સંઘર્ષ કરી શકે છે. અને પછીની ચૂંટણીમાં સરકાર બદલી શકે છે. |
| જો કોઈ રાજા કોઈની ઉપર કરવેરા નાંખે, પોતાની પ્રજાની સંપત્તિ ધારે ત્યારે લઈ લે, તો પ્રજા રાજાને બદલી શકતી નથી. કોઈ વિરોધ કરે તો તેને મૃત્યુદંડ દેવાનો રાજાને અધિકાર. | |

*આશા:* મત આપવાનો અધિકાર? તે શું એટલો બધો મહત્ત્વનો છે?

*એકતા:* આજે આપણે મત આપવાના અધિકારથી એટલા ટેવાઈ ગયા છે કે તેનું મહત્ત્વ ભાગ્યે જ સમજી શકીએ છીએ. પરંતુ મત આપવાનો અધિકાર મેળવવા માટે સમાજના શ્રમજીવી, ગરીબ

વર્ગને અને સ્ત્રીઓને સદીઓ સુધી લડવું પડ્યું હતું. તેમાંય સ્ત્રીઓને તો સૌથી વધારે લાંબો અને મુશ્કેલ સંઘર્ષ કર્યા પછી જ મત આપવાનો અધિકાર મળ્યો.

*ફરઝાનાઃ* આ ચૂંટણી પંચ અને બધા રાજકીય પક્ષો પ્રચાર કરતા રહે છે કે, "મતદાન એ તમારો અધિકાર અને પવિત્ર ફરજ પણ છે" તોય આજે તો કેટલીય બહેનો મત આપવા પણ નથી જતી.

*કમલાઃ* તે તો ખોટું જ કહેવાય. મત આપવા તો જવું જ જોઈએ. મતનો અધિકાર એટલે આડકતરી રીતે દેશ કઈ રીતે ચાલશે તે નક્કી કરવાનો અધિકાર. એ રીતે પોતાની જિંદગીને લગતા નિર્ણયો લેવામાં પોતાની ભાગીદારી ભજવી શકીએ છીએ. લોકશાહીમાં આ ભાગીદારી નોંધાવવાનો હક્ક પ્રત્યેક વ્યક્તિને છે.

*એકતાઃ* મત આપવાનો અધિકાર એટલે સરકાર કોણ ચલાવશે તે નક્કી કરવાનો અધિકાર. જે સરકારમાં બેસે તેને દેશના કાયદા બનાવવાનો, રોજગારી, શિક્ષણ, સ્વાસ્થ્ય, વેપાર, ઉદ્યોગ વગેરે તમામ મહત્ત્વની બાબતો અંગે નીતિ-નિયમો બનાવવાનો અધિકાર. તે માટે કેટલો ખર્ચો કરવો તે પૈસા ક્યાંથી મેળવવા, તે માટે કયા લોકો પાસેથી કેટલો કરવેરો ઉઘરાવવો તે બધું નક્કી કરવાનો અધિકાર. આ બધા નિર્ણયો આપણી જિંદગીને સ્પર્શે છે. આપણને અસર કરે છે માટે તે નિર્ણયો લેતી વખતે આપણું ભલું થાય તે જોવાનું કામ આપણે ચૂંટેલા પ્રતિનિધિનું છે. પ્રત્યેક પુખ્ત વયની વ્યક્તિ, પછી તે કોઈ પણ ધર્મની હોય, વર્ગની હોય, જાતિની હોય કે કોઈ પણ ઓળખ ધરાવતી હોય તેને દેશની સરકાર નક્કી કરવાનો સરખો અધિકાર છે કારણ કે દેશની નાગરિક છે. આમ મહત્ત્વની વાત નાગરિક તરીકેના અધિકારની છે.

*રેશ્માઃ* અમે ઈતિહાસમાં વાંચ્યું છે કે પ્રાચીન ભારતમાં અને ગ્રીસમાં પણ ગણરાજ્યો હતાં અને તેમાં નાગરિકો નિર્ણયો લેતા.

*એકતાઃ* બરોબર, તે સમયે નાગરિકોને મત દર્શાવવાનો અધિકાર હતો પણ તે સમયે નાગરિકની વ્યાખ્યા જ ખૂબ મર્યાદિત હતી. તે સમયે જેમની પાસે સંપત્તિ હોય તેવા પુરુષો જ નાગરિક ગણાતા. સ્ત્રીઓ અને નાગરિકોનું કામ કરનાર ગુલામોને નાગરિક ગણવામાં આવતા નહીં, તેથી તેઓ મત પણ આપી શકતા નહીં.

*નીરુ:* તો પછી સામાન્ય લોકો પ્રજામાંથી નાગરિક કેવી રીતે બન્યા?

*એકતા:* દુનિયામાં સામંતશાહી અને રાજાશાહી સામે વિકસતા જતા મૂડીવાદના સંઘર્ષ સાથે મતાધિકાર અને નાગરિકતા માટેની લડતોની શરૂઆત થઈ તો ભારતમાં ૧૮મી સદી દરમ્યાન પ્રસરેલી સમાજ સુધારાની ચળવળ અને અંગ્રેજોની ગુલામી સામેની રાષ્ટ્રવાદી ચળવળમાં સામાન્ય લોકોના નાગરિક તરીકેના અધિકારો માટેની લડતો વિકસી.

*કમલા:* તે વખતે કેવી કેવી લડતો થઈ અને તેમાં સ્ત્રીઓએ શું કર્યું તે અમને જણાવો.

*એકતા:* પહેલાં ભારતની વાત કરીશું કે દુનિયાની?

*ફરઝાના:* આખી દુનિયાની પંચાત આપણે શા માટે કરીએ? અમને તો આપણા દેશ વિશે જ જણાવો.

*નીરુ:* હા. આ પરદેશી લોકો અને પરદેશી શહેરોનાં તો નામ પણ એટલાં અઘરાં હોય છે કે આપણને યાદ પણ ન રહે અને બોલતાં બોલતાં જીભના લોચા વળે.

*એકતા:* તમારી મુશ્કેલી સમજાય તેવી છે પણ દેશ અને દુનિયાનાં આંદોલનો વચ્ચે ઘણો સંબંધ છે. દુનિયામાં જે કાંઈ બન્યું તેની ઊંડી અસર આપણા દેશની સ્ત્રીઓ પર પણ પડી છે.

*રેશ્મા:* એકતાબહેન, આપણા દેશની સમાજ સુધારાની અને આઝાદીની લડત વિશે તો અમને થોડી થોડી જાણકારી છે માટે પહેલાં અમને દુનિયાની સ્ત્રીઓની લડતની વાત કહો.

*આશા:* બરોબર છે, આપણે દેશની જ નહિ પરદેશની બહેનો પાસેથી પણ પ્રેરણા લઈએ.

*એકતા:* અને મતાધિકાર માટેની લડતની શરૂઆત પણ પહેલાં બીજા દેશોમાં થઈ હતી માટે આપણે પહેલાં વિશ્વના કેટલાક દેશોની વાત કરીશું. પણ આજે હવે ખૂબ સમય થઈ ગયો છે. તેમની વાત આવતા વખતે કરીશું. આજની મીટિંગનો અંત એક ગીતથી કરીશું?

*કમલા:* હા આજે આપણે દેશ-વિદેશનાં બંધનો તોડીને નવો જમાનો લાવવા માટે લડતી બહેનોનું ગીત ગાઈશું.

**તોડ તોડ કે બંધનો કો**

તોડ તોડ કે બંધનોં કો દેખો બહને આતી હૈં
ઓ દેખો લોગો દેખો બહને આતી હૈં
આયેંગી, જુલ્મ મિટાયેંગી, વો તો નયા જમાના લાયેંગી

તારીકી કો તોડેંગી વો ખામોશી કો તોડેંગી
હાં, મેરી બહનેં અબ ખામોશી કો તોડેગી
મોહતાજી ઓર ડર કો વો મિલકર પીછો છોડેંગી
હાં મેરી બહનેં અબ ડર કો પીછે છોડેંગી
નિડર, આઝાદ હો જાયેંગી
અબ વો સિસક સિસક કે ન રોયેંગી
તોડ તોડ કે બંધનોં કો

મિલકર લડતી જાયેંગી વો આગે બઢતી જાયેંગી
હાં મેરી બહનેં વો આગે બઢતી જાયેંગી
નાચેંગી ઔર ગાયેંગી વો ફ્નકારી દિખાયેંગી
હાં મેરી બહનેં અબ મિલકર ખુશી મનાયેંગી
ગયા જમાના પિટને કા જી અબ જમાના ગયા મિટને કા
તોડ તોડ કે બંધનોં કો

બહનેં પઢને જાયેંગી ઓર અપના જ્ઞાન બઢાયેંગી
હાં મેરી બહનેં અબ અપના માન બઢાયેંગી
નયે જ્ઞાન કી રોશની વો ઘર-ઘર તક પહુંચાયેગી
હાં મેરી બહનેં અબ હર ઘર કો મહકાયેગી
દીપ જલેંગે સમતા કે જી અબ ગીત ચલેંગે સમતા કે
તોડ તોડ કે બંધનોં કો દેખો બહને આતી હૈં...

**- કમલા ભસીન**

(પંજાબી લોક ગીત કુટ કુટ બાજરા કી ધૂન પર આધારિત)



## પિતૃસત્તા કે પુરુષોના આધિપત્યવાળી સમાજવ્યવસ્થા

પિતૃસત્તા કે પુરુષોના આધિપત્યવાળી સમાજ વ્યવસ્થા એટલે એવી વ્યવસ્થા કે જેમાં સ્ત્રીની શ્રમશક્તિ, પ્રજનનશક્તિ અને જાતીયતા પર કુટુંબ, સમાજ અને રાજ્યનો અંકુશ હોય. આને કુટુંબ અને સમાજમાં રોજે રોજ જોવા મળતાં કેટલાંક ઉદાહરણોથી સમજાવી શકાય.

### શ્રમશક્તિ પર અંકુશ

#### પરિવારમાં

- સ્ત્રી સવારથી સાંજ સુધી ઘરમાં ઢસરડો કરે, પણ ઘરના કામનું કોઈ મૂલ્ય નહીં. માટે કુટુંબ કે સમાજમાં ઘરનું કામ કરનાર સ્ત્રીનું કોઈ માનપાન નહીં.
- વળી, સ્ત્રીએ બહાર કામ કરવું કે નહીં, કમાવું કે નહીં તેનો નિર્ણય સ્ત્રી ન લઈ શકે, તેના પર કુટુંબના પુરુષો, વડીલોનો અંકુશ, અને અલગ અલગ જ્ઞાતિની સ્ત્રીઓ પર આ અંકુશ જુદી જુદી રીતે કામ કરે. પરંપરાગત રીતે કહેવાતી ઉપલી જ્ઞાતિઓમાં સ્ત્રીને બહાર કમાવાનું કામ કરવાની છૂટ નહી ને કહેવાતી નીચલી જ્ઞાતિઓમાં સ્ત્રીએ કામ કરવું જ પડે.
- ઉપરાંત, જ્યારે કુટુંબને જરૂર પડે ત્યારે બે છેડા ભેગા કરવા કે બાળકોનું પાલન પોષણ કરવા કોઈ પણ જ્ઞાતિની સ્ત્રીને કમાવાની ફરજ પડે તો તેને કૌટુમ્બિક ફરજોના સ્વાભાવિક ભાગ રૂપ ગણવામાં આવે.
- પરંતુ તેણે કેવું કામ કરવું, ક્યાં કામ કરવું, ક્યાં ન જ કરવું અને ક્યારે કામ છોડી દેવું તેનો નિર્ણય પણ પુરુષોના હાથમાં હોય અથવા તેમની સગવડો, જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને લેવાતો હોય. જેમ કે પતિની આવક વધે કે તેની બદલી થાય તો સ્ત્રીએ કામ છોડવું. સ્ત્રીની બદલી કે વધુ જવાબદારીવાળી જગ્યા પર પ્રમોશન થાય તો ન સ્વીકારવું, બાળકો થાય અથવા બાળકોના વિકાસ માટે જરૂરી લાગે તો સ્ત્રીએ કામ છોડવું વગેરે.
- તેના વેતન પર તેનો પોતાનો અધિકાર નહીં. પોતાનું વેતન કઈ રીતે ખર્ચવું તેનો નિર્ણય કરવા સ્ત્રી સ્વતંત્ર નહીં.

  કુટુંબમાં જોવા મળતા આ અંકુશોની સાથે સમાજમાં એટલે કે શ્રમ બજાર અને અર્થતંત્રમાં પણ સ્ત્રીઓના શ્રમ પરના અંકુશો કામ કરે છે.

## પરિશિષ્ટ



**સમાજમાં**

- અમુક પ્રકારના કામ કે નોકરીમાં સ્ત્રી ઉમેદવારોને લેવા જ નહીં. શિક્ષિકા, રિસેપ્શનિસ્ટ, સેક્રેટરી, મોડેલ, પરિચારિકા જેવા ખાસ પ્રકારનાં કામોમાં મોટા ભાગની સ્ત્રીઓનો ભરાવો. જાણે કે સ્ત્રીઓ ઘરમાં જે કામ કરે છે તે જ પ્રકારનાં કામો કમાવા માટે પણ કરે.
- કેવું કામ કરી શકાય અને કેવું કામ મળે તેમાં સ્ત્રીની લાયકાત અને આવડત જ નહીં પરંતુ કુટુંબ ઉપરાંત જ્ઞાતિ અને ધર્મ પર પણ આધાર રાખે.
- સરખા કામ માટે પણ સ્ત્રીને પુરુષ કરતાં ઓછું વેતન અને જે કામમાં ઓછાં વેતનો કે ઓછી આવક હોય તેવા અસંગઠિત ક્ષેત્રોમાં સ્ત્રી કામદારોનું વધારે પ્રમાણ વગેરે.

કુટુંબ અને અર્થતંત્ર ઉપરાંત રાજ્ય દ્વારા પણ આ પરિસ્થિતિને માન્યતા મળે છે સ્ત્રીઓ ઘરનું કામ ન કરે તો કોઈ પણ સમાજ ચાલી શકે નહીં, તેમ છતાં સ્ત્રીના આ કામની રાષ્ટ્રીય આવકમાં કોઈ ગણતરી થતી નથી. સરકારના વિકાસ માટેના કાર્યક્રમોમાં પણ સ્ત્રીને દેશનો એક ઉત્પાદક સભ્ય નહીં પરંતુ આશ્રિત વ્યક્તિ અને નબળા સમૂહ તરીકે જોવામાં આવે છે.

આમ, શ્રમ શક્તિ પરના અંકુશના પરિણામે મોટા ભાગની સ્ત્રીઓ પાસે પોતાની માલિકીની અને પોતાના અંકુશમાં હોય તેવી કોઈ મિલકત હોતી નથી. તે પુરુષને આધારે જિંદગી જીવવા મજબૂર બને છે. ઘર ગૃહિણીનું કહેવાય પણ ઘર પર તેનો અધિકાર નહીં જ્યારે પણ મતભેદ થાય ત્યારે પતિ ફટ દઈને કહી દે કે 'નીકળ મારા ઘરમાંથી' અને એટલે સુધી કે સ્ત્રીને 'રસોડાની રાણી' કહેવાય પણ રસોડાનાં વાસણો સુધ્ધાં પર ઘરના પુરુષોનું નામ લખાય.

**જાતીયતા પરનો અંકુશ**

જાતીયતા પરના અંકુશના નીચે મુજબનાં ઉદાહરણ જોવા મળે છે. જેમ કે,

- સ્ત્રી અને પુરુષ માટે જાતીયતાનાં બેવડા ધોરણો. 'ઈજ્જત, શીલ, પવિત્રતા' વગેરે જાળવવાના નામે સ્ત્રીની સ્વતંત્રતા પર જાતજાતના અંકુશ અને 'પવિત્રતા' જાળવવાનો બોજો માત્ર સ્ત્રી પર જ. તળપદી ભાષામાં કહીએ તો 'સ્ત્રી એટલે માટીની કુલડી... અને પુરુષ એટલે પિત્તળનો લોટો...'
- સ્ત્રીના શરીરને શરમજનક વસ્તુ અને પુરુષની મિલકત ગણી તેને હંમેશાં ઢાંકેલું રાખવું અથવા તેને વસ્તુ કે ઉપભોગનું સાધન ગણી તેના પ્રદર્શન કરી નફો કમાવવો.
- સ્ત્રીએ કોની સાથે કેટલું હસવું, બોલવું, કોની સાથે કેટલો સંબંધ રાખવો, કેવા કપડાં પહેરવાં તેની પર અંકુશ. તેના હરવા-ફરવા કે બહાર નીકળવા પર અંકુશ. ક્યાં જવું, ક્યાં ન જવું, રાત્રે કે અમુક સમયે બહાર ન નીકળવું વગેરે નિયમો.
- તેણે લગ્ન કરવા કે નહીં ક્યારે કરવા કોની સાથે કરવા તેની પર અંકુશ. અને લગ્ન પછી જાતીય સંબંધોમાં પુરુષની ઈચ્છાનું સંપૂર્ણ પ્રભુત્વ. તેમાં સ્ત્રીની મરજી ના-મરજીનો કોઈ સવાલ જ નહીં. પુરુષ પોતાની પત્નીની ઈચ્છા વિરુદ્ધ તેની પર બળજબરી કરે તો તેને કાયદો પણ બળાત્કાર ન ગણે.
- સ્ત્રી પર છેડતી, બળાત્કાર કરવામાં આવે ત્યારે બળાત્કાર કરનારને નહીં પણ તેનો શિકાર બનેલ સ્ત્રી સાથે તે ગુનેગાર હોય તેવું વર્તન કરવામાં આવે.
- જો કોઈ કુટુંબ, સમુદાય કે દેશના પુરુષોને શરમજનક સ્થિતિમાં મુકવા હોય તો તેમના કુટુંબ, સમુદાય કે દેશની સ્ત્રીઓ પર બળાત્કાર કરવામાં આવે.

**પ્રજનન શક્તિ પરના અંકુશ**

પ્રજનન શક્તિ પરના અંકુશ નીચેના સ્વરૂપે જોવા મળે છે. જેમ કે,

- માતૃત્વના, માના પ્રેમના ખૂબ ગુણગાન ગવાય પણ કોઈ સ્ત્રી કુંવારી માતા બને અથવા વારંવાર પુત્રીઓની માતા બને ત્યારે તેને હડધૂત કરવામાં આવે.
- બાળકને જન્મ આપવાની, ઉછેરવાની જવાબદારી માતાની પરંતુ બાળકનો કુદરતી વાલી તો પિતા જ ગણાય. બાળક પાછળ માતાનું નહીં પિતાનું નામ લખાય અને તેનો જ અધિકાર કહેવાય.
- બાળકને જન્મ આપવો કે નહીં, ગર્ભનિરોધકો વાપરવા કે નહીં, કેવા પ્રકારના ગર્ભનિરોધકો વાપરવા, ક્યારે સગર્ભ થવું, કઈ જાતિના બાળકને જન્મ આપવો વગેરે પર અંકુશ.

કુટુંબના અંકુશ ઉપરાંત સ્ત્રીની પ્રજોત્પાદકતા ઉપર વસ્તી નીતિ દ્વારા રાજ્યનો પણ અંકુશ. તેમાં વસ્તી નીતિમાં સ્ત્રીની કે કુટુંબની જરૂરિયાતને નહીં પરંતુ રાજ્યની જરૂરિયાતને મહત્ત્વ આપવામાં આવે.

- જે દેશમાં ઓછી વસ્તી હોય ત્યાં સ્ત્રીને વધુ ને વધુ બાળકો પેદા કરવા દબાણ કરવામાં આવે અને ભારત જેવા દેશમાં ઓછાં બાળકો પેદા કરવા દબાણ કરવામાં આવે.
- મોટે ભાગે સ્ત્રીઓ માટે જ હોય તેવાં કુટુંબ નિયોજનનાં સાધનોનાં સંશોધનો કરવામાં આવે.
- સરકાર તેમ જ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની સાંઠગાંઠથી ભારતની ગરીબ સ્ત્રીઓ પર ભાતભાતના હાનિકારક ગર્ભ નિરોધકોના પ્રયોગ કરવામાં આવે.

આમ, સ્ત્રીઓની શ્રમ શક્તિ, જાતીયતા અને પ્રજોત્પાદકતા પરના અંકુશને કારણે કુટુંબ તેમ જ સમાજમાં સ્ત્રીનો દરજ્જો નીચો રહે છે. કુદરતી સંસાધનો, માનવ સર્જિત મૂડી કે મિલકતો અને ખુદ પોતાના શરીર કે જિંદગી પર અને પોતાની વ્યક્તિ કે નાગરિક તરીકેની ઓળખ પર પણ સ્ત્રીનો અંકુશ રહેતો નથી. એટલે જ સ્ત્રીનો વૈવાહિક દરજ્જો દર્શાવવો જરૂરી બની જાય છે. તેનો દરજ્જો તેના પુરુષ સાથેના સંબંધને આધારે નક્કી થાય છે. તે પરણેલી છે કે કુંવારી, સૌભાગ્યવતી છે કે વિધવા કુટુંબ સાથે રહે છે કે એકલી વગેરે મુદ્દાઓ સમાજમાં તો મહત્ત્વના ગણાય જ છે પરંતુ સાથે સાથે બંધારણે ઘડેલા કાયદાઓમાં પણ મહત્ત્વની બની જાય છે. અને તેના કાયદેસરના અધિકારો પણ તેના પુરુષ સાથેના સંબંધને આધારે નક્કી થાય છે. કેટલાય કાયદાઓમાં સ્ત્રીને નાગરિક તરીકે નહીં પરંતુ પત્ની તરીકે એટલે કે પુરુષની મિલ્કત તરીકે જોવામાં આવી છે.

એ જોઈ શકાય છે કે આ અંકુશો અન્યાયી છે અને કોઈ પણ વ્યક્તિ તેનો વિના વિરોધે સ્વીકાર કરી શકે નહીં. સ્ત્રીઓ પણ વખતોવખત તેમાંથી નીકળવાના પ્રયત્નો કરે છે તેમને આ અંકુશોની લક્ષ્મણરેખામાં કાયમ રાખવા માટે તેમના પર હિંસા આચરવામાં આવે છે. અને સ્ત્રીઓને મર્યાદામાં રાખવા માટે બધી જ સ્ત્રીઓ પર હિંસા આચરવાની જરૂર પડતી નથી. કેટલીક સ્ત્રીઓ પર હિંસા થાય એટલે બધી જ સ્ત્રીઓને સંદેશો મળી જાય છે કે તેમણે પુરુષ પ્રધાન સમાજે બાંધેલી લક્ષ્મણ રેખા ઓળંગવી નહિ. ઉપરાંત, તેને કાયમ રાખવા માટેની વિચારધારા તરીકે ધર્મ, રીત-રિવાજો, રૂઢિઓ અને જાતજાતના વ્રત-ઉપવાસો અને કાયદાઓનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

આ વિચારધારાનો શિકાર કેટલીક સ્ત્રીઓ પણ બને છે અને પુરુષના આધિપત્યની રખેવાળ તરીકે કામ કરે છે. દા.ત. કુટુંબની અંદર વહુ પરની હિંસા આચરવામાં કુટુંબના પુરુષો ઉપરાંત ઘણી વાર સ્ત્રીઓ પણ સામેલ થાય છે. આ વાતને ઘણા લોકો, સ્ત્રી જ સ્ત્રી પર હિંસા આચરે છે અથવા સ્ત્રીની દુશ્મન સ્ત્રી જ છે એમ કહે છે. પણ હકીકતમાં અહીં સાસુ કે નણંદ એક સ્ત્રી તરીકે નહીં પરંતુ કુટુંબના પુરુષો સાથેના તેમના સંબંધને કારણે હિંસા આચરી શકે છે. જે સાસુ વહુ પર હિંસા કરે તે જમાઈ પર કરી શકતી નથી કારણ કે ત્યાં તેનું સ્થાન પુત્રીની માતાનું છે. દહેજની માંગણી કરવામાં તે માટે વહુને મહેણાં-ટોણાં મારવામાં સાસુ કે નણંદ આગળ પડતો ભાગ ભજવે છે અને દહેજમાં મળેલાં કપડાં-દાગીનાથી સગાં સંબંધીઓમાં પોતાનો વટ બતાવે છે પણ દાગીના, રોકડ રકમ કે કીમતી વસ્તુઓ પર તેમનો સાચો અધિકાર નથી. તેને વેચવા કે કઈ રીતે વાપરવાનો તેનો અંતિમ નિર્ણય કુટુંબના પુરુષો પાસે જ રહે છે. જે રીતે કુટુંબના બધા જ મહત્ત્વના નિર્ણયો પુરુષો લે છે અથવા તેમની મરજી પ્રમાણે લેવામાં આવે છે તે જ રીતે સાસુ કે નણંદ વહુ સાથે જે વર્તન કરે છે તેમાં કુટુંબના મુખ્ય પુરુષોની સહમતી હોય છે અથવા તો તેમની જ ઈચ્છા સ્ત્રીઓ દ્વારા તેઓ વ્યક્ત કરાવે છે. સસરા પૂત્રવધુ સાથે સીધી વાત કરતા નથી તેથી સાસુ દ્વારા પોતાને જે કહેવું હોય તે કહેવડાવે છે માટે જ પૂત્રવધુ સાથે થતા ખરાબ વર્તનનો તેઓ વિરોધ કરતા નથી. ચૂપ રહે છે અથવા ઘણી વાર સાથ પણ આપે છે. આમ, અહીં સ્ત્રીની ભૂમિકા કારખાનાના સુપરવાઈઝર જેવી હોય છે.

કામદારોને ધમકાવવાનું, અંકુશમાં રાખવાનું કામ સુપરવાઈઝર કરે છે અને તે માટે માલિકની શાબાશી થોડો વધુ પગાર અને સત્તા મેળવે છે પણ નફો તો માલિકને જ મળે છે. સુપરવાઈઝર પણ આખરે તો સામાન્ય કામદાર કરતાં થોડી વધુ સત્તા ધરાવનાર કામદાર જ છે અને છતાં તે કામદારોના ભોગે માલિકનું હિત જાળવવાનું કામ કરે છે. કાઈક અંશે આવી જ ભૂમિકા કુટુંબમાં સાસુ - નણંદ ભજવે છે. વહુ પર અંકુશ રાખવા બદલ તેઓને કુટુંબમાં તાત્કાલિક થોડી વધારે સત્તા મળે છે પરંતુ તેનાથી અંતે તો પુરુષ આધિપત્ય વાળી, પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાનું માળખું જ વધુ મજબૂત બને છે અને તેની અસર તમામ સ્ત્રીઓ પર થાય છે.

# વધુ વાચન માટેનાં પુસ્તકોની યાદી


૧. છોકરો એટલે શું? છોકરી એટલે શું? લે. કમલા ભસીન, પ્ર., ઓળખ, વડોદરા.

૨. પિતૃસત્તા એટલે શું? લે. કમલા ભસીન, પ્ર., ઓળખ, વડોદરા.

૩. અન્ડરસ્ટેન્ડિંગ જેન્ડર, કમલા ભસીન, વીમેન અનલીમીટેડ, ન્યુ દીલ્હી.

૪. ભારતીય મહિલા આંદોલનઃ કલ આજ ઔર કલ, લે. દીપ્તિ પ્રિયા મહરોત્રા, પ્ર. સંપૂર્ણા ટ્રસ્ટ, ન્યુ દીલ્હી.

૫. જહાં સ્ત્રીઓં કી પૂજા હોતી હૈ, વહાં દેવતાઓં કા વાસ હોતા હૈ - હિન્દુ સ્ત્રીકી કપોલકલ્પિત પુરખિન, કુમકુમ રાય કા લેખ, સાધના આર્ય, નિવેદીતા મેનન, જીની લોકનીતા સંપાદિત પુસ્તક, "નારીવાદી રાજનીતિ સંઘર્ષ એવમ્ મુદ્દે", પ્ર. દિલ્હી વિશ્વ વિદ્યાલય.

૬. 'અલ્ટેકેરિયન અવધારણા કે પરે પ્રારંભિક ભારતીય ઇતિહાસ મેં જેન્ડર સંબંધો કી નઈ સમજ', ઉમા ચક્રવર્તી કા લેખ, સાધના આર્ય, નિવેદિતા મેનન, જીની લોકનીતા સંપાદિતા પુસ્તક, "નારીવાદી રાજનીતિ સંઘર્ષ એવમ્ મુદ્દે", પ્ર. દિલ્હી વિશ્વ વિદ્યાલય.

૭. હમ સબલા, વિશેષ અંકઃ ઔરતોંકી અભિવ્યક્તિ વિદ્રોહી પડાવ, એપ્રિલ-સિતંબર-૨૦૦૭.

૮. વીમેન ઈન અર્લી ઈન્ડિયા, ઉમા ચક્રવર્તી.

૯. ભારતીય સમાજમાં સ્ત્રી જીવન, નારા દેસાઈ, પ્ર. આર. આર. શેઠની કું.

૧૦. વીમેન ઈન મુસ્લીમ હિસ્ટરી, ફાતિમા મર્નીસી, સીમોર્હ, વીમેન્સ રીસોર્સ એન્ડ પબ્લિસિંગ સેન્ટર.

૧૧. ધ રાઈટ ઓફ વીમેન ઈન ઈસ્લામ, અસગર અલી એન્જીનિયર, સ્ટર્લીંગ પબ્લિસર પ્રા. લિ.

૧૨. વીમેન રાઈટીંગ ઈન ઈન્ડિયા, સુઝી થરુ એન્ડ કે. લલીથા, (એડી.) વોલ્યુમ-૧ સેક્સન ઓન એન્સીયન્ટ એન્ડ મિડિયેવલ પિરીયડ, ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ, નવી દિલ્લી.

**સહિયર (સ્ત્રી સંગઠન)** ૧૯૮૪થી સ્વાયત્ત સ્ત્રી સંગઠન તરીકે કાર્યરત છે. સહિયરનું ધ્યેય એક એવા સમાજની રચના કરવાનું છે કે જેમાં 'કોઈ પ્રકારના શોષણ, દમન, અન્યાય કે અત્યાચારને સ્થાન ન હોય. તેમાં નારીને માનવી તરીકેનો સમાન દરજ્જો મળે.'

'નારીમુક્તિ વગર માનવમુક્તિ શક્ય નથી અને માનવમુક્તિ વગર નારીમુક્તિ અશક્ય છે' એવી સમજ સાથે સ્ત્રીઓના અધિકારો અને માનવ અધિકારો માટેના સંઘર્ષને આગળ લઈ જવા વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

- જાગૃતિ કાર્યક્રમો જેવા કે શેરી નાટકો, જાગૃતિ ગીતો અને ગરબા, શિબિરો, નિબંધ લેખન, જાહેર દેખાવો વગેરે દ્વારા સમાજના બહોળા સમુદાયનો સ્ત્રીઓ પ્રત્યેનો પુરુષ પ્રધાન દૃષ્ટિકોણ બદલવા પ્રયત્ન કરે છે તો પ્રશ્નોના મૂળને સમજીને એ સમજને સમાજ સુધી લઈ જવા સંશોધન, પ્રકાશન, પુસ્તકાલય જેવી પ્રવૃત્તિઓ કરે છે.
- સ્ત્રીઓ પરની હિંસા અને સ્ત્રીઓને સ્પર્શતા અન્ય કાયદાઓમાં સુધારા લાવવા તથા મોજૂદ કાયદાઓનો અમલ કરાવવાની ઝુંબેશ ચાલે છે.
- કોમવાદ, જ્ઞાતિવાદ અને સીમાન્ત સમૂહોના માનવ અધિકારના ભંગના બનાવોમાં માનવ અધિકાર સંગઠનો સાથે મળીને કામ કરે છે.
- કુટુંબ, સમાજ તેમ જ કામના સ્થળે, હિંસા, અન્યાયનો સામનો કરતી સ્ત્રીઓના પડખે ઊભા રહી તેમને કાઉન્સેલિંગ, કાનૂની સલાહ અને સંવેદનાત્મક ટેકો પૂરો પાડે છે.
- કિશોરીઓના વ્યક્તિત્વ વિકાસ તેમ જ કારકિર્દીના ઘડતરમાં સહાયરૂપ થાય છે.
- ઝૂંપડાવાસી, શ્રમજીવી તેમ જ નીચલા મધ્યમ વર્ગની બહેનોના મંડળ બનાવી બચત, જાગૃતિ તેમ જ રોજબરોજના પ્રશ્નો ઉકેલવા સંગઠિત કરે છે.
- સંવેદનશીલ વિસ્તારોમાં તમામ સમુદાયની સક્રિય બહેનોને ન્યાય, શાંતિ અને કોમી એકતા માટેના આગેવાન બનવાની તાલીમ આપે છે.
- સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો, સરકારી અધિકારીઓ, પોલિસ તંત્ર, શિક્ષકો, વકીલો, ટ્રેડ યુનિયનના કાર્યકરો તેમ જ અન્ય લોકસંગઠનના કાર્યકરોને સ્ત્રીઓના સવાલોથી પરિચિત કરવા અને તેમનામાં સ્ત્રીઅભિમુખ સંવેદનશીલતા કેળવવા માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે છે. અન્ય સંસ્થા દ્વારા યોજાતી તાલીમોમાં રિસોર્સ પર્સન તરીકે કામગીરી બજાવે છે.

**ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન** એક સ્વૈચ્છિક બિન-નફાકારક સંગઠન છે. ૧૯૯૦માં તેની નોંધણી સોસાયટીઝ રજિસ્ટ્રેશન ઍક્ટ-૧૮૬૦ હેઠળ કરવામાં આવી હતી. તેનો મુખ્ય હેતુ સામાજિક સમાવેશ અને લોકશાહી શાસનને પ્રોત્સાહન આપવાનો છે કે જેથી આપણા સમાજના વંચિત વર્ગો મુખ્ય પ્રવાહના વિકાસ અને નિર્ણય પ્રક્રિયામાં અસરકારક રીતે ભાગીદાર થવા સક્ષમ બને.

ઉન્નતિ પશ્ચિમ ભારતમાં લોકમંડળો, બિન-સરકારી સંગઠનો, સ્થાનિક શાસનમાં ચૂંટાયેલાં પ્રતિનિધિઓ અને સરકાર સાથે કામ કરનારું એક મુદ્દા આધારિત વ્યૂહાત્મક શૈક્ષણિક ટેકો આપનારું સંગઠન છે. સહયોગી સંશોધન, જાહેર શિક્ષણ, હિમાયત, પ્રત્યક્ષ ક્ષેત્ર સ્તરીય એકત્રીકરણ અને વિવિધ હિતધારકો સાથે અમલ એ અમારા કાર્યનાં ચાવીરૂપ સાધનો છે. નાગરિકોના પાયાના અધિકારોનું જતન થાય તે પ્રકારનું નીતિવિષયક પર્યાવરણ સર્જાય ત્યાંથી માંડીને સ્થાનિક સ્તરે તે ઊભું થાય ત્યાં સુધીની અમારી દરમ્યાનગીરીઓ હોય છે. એમાં અમારાં સહભાગી સંગઠનોની તાકાત અને અસહાય લોકોની લડતોમાંથી અમે પ્રેરણા પ્રાપ્ત કરીએ છીએ. વર્તમાનમાં તમામ પ્રવૃત્તિઓ નીચે મુજબના કાર્યક્રમોની આસપાસ ગઠિત થાય છે:

૧. સામાજિક સમાવેશ અને સક્ષમતા
૨. નાગરિક નેતૃત્વ અને શાસન
૩. આપત્તિમાં જોખમના ઘટાડાના સામાજિક નિર્ણાયકો

*અમારા ક્ષેત્રીય અનુભવોમાંથી જે પદાર્થપાઠ પ્રાપ્ત થાય છે તે એકત્રિત કરીને જ્ઞાન સંસાધન કેન્દ્ર દ્વારા વ્યાપકપણે લોકોને ઉપલબ્ધ બનાવવા મુદ્રિત અને વીજાણુ સ્વરૂપે અમે પ્રસારિત કરીએ છીએ. અમે સામુદાયિક નેતાઓ અને ખાસ કરીને દલિતો તથા મહિલાઓ માટે એક અકાદમીનું નિર્માણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે જેથી તેઓ સ્થાનિક પ્રશ્નોનો અસરકારક રીતે સામનો કરી શકે.*

# નારી આંદોલનનો ઇતિહાસ

ભાગ:૧
સ્ત્રી જીવન સંઘર્ષ: પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ

ભાગ:૨
સ્ત્રી સમાનતા અને મતાધિકાર: વિશ્વમાં નારી આંદોલન

ભાગ:૩
સામાજિક સુધારણા અને સ્વતંત્રતાની ચળવળમાં સ્ત્રીઓ

ભાગ:૪
નારી મુક્તિ આંદોલન: પ્રશ્નો અને પડકારો

उन्नति
ઉન્નતિ
**વિકાસ શિક્ષણ સંગઠન**
જી-૧/૨૦૦, આઝાદ સોસાયટી,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન: ૦૭૯-૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬
ઈ-મેલ: sie@unnati.org
વેબસાઈટ: www.unnati.org

sahiyar
**સહિયર (સ્ત્રી સંગઠન)**
જી-૩, શિવાંજલિ ફ્લેટ્સ,
જાધવ અમીશ્રદ્ધા સોસાયટી પાસે,
નવજીવન, આજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯.
ફોન: ૦૨૬૫-૨૫૧૩૪૮૨,
ઈ-મેલ: sahiyar@gmail.com